૨૭૧૨

# છુપી પોલીસ ખાતાના ભેદ ભરમો.

ઇંગ્લંડના લોકોની કેટલીક રીતભાત તેમજ
તેમની વચ્ચે ચાલતા કાવાદાવા અને તે
પકડવાને વપરાતી ચાલાકી
દેખાડનારી

**ખરા બનેલા બનાવો ઉપરથી**
**રચાયલી**
**આઠ વારતા.**

તે દેશની છુપી પોલીસ ખાતાંના
સરદારે પોતાના જાતી અનુભવ
જાહેર કરેલી તેનો
**ગુજરાતી ભાષામાં આ**

**મુંબઈ**
મુંબઈ સમાચાર છા.
માણેકજી બરજોરજી મીનો
છાપ્યું છે.

સને ૧૮૮૬.

# છુપી પોલીસ ખાતાંના ભેદ ભરમો.

ઇંગલંડના લોકોની કેટલીક રીતભાત તેમજ
તેમની વચે ચાલતા કાવાદાવા અને તે
પકડવાને વપરાતી ચાલાકી
દેખાડનારી

**ખરા બનેલા બનાવો ઉપરથી**
**રચાયલી**

**આઠ વારતા.**

તે દેશની છુપી પોલીસ ખાતાંના એક અમ-
લદારે પોતાના જાતી અનુભવથી રચી
જાહેર કરેલી તેનો

**ગુજરાતી ભાષામાં આપેલો સાર.**

**મુંબઈ**

**મુંબઈ સમાચાર છાપખાનામાં**
માણેકજી બરજોરજી મીનોચેહેર હોમજીનાએ
છાપ્યું છે.

સને ૧૮૮૬.

# ખુલાસો.

દેશીઓમાં વારતા વાંચવાનો શોક બહુ છે, અને તે પુરો પાડવાને તરેહવાર વારતાઓ તેમની આગલ મેલાતી જાય છે; પણ આ ચોપડીમાં સમાવેલી વારતા, અત્રે તેની જાતમાં ઘણું કરી નવીજ જોવામાં આવશે. તે કલપીત નહી પણ ખરી બને લીછે; અને તેમાં પ્રીતી વગેરેના જુસાઊસકેરનારા બનાવો નહી, પણ દુનયાદારીનો પાકટ અનુભવ આપનારા બનાવો વરણવેલા છે. તે બનાવો ઈંગલંડ દેશને લગતા છે, જ્યાંનાં લોકોની કેટલીક રીતભાત તેમજ તેમની વચ્ચે ચાલતા કાવાદાવા અને તે પકડવાને વપરાતી ચાલાકીની સમજ આમાંથી સારી મલે છે. "ડીટેકટીવ," એટલે પોલીસ ખાતાંના સંબંધમાં, છુપી ખબર કહાડવાને તથા જુદા જુદા પોશાકમાં ફરીને ગુનેહગારો તથા ગુનાહો પકડવાને જે એક જુદો ભાગ પાડવામાં આવે છે, તે ભાગના એક અમલદારે આ વારતાઓ આપી છે, અને તે આપતાં તેણે પોતાની તરફથી હકીકત જણાવતો હોય તેમ તે લખી છે. આ

ચોપડીમાં પણ તેનાજ શબ્દોમાં તે આપવામાં આવી છે. તેણે જો કે તે ખરા બનેલા બનાવો ઊપરથી આપી છે, પણ તેમાં ખરાં નામ નીશાન ન જણાવતાં જુદાંજ નામ અને નીશાન જણાવયાં છે. તોપણ એમાથી જે ચીત્ર મલશે, તે ખરા બનાવોને લગભગ મલતુંજ સમજવું. સઘલી મલી એ વારતાઓ આઠ છે, અને તે વીદયા મીત્ર ચોપાનીયાંમાંના જાનેવારી ૧૮૮૪ થી જાનેવારી ૧૮૮૫ સુધીના અંકોમાં પ્રથમ છાપી હતી. તેમાં તે આપવામાં, જેમ દેશીઓનો વારતાનો શોક પુરો પાડવાની નેમ રાખવામાં આવી હતી, તેમજ એકને એક જાતની અને કલપીત વારતાઓને બદલે ખરા બનાવોની અને નવીન પ્રકારની વારતાઓ તરફ તેમનું વલણ કરવાની મતલબ પણ રાખવામાં આવી હતી. ધારવા પ્રમાણે વાંચનારાઓમાં તે પસંદ પડતી થઇ પડયાથી, તેમજ તેને ચોપડીના આકારમાં છાપી જાલવી રાખવા તથા વધારે ફેલાવવાની ઇછા ઘણીક તરફથી જાહેર થયાથી, તેમને આ રીતે નવસેરથી પ્રજા હજુર મેલી છે.

મુંબઇ સમાચાર આફીસ,

ફેબરવારી ૧૮૮૬.

[redacted] ૨૭૪૨

# છુપી પોલીસખાતાંના ભેદભરમો.

## વારતા ૧લી.

### લગ્નનું કારજ કરનારાં એક ખાતાંનું ભોપાળું.

ઈંગલંડ મધે કેન્ટનાં પ્રગણાંના રેહનાર વીલીયમ્સ નામે એક જવાન ખેડુતે એક દીવસે મારી આગલ આવીને પોતાની નાહસી ગયલી ધણીયાણીનો પતો મેલવી આપવાની ફરમાસ કીધી. તેણે પોતાનો જે હેવાલ મારો આગલ જણાવ્યો તેપરથી મને માલમ પડયું કે, નાહસી ગયલી મીસીસ વીલીયમ્સ જોડે મારા ઘરાક મી૦ વીલીયમ્સનાં લગ્ન ત્રણ વરસનો વાતપર થયાં હતાં. તોપણ એટલા અરસામાં તે બાપડાએ પરણેલી જીંદગીનું સુખ એક મહીના કરતાં વધારે મુદત ભોગવ્યું ન હતું, અને તેટલાં થોડાં સુખ માટે મેહનત અને પઇસાનો જે ભોગ તેને આપવો પડયો તે અતી ઘણો હતો. ધરમગુરૂએ કદી નહી તુટે એવા

લગ્નના ગાંઠથી તેમને જોડાયલાં જણાવ્યા પછી દશ દીવસમાંજ મી० વીલીયમ્સને માલમ પડયું કે તેની ધણીયાણીનો ફ્ટો, મીજાજ અને ઇતરાટ, એક એડુતની સ્ત્રી કરતાં કોઇ મોટે ઘેરનાં બાઇ સાહેબને વધારે માફક આવે તેવો હતો. મી० વીલીયમ્સના પોતાના કેહવા પ્રમાણે, જોકે તે માતબર નહી હતો, તોપણ ખોદાની મેહરથી પાચ પઇસે સુખી હતો; અને મધયમ હદમાં મોજશોખ ચાહનારી ધણીયાણીને તેણીની મરજી મુજબ લાડ લડાવવાને તે તઇયાર હતો, પણ તેનાં બાઇ સાહેબને કાંઈ એટલુ દરકારમા ન હતું. તેવણ તો કોઇ દોલતવાન ઉમરાવને ઘેર જતાં રસતો ભુલી જઇને આ ભોલા ગામડીયાની ઝુંપડીમાં આવી ચહડયાં હતાં.

પણ મી० વીલીયમ્સનાં દુખનું શેવટ એટલાંમાજ આવી રહયું નહી. તેને માલમ પડયું કે, પાદરીએ તેને તેની ધણીયાણી સાથે નહી, પણ તેણીના માંગતાં લેણાં સાથે પરણાવ્યો હતો. પરણવા પછી થોડેજ દીવસે મીસીસ વીલીયમ્સના કરજદારો તરફથી વકીલની મારફતે એકેક પછી એકેક નોટીસ અને સમનસ આવવા લાગા. એક સ્ત્રીએ કુમારી હાલતમાં કરેલાં કરજ માટે, તેણી પરણવા પછી તેણીનો ભરથાર જવાબદાર થાય છે તે વાત

મી૦ વીલીયમ્સને સ્વપનામાંબી ખબર ન હતી. પણ દીવાની કાયદાની આ કલમ, પોતાની ધણીયાણીની મેહરબાનીથી તે શીખ્યો. જે નોટીસો અને સમનસો તેનાપર આવ્યાં, તેઓમાં સરવેથી વધારે ધમકી ભરેલી નોટીસ, "ધરમ ખાતે નાણાં ધીરનારી મંડલી," એવે નામની એક મંડલી તરફની હતી. કોઇ ધુતારા શખ્સે લોકોને ઠગવાના ઇરાદાથી આ ખાતું ઊભું કર્યું હતું; અને આખી મંડલી તેના એકલામાંજ સમાઈ હતી. ધરમ ખાતે નાણાં ધીરવાનું ઓઠું માત્ર ધારણ કરી, સાહુકારો કરતાં થોડેક ઓછે વ્યાજે તે નાણાં ધીરતો હતો.

વગર કારણે અને અચીંતી આવી પડેલી આ પીડામાંથી છુટવાને શું ઇલાજ લેવો તે વીશે વીલીયમ્સ વીચાર કરવા પડયો. પોતાની બઇરી સાથે એ બાબદ વીશે જરા મારામારી કરી, અને તેણીની ચાલાક જીભે જપોજપ બાહાર પાડેલી થોડીક ગાળોની શાન પામરી હોડીને પછી, અંતે લારડ મેયર પાસે સલાહ લેવાના ઇરાદાથી તે લંડન આવ્યો. પણ લારડ મેયર પાસે જવાનું કાંઇ સેહલ કામ નથી. સેંકડો અરજદારો અને પોલીસ અમલદારો પોતાના મારગમાં આડા ઊભેલા વીલીયમસે દીઠા. અણી એક પોલીસ અમલદારના પુછવાથી વીલીયમસે

પોતાનો હેવાલ તેને કહી સંભલાવ્યો. તેણે સઘલું સાંભલવા પછી સલાહ આપી કે, લારડ મેયર એ બાબદમાં કાંઇ કરી શકશે નહી, પણ કોઇ ચાલાક વકીલની સલાહ લેવાથી સઘલી ગુચવણનો નીકાલ આવી જશે.

આ નવી વાત સાંભલી આપણો ગુચવણમાં આવી પડેલો ભોલો ગામડીયો વધારે વીચારમાં પડયો. તેણે લગાર માથું ધવડયું, કેમકે પોતાની અકલના ઘોડાને આગલ ચાલતો કરવાને એવી એક ચીમકીની તેને જરૂર હતી. શેવટે પોલીસવાલાની સલાહ માથે ચહડાવી વકીલની મદદ લેવાને તે તઇયાર થયો.

વકીલની શોધમાં તેઓ બંને જણા લારડ મેયરની અદાલતમાં દાખલ થયા. એક ખીસા કાતરૂ ડામોજની એ વેલા તપાસ ચાલતી હતી, અને મી૦ લુઝટંગ (છુટી જીભનો) નામે વકીલ તોહમતદાર તરફથી મુકદમો ચલાવતો હતો. આ વકીલ સાહેબની ઊલટ પાલટ તપાસ કરવાની ઝડપ જોઇ, તથા બચાવ તરફથી તેવણે કરેલું ધરપસ્યું ભાષણ સાંભલી, બંને જણ દંગ થઇ ગયા. મી૦ લુઝટંગની કાબેલીયત અને છટા છતાં તેવણનો કુલ અપરાધી ઠરયો, તોબી વીલીયમસ તથા પેલા પોલીસ અમલદારની નજરમાં તેવણની ખુબી કોઇ રીતે ઓછી થઇ નહી.

તોહમતદાર અપરાધી ઠરયો અને મી૦ લુઅઠંગ બારમાંથો નીકલી પોતાની આફીસ તરફ ચાલ્યા, તેમની પુઠે આપણો હારમાર થયલો ગામડીયો બી દોડયો. તેવણુની આગલ પોતાની સઘલી હકીકત માંડીને તેણે કહી.

મી૦ લુઅઠંગે પોતાનાં આ નવાં કુલને જણાવયું કે, તેની સામેના સઘલા દાવાઓનાં નાણાં અદા કરવા શીવાયે, બીજો કશો ચારો તેને માટે રહયો નથી.

નાચાર થઈ ધીમે ધીમે પેલા સરવે દાવાદારોનું દેવું પતાવવાને, આ સલાહ પછો વીલયમ્સે કબુલ કીધું. માત્ર તેણે થોડોક વીલમ મેલવવાની ખાહેશ દેખાડી, અને મી૦ લુઅઠંગ બોલ્યો કે, તમારા સર્વે માંગનારાઓને હું પીછાણુંછું માટે તમોને મુદત મેલવી આપીશ.

એ રીતે મુદત મેલવી વીલીયમ્સ પોતાની ધણીયાણીના દરેક માંગનારનું લેણું અદા કરતો ગયો. વાંચનાર કંદાચ સમજશે કે, મોસીસ વીલીયમ્સે પોતાના ભરથારનો આ મેહરબાનો માટે ઊપકાર માન્યો હશે; પણ તેવું કશું બન્યું ન હતું. અલબતાં આ દરેક નહી ધારેલી પીડાનો નીકાલ લાવતાં વીલયમ્સ પોતાની સ્ત્રીને ઠપકો આપતો હતો, જે મુંગે મોહડે સાંભલવાને બદલે તેણી ઉલટી તેની ઉપર દમ

કરતી કે, "તેં પરણીને મને ફસાવી. હું તો સમજતી હતી કે, કોઇ માતબર જવાન સાથે મારાં લગ્ન થશે. તારા જેવા કમનસીબ કંગાલ સાથે પરણવાની મને વકી હતીજ નહી. પરણવાની થોડીજ વખત આગમજ મેં આ સઘલું કરજ કીધું હતું, અને હું પરણવાની હતી તે વાત જાણીનેજ મારા સઘલા કરજદારો મને નચીંતાઇથી ધીરતા હતા." આવી તાનાજાની કરીનેજ મીસીસ વીલીયમ્સ મુંગી રહેતી ન હતી, પણ પોતાનાં ભાષણો સમાપ્ત કરતી વેલા એકાદ ભારી વસ્તુ પોતાના ભરથાર તરફ ફેંકી પોતાનો સઘલો કરોધ ખાલી કરતી હતી.

આ સઘલી ખટપટ, ગલે ગાંઠ અને મોહડે ડુચો દેઇને વીલીયમ્સ ખમતો જતો, અને દરેક માંગનારનું લેણું અદા કરતો હતો. દરેકનાં નાણાં આપવા આગમજ મી૦ લુઝરંગની સલાહ તે લેયા કરતો હતો; અને તેવણ તેને તે કરજ અદા કરવા શીવાયે બીજી કશી સલાહ આપતા ન હતા, અને તે ઉપયોગી સલાહના બદલામાં જે થોડી ઘણી ફી વીલીયમ્સ તરફથી મલે તેપર તેવણ શુકરાના ગુજારતા. એક એ વાર વીલીયમ્સે તેમને પુછયું કે, પોતાની સ્ત્રીની કરજદાર હાલત તથા વહડકણા સ્વભાવનું કારણ જણાવી તેણીથી તલાક મેલવી શકાશે કે

નહી. મી૰ લુઝટંગે ના-નો જવાબ દેવાથી વીલીયમ્સે ઇંગ્રેજી કાયદાની એ એક મોટી ખામી જણાવી, તે વીશે થોડોક બલાપો કીધો. મી૰ લુઝટંગે તેને સલાહ આપી કે, "જો મીસીસ વીલીયમ્સથી તમો કંટાલ્યા હોય અને તેણી તમારેથી છુટી પડવાને રાજી હોય, તો બંને જણાં રાજી ખુશીથી જુદાં રહી શકશો; પણ તેણીનાં ભરણ પોશણનો નવો ખરચ તમારે માથે પડશે."

આ સલાહપર અમલ કરવાને વીલીયમ્સે સાફ ના પાડી. તે બોલ્યો કે, "એ બઇરી પાછલ આટલો બધો ખરચ કરવા પછી તેને મારા હાથમાંથી જવા દેઉં, એટલો મુરખ હું નથી."

એ રીતે વીલીયમ્સ પોતાની મોંઘી કીમતની ધણીયાણીને ઘેર રાખીને તેણીનું કરજ ભરતો ગયો. જે ટુંક પુંજી તેણે એકઠી કરી રાખી હતી, તે સઘલી ઘસડાઇ જવા છતાં, કેટલુંક કરજ તથા વકીલનો ખરચ બાકી રેહવાથી, આગલ કેમ કામ લેવું તે માટે પાછો મી૰ લુઝટંગ આગલ તે સલાહ લેવા આવ્યો.

મી૰ લુઝટંગે તેને નાદારી કોરટનો આશરો શોધવાની ભલામણ કીધી; અને જણાવ્યું કે, તેની સઘલી હાલત કોરટ આગલ રજુ કરવાથી કોરટ તેનાપર દયા કરી જરૂર તેને, નાદારી કાયદાનો લાભ આપશે.

આ વીચાર વીલીયમ્સને પસંદ પડયો નહી. નાદારી કાયદાના ગમે તેવા કાયદા હોય, તોબી વીલીયમ્સને ખબર હતી કે, એક ઉદાર કાયદા અને દયાલુ જડજની મેહરબાની-નો તેને લાભ મલે તે આગમજ, તેને પોતાનું ફુલદ્રુપ એતર તથા બીજી માલ મીલકત પોતા-ની ધણીયાણીના ભુખ્યા કરજદારોને હવાલે કરી દેવી પડશે.

શેવટે વીલીયમ્સે પોતાનાં એતરપર સાહડી સાતસો પાઊંડ યાને સુમારે સાહડા સાત હ-જાર રૂપયા ઉછીના કહડાવવાની મો૦ લુઝટંગને પરવાનગી આપી.

બાકી રહેલા સઘલા દાવા, માંગનારાઓ ના વકીલોનો ખરચ તથા મી૦ લુઝટંગની વા-રંવારની ફી વગેરે, એ ઊછીનાં કહડાવેલાં નાણાં માંથી અદા થયું, અને ઘણીજ નાની રકમ તે માંથી બાકી વધી. આખરે બધી પીડાનો અંત આવેલો માની તે ઘેર ગયો અને પોતાની ધણી યાણીને તે વીશેની ખબર લગાર ગુસ્સા ભરેલા શબદોમાં આપી. આથી વલી નવી મારામારી બંને વચ્ચે જાગી. મીસીસ વીલીયમ્સે પોતાના ભરથારને કંજુસ, ઠગારા, વગેરેના એલકાબોથી નવાજીને પછી ધમકી આપી કે, કંઇ નહી તો માત્ર તેને સજા કરવાના ઇરાદાથી તેણી નવૂ.

કરજ કરશે. વલી તેણીએ વધુ જણાવ્યું કે, હજી બીજા કેટલાક કરજદારો બાકી રહયા છે, તેઓને પણ તેણી ઊતાવલે ઉઘરાણી કરવાની ચેતવણી આપશે.

મીસીસ વીલીયમ્સની ઉપલી ધમકી કાંઇ ખોટી ન હતી. તેણીએ બીજે દીવસે ખરેખર કેટલાંક કાગજો લખીને પોસ્ટમાં નાખ્યાં, અને એક અઠવાડીયામાં પાંચ છ વકીલોની નોટીસો વીલયમ્સપર આવી લાગી.

વીલીયમ્સની સઘલી ધીરજનો હવે અંત આવ્યો. તેણે ઘરમાં મોટું રમખાણ મચાવી મેલ્યું. દેવાઇ એટલી ગાલો તેણે પોતાની સ્ત્રીને દીધી અને શેવટે તેણીનાં શરીર ઉપર તેણે હાથ ઊંચક્યો. પોતાના સઘલાં જોરથી તેણી તેની સામે થઇ; અને બંને વચે ખુબ જોરથી મારામારી ચાલી. મારામારીમાં મીસીસ વીલયમ્સનો છાતી આગલનો પોશાક ફાટી ગયો; અને તેમાં છુપાવેલાં એક કાગજનો છેડો વીલીયમ્સની નજરે પડયો.

આ છુપાં કાગજ વીશે વીલીયમ્સનાં મનમાં તરેહવાર શક ઊત્પન થયા. તે જોતાંજ તેનો ચેહેરો બદલાઇ ગયો. એક ખુનપર ચહડેલા માણસના જેવો તે વીકાલ દેખાવા લાગો. તેણે મીસીસ વીલીયમમ્સને ગરદનમાંથી પકડી

અને એક લાંબી છરી પોતાના ગજવામાંથી ખેંચી કાહાડી. કાંઇ ખુન કરવાના ઇરાદાથી તેણે એ છરી કાહાડી ન હતી; પણ તે વતે મીસીસ વીલીયમ્સનો પોશાક વધારે ફાડીને પેલું કાગજ તે બાહાર કાહાડવા ઇછતો હતો.

છરી જોતાંજ મીસીસ વીલીયમ્સ ગભરાઇ કે, તેણીનો ભરથાર તેણીને ખુન કરવા ઇછે છે, અને તે ખ્યાલથી તેણીનું સઘલું જહનુન નરમ પડી ગયું. એક બાલક મીસાલ નરમ બની જઇ તેણી ગુઠણપર પડી અને પોતાના ભરથાર પાસે દયા માંગવા લાગી.

વીલીયમ્સ પોતાની ધણીયાણીની ખોટી ધાસ્તી ચેતી ગયો; અને તેનો લાભ લઇ તેણે તેણી સામે છરી તાકી અને બુમ પાડી બોલયો, "મને પેલું કાગજ આપી દે!"

"મારી પાસે કશું કાગજ નથી! ઓહ! મારા ખોદા! અરે! માન, માન, એ કાગજ તારા કામનું નથી!" એમ મીસીસ વીલીયમ્સે કાલાવાલા કરી તેને ઊડાવા માંગયો.

વીલીયમ્સે પોતાની હઠ છોડી નહી, અને છરી તેણી સામે વધારે મજબુતીથી તાકીને પાછું કાગજ માંગ્યું. તેની ધણીયાણીએ પોતાને તદન નાચાર હાલતમાં દીઠી અને તેને તે કાગજ કાહડી લેવા દીધું.

તે કાગળમાં શું હતું? એક નવા પરણેલા ભરથારની લાગણીને સખતમાં સખત ઈજા કરે એવું તે કાગળ હતું. તે વાંચતાં વીલીયમ્સને જણાયું કે, તેની સાથે પરણવા આગમજ તેની સ્ત્રીને એક બાળક થયું હતું; અને તે બાળકને એક બોરડીંગ સ્કુલમાં તેણીએ મેલ્યું હતું, જે સ્કુલનો પગાર ચડી જવાથી તેનાં નાણાં તાકીદે મોકલવાની તેના માલેકે માંગણી કરી હતી.

મીસીસ વીલીયમ્સ તથા તેણીનાં કરજથી છુટો થવાને આ કાગળ એક અગત્યનું સાધણ થઈ પડશે, એમ માની વીલીયમ્સ લાગલોજ ગાડીમાં બેસી પોતાના વકીલ મી૦ લુઝટંગ પાસે લંડન આવ્યો.

પણ તેના નસીબમાં હજી નીરાશીજ હતી. વકીલે તે કાગળ વાંચવા પછી જણાવ્યું કે, કુંવારી હાલતમાં એક સ્ત્રીએ કરેલી નાદાની, પરણવા પછી તેણીને તલાક આપવા માટેનાં કારણ તરીકે ચાલી શકે નહી. વળી તેણે વીલીયમ્સને બીજી એક નાખુસ ખબર આપી કે, તે બાળકનું ભરણ પોશણ કરવાની ફરજબી તેનેજ માથે અને મીસીસ વીલીયમ્સનાં સઘળાં દેવાંની જવાબદારીબી તેનેજ માથે રહે છે.

મી૦ લુઝટંગ સાથની મુલાકાતનું શેવટ એટલુંજ આવ્યું કે, પોતાનાં ખેતરપર વળી

વધુ નાણું વ્યાજે કહડાવવાની પરવાનગી, વીલીયમ્સે પોતાના વકીલને આપી.

નહી ધારેલી પીડાઓ અને ખટપટથી વીલીયમ્સ એટલો તો કંટાલી ગયો કે, પોતાની સ્ત્રીને સખ્ત સજા કરવાનો તથા તેણીપર મજબુત આંક્રોશ રાખવાનો ઠેરાવ કરી તે ઘર તરફ આવ્યો. પણ અહીં તેને માટે બીજી નાસીપાસી તઇયારજ હતી.

ભરથારની ગેરહાજરીનો લાભ લેઈ મીસીસ વીલીયમ્સ કેથે નાહાસી ગયલી માલમ પડી. તપાશ કરતાં એટલું માલમ પડ્યું કે, તેણી લંડન તરફ નાઠી હતી. લખો માણસો વચ્ચે લંડનમાં તેણીનો પતો મેલવવો મુશકેલ થઇ પડયો; અને તેથી મી૦ વીલીયમ્સ મારી મદદ લેવા આવયો હતો.

મી૦ વીલીયમ્સે ઉપલી હકીકત મારી હજુર રજુ કીધી, તેમાં એક મુખ્ય ખબર આપવાના તેણે પેહલેથી અખાડા કીધેલા મેં જોયા. પોતાની ધણીયાણી સાથે તેને પેહલાં કેમ પીછાણ પડી, તે તેણે મને બોલકુલ જણાવ્યું ન હતું; અને તેથી તે માટેનો ખોલાસો હવે મેં તેની પાસે માંગ્યો.

"અલબતાં મારે એ બાબદ તમોને જણાવવી જોઇયે," તે બોલ્યો.

મેં કહ્યું "ખચીતજ."

"ઠીક છે; તયારે સાંભલો," એમ કહી તે પોતાના કારજની કાહાણી મારી હજુર કેહવા લાગો.

તે બોલ્યો, "એક દીવસે વર્તમાન પત્રમાં મેં એક લગ્નનું કારજ કરનારાં ખાતાં વીશે જાહેર ખબર વાંચી. એ ખાતાંનું કામકાજ કેવી રીતનું હતું તે જેઓ જાણવા ઇછતા હોય, તેઓએ તે ખાતાં વાલાઓ પર અરધો ક્રાઉન મોકલી તેમની મદેહનજર મંગાવી લેવી, એમ જાહેર ખબરમાં હતું. આ વાંચી મેં પોસ્તની મારફતે અરધા ક્રાઉનની કીમતની સ્ટાંપની ટીકીટો બીડીને તે મદેહનજર મંગાવી. તે વાંચતાં માલમ પડયું કે, જે કુંવારાં માણસો આ ખાતાંની મારફતથી પરણવા ઇછતાં હોય, તેઓએ એક ગીનીની કીમત આપી પોતાનું નામ તેમની આફીસમાં નોંધાવવું; અને પોતાનો એક ફોટોગ્રાફ પણ તેઓપર મોકલી આપવો. એ પ્રમાણે, મારા ફોટોગ્રાફ સાથે જોઇતાં નાણાં મોકલી આપી, લગ્નનું કારજ કરનારાં ખાતામાં મારૂં નામ મેં નોંધાવ્યું. થોડા વખતમાં મને એક અંજાણ્યા શખશ તરફથી એક કાગજ પોસ્ટમાં મલ્યું. તે શખસે પોતાને મજકુર ખાતાંના સેક્રેટરી

તરીકે ઓળખાવી, મને જણાવયું કે, બીજા પાંચ પાંઉંડની વધુ ફી આપવાથી, કેટલીક પરણુવા ઇચ્છતી સ્ત્રીઓના ફોટોગ્રાફો, એ ખાતાંની આફીસમાં જઇને હું જોઇ શકીશ. એ પ્રમાણે લંડનમાં એ ખાતાની આફીસમાં જઇને, પાંચ પાંઉંડની મોંઘી કીમતે, આશરે એકસો બાનુઓના ચેહરાના નમુના મેં જોયા; અને તેમાંથી એક પસંદ કીધો. મીસ ફ્રાનસીસ જોનસ નામે કન્યાનો એ ફોટોગ્રાફ હતો, એમ મને જણાવવામાં આવયું. વલી તેણીના દેખાવ વગેરેનું એક લખેલું વરણન, તે ખાતાંના લાગતા વલગતાઓએ વાંચી સંભલાવ્યું. તે ઉપરથી માલમ પડયું કે, મારી પસંદ કરેલી પ્રીયા ત્રેવીસ વરસની, ઉંચા કદની, પતલા બાંધાની અને ખુબસુરત દેખાવની હતી."

વીલીયમ્સે પોતાની ધણીયાણીથી કાંઇ સારી રકમનાં પલ્લાંની આશા રાખી હતી કે નહી, તે જાણવાની મને જરૂર હતી; પણ તેને તેવો સવાલ ખુલ્લા શબદોમાં નહી પુછતાં; ભરમમાં પુછયું, "તેણી વીશે બીજી કાંઈ વાત તમોએ પુછી નહી ?"

" તેણી આબરૂદાર દેખાવની તથા સારી કેલવણી પામેલી છે, એવી મને ખબર મલી હતી." જરાક અચકાતાં અચકાતાં વીલીયમ્સે મને આ જવાબ આપ્યો.

મેં મારો, સવાલ જરા વધારે ખોલા આ કારમાં મેલી પુછયું "તેણીના મીત્રો, કુટુંબ, તથા હાલત વીશે તમોને કશો ખોલાસો તમારા કારજ કરનારાઓએ જણાવ્યો નહી ?"

તે બોલ્યો, "નહી, તે બાબદની તજવીજ હું પોતેજ કરી લઇશ, એવો મારો વીચાર હતો તેથી તેવા સવાલો મેં પુછયા નહી."

મેં જોયું કે, વીલીયમ્સ મને ઉડાવવા માંગે છે; અને તેથી મેં તેને તે વીશે ખુલ્લો ઇશારો કરી જણાવયું કે, તમે પઇસાની આશા પોતાની થનાર ધણીયાણીથી રાખી હતી કે નહી, તે બાબદ જાણવાથી તમારૂં પોતાનું કામ બજાવી આપવામાં મને ઘણી સગવડ પડશે.

આવા ખુલા સવાલથી તે લગાર ગભરાટમાં પડયો; અને જરા રતી માથું ધવડીને આખરે ખરો જવાબ આપયો. તે બોલ્યો, "ખોદાની મેહરબાનીથી મારી પોતાની નાની સરખી સ્વતંત્ર મીલકત છે; અને તે સાથે મારી બઇરીબી થોડું ઘણું લાવે તો ઠીક થાય, એવો મારો વીચાર હતો. મારો મરનાર બાપ કેહતો હતો કે, ખુબસુરતી, પ્યાર, એ સઊ ઠીકછે; પણ તે વડે કંઈ માણસનું પેટ ભરાતું નથી. મરનારના તે સુખનો મને વાજબી લાગવાથી તે મુજબ વરતવાની મારી મરજી હતી."

આ ખરા જવાબથી મને સંતોષ થયો; અને હવે નચીંતાઇથી પોતાનો હેવાલ આગલ લંબાવવાને મેં તેને રજા આપી.

હવે ધીરજથી પોતાનો હેવાલ આગલ લંબાવતાં તે બોલ્યો, "મારૂં કારજ કરનારાઓ એ મને ખાતરી આપી કે, મારી થનાર ધણીયાણીનાં નામપર ચાર હજાર પાઊંડનું ટરસ્ટ થયલું હતું. અને તે પરણતાંવારજ તેણીના ભરથારને સવાધીન થાય એમ હતું. વલી તેઓએ મારી પાસે કબુલ કરાવ્યું કે, મને એ દોલત મલે, એટલે સેંકડે પાંચ ટકા જેટલું કમીશન, મારે આ કારજ કરનારાં ખાતાંને આપવું. તે લુચાઓએ પોતાનાં કમીશનની વાત એટલી તો આતુરતાથી જણાવી, કે તેઓ મને ખોટી આશા આપે છે, એવો શક તે વેલા મારા મનમાં બીલકુલ આવ્યો નહી. હવે મને માલમ પડે છે કે, મારા મનમાં કશો શક ઊપજે નહી, તેથી તે લુચાઓએ ખોટી આતુરતા દેખાડી હતી.

"મેં મારી ધણયાણીને લગતી સરવ હકીકત સાંભલી લેવા પછી, તે તરફ પસંદગી દેખાડી ત્યારે તેઓએ મને કહયું કે હવે તમો નચીંત થઈ ઘેર સીધારો; બાકીનું સરવ કામ હમો તમારી તરફથી તઈ

યાર કરશું. તેઓ બોલ્યા કે, મીસ જોનસ બહુજ શરમાલ સ્વભાવની છે, માટે તમારી સાથે મુલાકાત કરવાવા આગમજ તેણીને ઘણીજ સમજાવવી પડશે. હવે હું અરધ નચીંત હાલતમાં પાછો ઘર તરફ ફરયો.

"બે ત્રણ દીવસ પછી મારૂં કારજ કરનાર ખાતાંના સેકરેટરીએ એક કાગલ લખી મને અરજ કીધી કે, તેઓની આફીસમાં મારે એકવાર ફરીથી તસ્દી લેવી. તે મુજબ એક વાર ફરીથી તેમને મલવા હું ગયો. મારી દીલદારને આ વેલા મલવાની મને આશા હતી; પણ તે પાર પડી નહી. સેક્રેટરીએ જણાવ્યું કે, મીસ જોન્સ મારો ફોટોગરાફ જોઇને તેમજ મારે લગતી સરવ હકીકતો સાંભલીને સંતોષ પામી હતી. પણ હજી તેણી મને મલવા આગમજ, નકી વીચારપર આવવા માટે થોડા દીવસ થોભવા માંગતી હતી. એટલી ખબર આપી સેક્રેટરી બોલ્યો, 'અમો તો આવાં ધીરાં કામથી બહુ કંટાલી ગયા છઇયે, પણ શું કરયે? જવાન માણસોનાં ભલાંને ખાતર આ ખાતું અમોએ ઊભું કરયું છે, અને તે કામ અમારે બજાવવુંજ જોઇયે. પ્યારનું સુખ અને પરણેલી જીંદગીની મજાહ તેઓ ભોગવેછે; અને તેને લગતો કંટાલો તથા કડાકુટ અમારે ભાગે આ-

વેછે.' એવી ગંભીરાઈથી તે આ બોલો બોલ્યો, કે તે ગોયા કશા લાભ વીના માતર પરમાર્થ ખાતર પોતાનું કામ કરતો હોય, એમ મને લાગ્યું. પણ તે વીચાર મારા મનમાં જાઝો વાર ટક્યો નહી; કેમકે આ સર્વ ગંભીર દીખાવો કરવા પછી સેકરેટરીએ મારી પાસે બીજા દસ પાંઊંડ પોતાની વધુ મેહનતના બદલામાં માંગ્યા.

"આથી મને લગાર અજાયબી ઊપજી, મને જે દોલત મારી ધણીયાણીનાં પલ્લાં તરીકે મલે તેમાંથી સેંકડે પાંચ ટકાનું કમીશન આપવાની મારી આગલી કબુલાત મેં તેને યાદ દેવાડી, અને તે કમીશનમાં બીજા હડી ટકા સુધીનો વધારો કરવાની વટોક મરજી મેં જણાવી; પણ તેટલાંથી તે રાજી થયો નહી. તે બોલ્યો, 'પલ્લાંનાં નાણાંમાંથી જે કમીશન આપવાનું છે, તે માટે અમોએ તમારી સાથે કશું કાયદાસરનું લખત કીધું નથી. તે વાત તો અમે તદન તમારી ઇમાનદારી પરજ છોડી છે. તે મલે કે નહીબી મલે; પણ તેટલાં અમોને આગલ કામ ચલાવવા માટે રોકડાં નાણાં તો મલવાંજ જોઇયે.'

" છ પાઊંડ કરતાં વધારે રકમ ટુંક વખતમાં આપવા પછી, વલી બીજા દશ પાઊંડનો ખરચ કરવાનું મને બીલકુલ ગમ્યું નહી.

પણ મીસ જોન્સની ખુબસુરતી, કેલવણી, મીલકત, વગેરે વીશે આ તરકટીયા સેક્રેટરીએ ખુબ વખાણ કરવાથી, તેણીને નજરે નજર જોવાની મને બહુજ અધીરાઇ લાગી; અને તેથી મેં શેવટે દશ પાંઊંડ તેને આપ્યા.

"તે બનાવ પછી એક અઠવાઠીયાં સુધી મીસ જોન્સ વીશેની હકીકત કારજ કરનારાં ખાતાં તરફથી મને નહી મલવાથી, હું બહુજ અધીરો પડી ગયો; અને મેં તેઓ પર એક કાગજ લખ્યો. તેના જવાબમાં તેઓએ મને કાગજ લખી સલાહ આપી કે, એવી રીતે અધીરાઈ કરવાથી બધો તાલો બગડી જશે, માટે ધીરજ ધરવી. આ સલાહ માન્ય કરી, બીજુ એક અઠવાડયું મેં ચુપકીદીમાં પસાર કરી નાખ્યું, પણ તેટલાં સુધીમાં કસી જાણુવા જોગ ખબર નહી મલવાથી, વલી બીજો કાગજ લખ્યો. આનો કાંઇક આશા ભર્યો જવાબ મલ્યો; કેમકે, તેઓએ મને બે ત્રણ દીવસમાં તેમની આફીસમાં આગમજથી નકી વખત જણાવીને આવવાની ફરમાસ કીધી. પણ એ વેલાબી મને નીરાશજ થવું પડયું. ત્યાં જતાં, સેક્રેટરીએ મને એક સફાઇદાર અક્ષરે અને સભયતા ભરી ભાષામાં લખેલો કાગજ બતાવ્યો. તે કાગજમાં, મીસ જોન્સે એટલી ઊ-

તાવલથી અને બીજા માણસોની હાજરીમાં આવતાં પોતાને બહુજ શરમ લાગે છે એમ જણાવી, કાંઇ સગવડ ભરેલા વખત તથા જગા ઠરાવવાની વીનંતી કીધી હતી. મેં સેક્રેટરીને જણાવયું કે, જો મને તેણીની નીશાની આપવામાં આવે તો હું તેણીને ઘરે જઇને જાતે મલી આવીશ, અને સઘલી ખટપટ મટી જશે. પણ મારો એ વીચાર તેણે તદન હસી કાહડયો. પણ હવે તેણે મારા માર્ગમાં જાહુજી હરકતો નાખી નહી. બે ત્રણ દીવસમાં મીસ જોન્સ તરફથી એક ચીઠી તેણે મને મંગાવી આપી. તે ચીઠીમાં તેણીએ સેંટ જેમસીસ પાર્ક, અમારી મુલાકાતની જગા તરીકે ઠરાવ્યો હતો.

"મારી સર્વ અધીરાઇ અને આતુરતાનો હવે અંત આવ્યો. ઠરાવેલે વખતે અને જગ્યાએ મારી શરમાલ સુંદરીને હું જઇ મલ્યો. તેણીએ શરમાલપણાનો ઘણોજ દેખાવ કીધો, જે તે વેલા તો હું ખરો સમજયો. પેહલીજ નજરે હું તેણીપર મોહી પડયો. મારો પ્યાર મેં ખુલી રીતે તેણી આગલ જાહેર કીધો; અને ઊતાવલેથી લગ્નના ગાંઠથી જોડાવાની મેં તેણીને વીનંતી કીધી. તેણીએ મારી માંગણી બાહાલ રાખી; અને અમારી મુલાકાત પછી એકજ મહીનામાં અમારાં લગ્ન થયાં."

"અને તમારે માટે તઇયાર રાખેલો ફાંસો, તમારે ગલે બેસાડવામાં તમારા દુશમનોને તમે પોતેજ મદદ કીધી." મેં ટીકા કીધા.

"અચીત, મારાં કમનસીબે મને તેવું સુઝ પડયું," તે બોલ્યો. "મારાં લગ્ન બનતાં સુધી તદન ખાનગી રીતે કરવામાં આવ્યાં, અમારા કારજ કરનારાઓએ, લગ્નને લગતી કેટલીક ગોઠવણોબી પોતેજ કીધી; અને તે વેલા તેઓએ મારી પાસથી જરૂર કરતાં વધારે પઇસા કઢાડાવ્યા હતા. મારાં લગન કેવાં નીવડયાં, તે તો તમો આગલ જાણી ચુકા છો. છેલી મારામારી પછી મારી ધણીયાણીને મેં કેથે જોઈ નથી; અને તેણીનો પતો મેલવવામાં મને તમારી મદદની જરૂર છે."

મેં પુછયું, "પણ તમોએ તમારા વકીલ મી૰ લુઝટંગની સલાહ એ બાબદમાં કેમ નહી લીધી?"

વીલીયમ્સે મને ખોલાસો કીધો કે, મી૰ લુઝટંગનો ખરચ થોડા વખતમાંજ બહુ ભારી થઇ પડયો હતો, માટે હવે વકીલની સલાહપર થી મારો ભરૂસો ઊઠી ગયો છે. મેં તેને ચેતાવ્યો કે, મારો ખરચ તેના કરતાં વધારે થશે; તોબી તે મને પોતાનું કામ સોંપવાને રાજી થયો. તે બોલ્યો, "મને તમારી ઇમાનદા-

રીપર પુરતો ઇતબાર છે; એટલે તમે જે ખરચ માંગશો તે હું ખુશીથી આપીશ."

વીલીયમ્સ ગમે તેમ કરીને પોતાની ધણીયાણીને શોધી કાહાડવાને ખંતી હતો. તેણે મને વધુ ખોલાસો કીધો તે પરથી માલમ પડયું કે, પોતાની ધણીયાણીથી તલાક મેલવી, એક માતબર વીધવા સાથે પરણવાની તે ગોઠવણમાં હતો.

મીસીસ વીલીયમ્સ પોતાના ભરથારનો આશરો છોડી ગઈ; પણ તેણીએ તેના પઇસા પરથી હજી પોતાનો ડોલો ખસેડયો ન હતો, એમ વીલીયમ્સે દેખાડેલા એક કાગજપરથી મને માલમ પડયું. તે કાગજ એક વકીલની નોટીસનુ હતું, અને તેમાં મીસીસ વીલીયમસ ઘર છોડી જવા પછી ત્રણ માસ સુધી એક હોતલમાં રહી હતી, તે હોતલની માલેકે તેણીને રાખવા તથા ખવાડવા માટેનાં લવાજમના સાહાડ પાંઊડ માટે દાવો કીધો હતો.

એ દાવાના સંબંધમાં મદદ મેલવવાને, લંડનના એક આબરૂદાર સોલીસીટર આગલ અમો ગયા. મીસીસ વીલીયમસનો પતો મેલવવામાં મને સગવડ થાય એટલા માટે તે વકીલે તુરત વેલા કાંઇ બચાવ નહી બતાવતાં, નોટીસ મોકલનાર વકીલને અરજ કીધી કે, વાદી

એ તેની સાથે સખતાઇથી નહી વરતતાં થોડો વાર થોભવું. અલબતા આ અરજ બાહાલ નહી રેહશે, એમ અમો જાણતા હતા; પણ માત્ર મને તેટલાં જે વખત નીકલી જાય તેનો લાભ લેઇ મારી શોધો આગલ ચલાવવાને બની શકે તેથી એ અરજ કરવામાં આવી હતી.

વીલીયમ્સપર નોટીસ મોકલનાર વકીલ પ્લાઇમાઉથનો રેહવાશી હતો, માટે હું ત્યાં પેહલે ગયો; અને તે વકીલ કેવી કીસમનો માણસ હતો, તે વીશે સારી રીતે તલાશ કીધી. પછી મેં વીલીયમ્સના વકીલપર કાગજ લખી અરજ કીધી કે, કોઇબી રીતે વીલીયમ્સના નવા કરજદારનું નામ નીશાન મેલવવું. પ્લાઇમાઉથવાલા વકીલ સોડેથી આ નામ અમારો વકીલ સેહેલાઇથી મેલવી શકયો. વીલંબ માટેની અરજ નામંજુર કરી, તે વકીલના કુલે વીલીયમ્સપર એકદમ ફરયાદી માંડી હતી; અને તેથી પરતીવાદીના ધારાના હીમાયતી તરીકે અમારા વકીલે વાદીનું નામ નીશાન તેની પાસેથી તુરતજ મેલવ્યું. વાદી, ટેનમાઊથ ખાતેની એક હોટલવાલી હતી, એમ માલમ પડયું. આ ખબર મેલવતાંજ હું ટેનમાઊથ ખાતે દોડયો. જે મોહલામાં વાદીનું હોટેલ હતું, તે મોહલો હોટલોથી ભરેલો હતો; અને તેથી વાદીના હોટે

લની બરાબર સામેનાંજ એકમાં હું ઉતરયો. બીમારીને લીધે હવા ફેરફાર કરવાને ટેનમાઉથ ખાતે હું આવી રહયો હોઊં, તેવું ડોલ મેં ધારણ કીધું. વલી અહીંથી મેં લંડન તાર કરીને મારા એક મદદનીસ ડીટેકટીવને બોલાવ્યો. ત્યાં હોટલના જે ઓરડામાં હું ઊતરયો હતો, તેની એક બારી ઘણી સારી જગાએ આવેલી હતી. તેમાંથી મને આસપાસનો, તેમજ અકસર કરી સામે આવેલાં વાદીનાં હોટલનો સઘલો દેખાવ નજરે પડતો હતો. એ બારીએ બેસી, વાદીને તયાં બનતા બનાવો ઊપર હું બારીક નજર રાખતો હતો. મારાં એ કામમાં જાહુજી હરકત નહી થાય માટે, એક ખરેખરા સીક માણસને છાજતો ચીરડાઉ સ્વભાવ મેં ધારણ કીધો; અને તેથી મારાં હોટલના દરેક નોકરો મારેથી દુરજ રહયા. આખો દીવસ મારી કલ્પીત માંદગીનું જોર ઘણું હોવાથી ચીરડાયલો રેહવાનો દેખાવ કરી, રાતની વેલા જાણે દરદ નરમ પડવાથી લગાર ખુશ મીજાજી બન્યો હોઊં, એવો દેખાવ ધારણ કરતો હતો. વલી તે વેલા મારી હોટલવાલીને બોલાવીને તેણીને દારૂનાં એકાદ બે ગ્લાસ આપી ગામ ગપાટા વીશે પુછતો હતો. એ રીતે મને ઘણી ઊપયોગી થઇ પડે એવી ખબર તેણી પા-

સેથી મલી આવી. તેણીએ, વીલીયમ્સપર ફરયાદી માંડનાર પેલી હોટલવાલી, તથા તેણીને ત્યાં ઊતરેલાં મી૦ અને મીસીસ હાવર્ડ નામે ધણી ધણીયાણી વીશે ઘણો સખ્ત ફરયાદ કરવા માંડી. તેણી બોલી, "એઓ સરવે એક સરખાં લફંગા માણસો છે; મી૦ અને મીસીસ હાવર્ડ ખરેખરાં ધણી ધણીઆણી નથી એમ ઘણાં લોકોનું મત છે; મીસીસ હાવર્ડ ચાલનીખી પાધરી દીસતી નથી, મી૦ હાવર્ડ વેપારી હોવાનો દેખાવ કરેછે, પણ ખરેખર તો તે એક જુગારી છે, એવું લોકોનું મત છે; અને એઓ ત્રણે વીશે જે વાત બોલાય છે તે મને કોઈ રીતે ખોટી લાગતી નથી."

મને આ હેવાલપરથી લાગ્યું કે, મીસીસ હાવર્ડને નામે જણાયલી સ્ત્રી, કોઈજ નહી પણ નાહસી ગયલી મીસીસ વીલીયમ્સ હોવી જોઇયે, અને પેલી હોટલવાલી, તથા તેણીના વર તરીકે જણાયલો શખસ હાવર્ડ, એ બંને જણાં તેણીનાં મલતીયાં હશે.

મારી એ તરક ખરો પડી. વીલીયમ્સપર કાગજ લખી મેં તેની નાહઠેલી ધણીયાણીના સુંદર ચેહરાની શબી મંગાવી; અને તે શબી મીસીસ હાવરડને આબેહુબ મલતી આવી. હવે મેં હીંમતથી આગલ પગલાં ભરવા માંડયાં.

મારો મદદનીસ ડીટેકટીવ જે આ વેળા આવી પુગો હતો, તેને મેં છુપી રીતે ચેતાવીને મી૦ અને મીસીસ હાવરડવાલાં હોટલમાંજ ઊતારો કરવા કહ્યું. તે ત્યાં ઉતરે તે આગમજ મેં તેને મારી આગલ આવવા દીધો નહી, પણ કાગળથીજ તેને સઘલી ચેતવણી આપી. તે પછી જાણે અંચીતા મલયા હોય તેવી રીતે અમારા ઘર આગલના રસતામાં એકમેકને મલી ખબર અંતર પુછવા લાગ્યા; અને મેં તેને મારે ત્યાં રાતે જમવા તેડયો. જમતાં જમતાં અમોએ આવતા વખત માટેની કેટલીક ગોઠવણો કરી રાખી. મારો મદદનીસ સારા સ્વભાવનો જવાન હતો; અને તેથી પોતાનાં હોટલમાં સરવ સાથે, તેમાં અકસર કરી મી૦ અને મીસીસ હાવર્ડ સાથે મલી જતાં તેને વાર લાગો નહી. જરા લગાર ઓલખાણ થતાંજ, મી૦ હાવરડે તેને અને મને બંને ને પોતાને ત્યાં પાનાં રમવા તેડયા. તે નોતરૂં ઘણી ખુશીથી બાહાલ રાખીને હમો ગયા.

પાનાં રમતાં થયલી વાતચીત દરમયાન મીસીસ હાવરડ અથવા બરાબર બોલયે તો મીસીસ વીલીયમ્સે અમોને જણાવયું કે, તેણી મી૦ હાવરડ સાથે બીજીવાર પરણેલી હતી. તેણીએ અમોને પોતા માટે જે વીગતો

સમજાવા માંડી તે અમોએ ખરી માનતા હોઈએ તેવાંજ ડોલથી સાંભળી.

એ રાતે પાનાં રમતાં હું ત્રણ પાઊંડ, અને મારો મદદનીસ આશરે બે પાંઊંડ, એ મુજબ હારયા. એ દીવસ સોમવારનો હતો. તે પછીના શનીવારે એક નજદીકનાં ગામડાંમાં ઉજાની કરવા જવાનું નોતરૂં, મેં તેમને ઉઠતી વેલા કીધું. એ દીવસે, આઓ વખત મી૦ અને મોસીસ હાવરડ અમારી નજર આગલજ રહે, એમ કરવાની મારી ધારણા હતી, કેમકે તે દીને થોડી મોજમજાહ ભેગું મારા ધંધાને લગતું કામકાજ બજાવવાનો મારો વીચાર હતો.

અમારી ઊજાનીનો દીવસ આવી લાગે તેટલાં, એક કાગજ મી૦ વીલીયમ્સપર અને બીજું અમારા સોલીસીટરપર મોકલી, તે બંનેને એજ દીને મારે ત્યાં તેડયા. તેમને માટે બીજાજ પ્રકારની ઉજાની મેં તઇયાર કીધી હતી.

શનીવાર આવી લાગો; અને અમો ઊજાણીએ ઉતરી પડયા. ઊજાણીમાં અમોને ઘણી મજાહ પડી. અકસર કરી, હું તથા મારો મદદનીસ બહુજ ખુશ મોજી બનયા હતા. અમો બેમાં વધારે મજાહ કોણે ભોગવી તે કહી શકાતું નથી. સમજુ અને આબરૂદાર માણસો તરીકે અમો ઊજાણી પુરી કરી રાતે

વેડુલાજ ઘરે આવયા. ઘર તરફ પાછા વલતાં મારા મેજબાનોને મેં મારે તયાં પાનાં રમવા તેડયા.

અમો શાંતીથી પાનાંની રમતમાં ગુંતાયલા હતા તેવામાં, હોટલનાં બારણાં કોઇએ બાહારથી ઠોકયાં. એ અવાજ સાંભલતાં, મેં અને મારા મદદનીસે એકમેકની તરફ જોઇને છુપી ઇશારતો કીધી, જે બીજાઓના જોવામાં આવી નહી. હોટલની દાસીએ તુરત જઇ બારણું ઉઘાડયું. તેણીએ બારણું ખોલતાંજ, ચાર માણસો ઊતાવલે મારા ઓરડામાં ધસી આવયા. તેઓ કોઇજ નહી, પણ આપણો જુનો મીત્ર વીલીયમ્સ, અમારો વકીલ, અને વીલીયમ્સના બે નોકરો હતા. મીસીસ હાવર્ડને વીલીયમ્સે પોતાની નાહોટેલી ધણીયાણી તરીકે ઓલખી, અને તેઓ વચ્ચે સરવેનાં દેખતાં જઘડો જાગ્યો. હાવરડ પોતાની કેહવાતી ધણીયાણી તરફથી તેમાં સામેલ થયો. મારામારી ઘણી વધી પડતે, પણ અમોએ વચ્ચે પડીને તે નરમ પાડી નાખી. મીસીસ હાવર્ડ અને મીસીસ વીલીયમ્સ. એ બંને એકજ છે, એવી સઘલા શાહેદીઓએ ખાતરી કરી લેવા પછી અમો બાહાર નીકલયા. વલી અમારા વકીલે સરવ કામ પાકુ કરી લેવાના ઇરાદાથી, મારાં

હોટલની માલિક તથા બીજા કેટલાક શાહેદીઓ ની જુબાની મીસીસ હાવરડ અથવા મીસીસ વીલીયમ્સની વરતણુકના સંબંધમા તેજ જગાએ લેઇ લીધો. તે પછી અમો સરવ જણા લંડન ખાતે પાછા ફરયા.

વીલીયમ્સ માટે મારે જે કામ કરવાનું હતું તેનો હવે અંત આવયો. તેણે પોતાની ધણીયાણીથી તલાક મેલવવાની ફરયાદી હવે માંડી, કેમકે તેણી સામેના સઘલા પુરાવા મેં તેને મેલવી આપ્યા હતા. ઇનસાફની અદાલતમાં મારીં શાક્ષીની જરૂર રહી નહી હતી. જે બીજા સાક્ષીઓ હતા, તે તદન પુરતા, બલકે જોઇયે તે કરતાં વધારે હતા.

વકીલે વીલીયમ્સને ખાતરી આપી કે, તેના તલાક મેલવવાના મારગમાં હવે કસી હરકત ન હતી, અને તેણે નચીંત મને છુટા છેડાની ફરયાદી માંડી. તે જીતયો; અને સેહલથી તલાક મેલવી શકયો. પણ તેટલુંબી સુખ મેલવવા માટે તેને બહુ ભારે ખરચ કરવો પડયો. તેનો પોતાનો કજીયો ચલાવવાનો ખરચ, જેમાં મારોબી ખરચ સમાઇ જાયછે, તે ઉપરાંત, કાયદા પ્રમાણે પોતાની ધણીયાણીનોબી ખરચ તેને આપવો પડયો. વલી તલાકનું હુકમનામું પાકું થતાં સુધી, તેણીનાં ભરણ પોષણ માટે વ-

રસ દહાડે બસો પાઊંડને હીસાબે કેટલુંક લવાજમથી આપવાની તેને ફરજ પડી. એ નાણાં મીસીસ વીલીયમ્સે અલબતાં પોતાના સાથી મી૦ હાવર્ડ ભેગાં ખરચી ખાધાં.

એ સઘળાં વચ્ચે વીલીયમ્સને માત્ર એક દીલાસો હતો; અને તે એ કે, મીસીસ વીલયમ્સ જેવી કલાંટ સ્ત્રીથી કાયદાસરનો છુટકારો મેલવતાંજ પેલી માતબર વીધવા સાથ પરણવાની તેને આશા હતી. એક બાજુથી એક કલાંટ સ્ત્રી અને તેણીનાં અંત વીનાનાં કરજનો બોજો દુર થતાંજ, બીજી બાજુથી મનગમતી ધણીયાણી અને તેણીની દોલત પોતાના હાથમાં ચાલી આવશે, એ વીચાર તેની ઊલટને સઘલી ચીંતા વચ્ચે ટકાવી રાખતો હતો. પેહલીને હાથથી તો તે છુટો થયો, પણ પેલી બીજી સાથે પરણ્યો કે નહી, તે વીશે મેં ખબર મેલવી નથી.

મી૦ વીલીયમ્સની કાહાણીનું તો હવે શેવટે આવયું; પણ તેની ધણીયાણીને લગતી થોડીક ખબર મને હાથ લાગી હતી, તે વાંચનારને ખચીત જાણવા જોગ લાગશે.

મીસીસ વીલીયમ્સ, અથવા તેણીનું પેહલું નામ વાપરયે તો મીસ ફ્રાનસીસ જોનસ, એક ફુટકલ્યા વેપારીની દીકરી હતી. તેણીના બાપને વેપારમાં કાંઇ નુકસાન જવાથી, તે પો-

તાનાં કુટુંબને ઈંગલંડમાં પડતું મેલી આસટ-રેલીઆ ખાતે નાહસી ગયો હતો. એ કુટુંબ-માં તેની ધણીયાણી, એક બેટો અને એક બે-ટી–આપણી વારતાની નાયકા– એટલાં જણ હતાં. તેણીનો ભાઈ સારો અને મેહનતુ ની-વડયો, અને ટુંક ધંધો કરીને પોતાનું તથા પોતાની માનું ગુજરાણ કરવા લાગો. મીસ ફ્રા-નસીસને એક દુકાનમાં કાંઇ નોકરી મલી. પણ એ કામ તેણી બહુજ કંટાલો ખાઇને કરવા લા-ગી. પોતાની મા તથા ભાઈ જેવો તેણીનો સં-તોષી સ્વભાવ ન હતો; પણ તેણીના બાપનો ખટપટીયો સ્વભાવ તેણીને વારસા તરીકે મ-લ્યો હતો. જે દુકાનમાં તેણી નોકરી હતી, ત્યાં ના કોઇ પુરૂષ કામદાર સાથે આડો વેહવાર તે-ણીએ રાખવાથી, દુકાન વાલાઓએ બંનેને ત-રતજ ખરતાં કીધાં. એ બનાવ પછી બે વરસ સુધી તેણીનું શું થયું તે વીશે કશી ખબર મને મલી નથી. પણ તે પછી તેણી કોઇ પરાયા ગ્ર-હસ્થ સાથે રહેલી માલમ પડી. આવી હાલત-માં રહેવાનું તેણીને પસંદ ન હતું. સારા ખુ-બસુરત ચેહરાની, માફકસરની કેલવણી પામેલી, ચાલાક, અને આબરૂદાર દેખાવની હોવાથી, તેણીને પરણીને સારે ઠેકાણે ગોઠવઇ જવાની આશા હતી. એ આશા બર લાવવા માટે, તે-

ણીએ મી૦ વીલીયમ્સને ખાડામાં નાખનારાં પેલાં ધોતાલ "લગનનું કારજ કરનારાં ખાતાં" નો આશરો શોધયો. કોઈ માતબર પણ લગાર ઓછી અક્કલનો, અને તેણીનો તાબેદાર થઈ રહીને પોતાની સઘલી દોલત તેણીના કબજામાં આપે એવો ભરતાર તેણીને જોઇતો હતો. આ વાત તેણીએ પોતાના કારજ કરનારાઓને જણાવી હતી. તેઓએ તેણીને તેજ મુજબનો સાથી મેલવી આપવાની કબુલાત આપી હતી, અને તેવી રીતે ભોલવીને આશરે પચીશેક પાંઊંડ તેણી પાસેથી મેલવ્યા હતા. જેવી રીતે તેણી દોલતવાન છે એમ વીલીયમ્સને આ કારજ કરનાર તરકટીયાઓએ જણાવયું હતું, તેવીજ રીતે વીલીયમ્સ માટે તેઓએ ફરાનસીસને ઠગી હતી. એક લેખે, આઇતી દોલત ઘુંડનારાં આ જોડાંને વાજબી શીક્ષા થઈ હતી.

મી૦ અને મીસીસ વીલીયમ્સની પરણેલી જીંદગી કેવી ગુજરી, તે તો આપણે આગલ જોઇ ગયા. તેણી પોતાના ભરથારનો આશરો છોડી જવા પછી, ઘણી કંગાલયત ભરી હાલતમાં આવી પડી. થોડો વખત તો એક વયાજે નાણાં ધીરનાર સાહુકારને ત્યાં ઘરેણાં, કપડાં વગેરે ગીરવી મેલી તેણીએ નાણાં કહડાવ્યાં; પણ છેવટે થોડાંક કપડાં, જે બાહેરનો

આબરૂદાર દેખાવ જાલવી રાખવા માટે તદન જરૂરનાંજ હતાં, તે શીવાય કંઇ બાકી રહયું નહી, ત્યારે તેણી તદન લાઇલાજ થઇ પડી. જો થોડાંપર સંતોષ ધરી કાંઇ આબરૂદાર ધંધાથી તેણી પોતાનું ગુજરાણ ચલાવવા ચાહાત, તો તે કાંઇ મુશકેલ ન હતું; પણ તેણીને તો આળસાઇ અને મોજશોખ વાહાલાં હતાં, જે મેળવવા માટે તેણી પોતાની આબરૂ અને નીતીનો વટીક ભોગ આપવાને તઇયાર હતી. એવી અનીતીમાન હાલતમાં કેટલોક વખત ગુજારવા પછી, હાવર્ડ નામના જુગારી સાથે તેણીને મીત્રાચારી થઇ. બેઉ સરખે સરખાં મલ્યાં, એટલે એક અનીતી ભરી જીંદગીનો સટો તેઓએ બાગમાં ઉભો કીધો.

## વારતા બીજી.

# ચોરી કરવાનું દીવાનાપણું.

એક દીવસે મારી આફીસમાં હું નવરો બેશી વીચાર કરતો હતો કે, હાલ તુરત કાંઇ કામ મારે માટે આવેલું નથી, તેટલાં કુટુંબ સહીત બાહાર ગામ ફરવા જાઊં. એવામાં એક માણસ મારી આગળ આવી ઉભો; અને મારી

ઓળખાણ વાળી લંડનની એક સોલીસીટરો-
ની પેહડી તરફનું એક કાગળ મને આપયું.
મેં જાણયું કે, કાંઈ નવું કામ આવયું ખરૂં; અ
ને બાહાર ગામ મજાહ મારવા જવાનો વીચા-
ર તુરત વેળા માંડી વાળી મેં તે કાગળ ઉઘેડીને
વાંચયું. કોઈ ઊમરાવના ઘેરમાં થયલી ચોરીનો
પતો મેલવી આપવાના સંબંધમાં, કાગળ લાવ
નાર માણસ સાથે ગોઠવણ કરવાની ભલામણ
તેમાં કરી હતી.

તે ચોરી શું હતી તે વીશે મેં ચીઠી
લાવનારને પુછયું. જે ઊમરાવનાં ઘરમાં ચોરી
થઈ હતી, તેનો આ ચીઠી લાવનાર માણસ
એક વીશવાસુ બટલર હતો. તેણે મને પોતાની
વાત જણાવવા માંડી. તે બોલયો, "અમારા
શેઠનાં ઘરમાં આજ કેટલીક મુદત થઇ તરેહવાર
કીમતી વસતુઓ ચોરાયા કરે છે; અને તેનો
પતો મેલવવાને અમારા ઊમરાવ તથા કાર-
ભારી ગમે એવી મેહનત કરવા છતાં, નીષફલ
થયા છે. થોડે થોડે વખતને અંતરે, એક પછી
એક કીમતી વસતુઓ ઘરમાંથી ગેપ થઈ જાય
છે; અને તેનો કશો પતો મલતો નથી. અમા-
રી ઊમરાવબાનુનાં એકથી વધારે કીમતી ઘરે-
ણાં ચોરાયાં છે; તેણીની બેટીનું કેટલુંક રોકડ
તથા કેટલોક કીમતી સામાન ચોરાયોછે; અમા-

રા શેઠે પોતાની બેહનને તેણીની વરસગાંઠને દીવસે એક ઘણી સરસ બનાવટનું નાનું સોનાનું ઘડયાલ ભેટ આપયું હતું, તે આજે થોડાંજ દીવસ થયા ગુમ થયું છે; અને એવી ઘણી ચોરીઓ થઇ છે.

આ સઘલા હેવાલપરથી મને માલમ પડયું કે, જે ચોરીનું કામ મને સોંપવાની ઉમરાવ સાહેબની મરજી હતી, તે ઘણીજ નજીવી કીસમની ચોરીઓ હતી. અલબતાં મોટાં માણસનું કામ, એટલે તેમાં સારો બદલો મલશે, એમ મારી ખાતરી હતી; પણ આવાં નજીવાં કામ ખાતર, થોડા દીવશ નચીંત જીવે બાહાર ગામ સેહલ કરી આવવાની મજાહ છોડી દેવાનું મને ગમયું નહી. કંઇબી હીલાં બાહાનાં કાહડી અથવા સેવટે ચોખી ના કહીને, એ પીડા પતાવી દેવાનો મેં વીચાર કરયો. આવા વીચારથી મેં તેને જવાબ આપયો, "બાઈ તમેં કહયું તે સઘલું મેં ધયાનથી સાંભલયું; પણ મને એ વાતમાં કાંઈ દમ લાગતો નથી. છુપી પોલીસનાં કરતાં સાધારણ પોલીસને એ કામ વધારે બંધ બેસતું છે."

"નહી સાહેબ, અમારો વીચાર જુદોજ છે," તે બોલયો. "અમારાં શેઠ તથા કારભારી ખાતરીથી માનેછે કે, એ કામમાં કોઇ જુના

અને વીશવાશ પામેલા નોકરનો હાથ છે; અને તેથી પોલીસની દેવડીએ કશી ફરયાદ ન લઇ જતાં માત્ર છુપી રીતેજ એ બાબદમાં તલાશ કરવાનો તેમનો વીચાર છે. હુંબી ધારૂ છું કે, કોઈ જુના માણસનોજ એમાં હાથ છે. જુનાં સીવાય બીજું કોણ એવી હીંમત કરે ?"

"એ વીશે હું કાંઇ મત આપી શકતો નથી," મેં ટુકમાંજ જવાબ દીધો.

મારા આવા જવાબથી તે બાપડો મુગો રહી જઇ વીચાર કરવા પડયો. જેમ તેમ કરી હું આ કાસર પતાવીજ કહાડવા બેઠો હતો. બની શકે તો થોડી ઘણી મુફતની સલાહ આપી એબી તેને સમજાવી કાહાડવાની મારી ધારણા હતી. મેં કહયું, "કદાચ તમારા ઘેરની કોઇ આયા, અથવા દાશી, કે એવીજ કોઇ સ્ત્રી નોકરનું આ કામ હશે. જેવી રીતની ચોરી-ઓ થઇ છે, તે પરથી તો મને કોઇ સ્ત્રી નોકર પરજ શક જાય છે."

તે બોલયો, "કંઇ સમજ પડી નથી શકતી સાહેબ. અમારા શેઠ માતબર અને ઘણા આબરૂદાર છે. તેવણનો બોહલો વગવ સીલો છે; અને અમારે તયાં પુશકલ લોકોની આવજાવ છે. એવા મામલા વચ્ચે ચોરોને જેવી જોઇયે તેવી તક મલે છે."

"હા, તેબી ખરૂં," હું બોલયો. "ગમે તે હો, પણ મારી મદદની જરૂર પડે એવું આ કામ નથી. મારે ઘણાંક અગતયનાં કામોનો નીકાલ આણવાનો છે; અને તેવા સમામાં આટલાં નજીવાં કામ પાછલ મારો વખત રોકવાનું મારાથી બની શકશે નહી. સાધારણ પોલીસના માણસોબી એટલું તો સેહલમાં કરી શકશે."

તે બોલ્યો, "પણ સાહેબ પોલીસના હાથમાં, એ કામ સોંપવાનો અમારા ઊમરાવનો વીચાર નથી. તપાસ કરતાં કદાચ કોઇ એવું બી માણસ સપડાઇ જાય, કે જેની જાહેર તપાસ કરવાનું તેમને ગમે નહી. પોલીસનાં હાથમાં એ કામ જવા પછી તો, અમારી મરજી વીરૂધબી, જે સપડાઇ જાય તેની સામે કામ ચલાવવું પડે. વલી સાહેબ, તમારાં મતથી જુદો પડવા માટે મને માફ કરજો, પણ મને એ કામ તમો ધારો છો તેવું નજીવું લાગતું નથી."

મેં હશીને પુછ્યું, "શું કેટલાંક ઘરેણાં અને થોડાક સામાનની એક મોટા ઊમરાવનાં ઘરમાં ચોરી થાય, તે ઘણી મોટી વાત થઇ ગઇ કે?"

"અમારો ચોરાયલો સામાન કેવા પ્રકારનો છે તે તમો જાણતા નથી સાહેબ, તે બોલ-

યો. "કેટલાંક ચોરાયલાં સોના રૂપાંનાં વાસણો અમારા ઊમરાવના વડવાઓના વખતનાં છે. પોતાના વડવાઓના વખતની જુની ચીજો તરીકે અમારા ઉમરાવની નજરમાં તે ચીજો એકીમત છે; અને તેનો પતો મેળવી આપનારને ઘણી સારી રકમનું ઇનામ આપવાને તે તઈયાર છે."

આ હેવાલથી, તે નવાં કામ તરફ લગાર મારી મરજી ખેંચાવા લાગી.

"તમારી મેહનતની કદર મારા ઊમરાવ કદી ભુલશે નહી," પેલો બોલયો.

મેં જવાબ વાલયો, "તમારો ખોલાસો મારાં ધયાનમાં હવે બરાબર ઉતરે છે. પોતાનાં કુટુંબનાં જુના વખતથી વારસામાં ઊતરતાં આવેલાં વાસણો, એક ઉમરાવને મનથી બચીત ઘણાં કીમતી ગણાવાં જોઇયે. અલબતાં જે ઊમરાવ પોતાના વીશવાસમાં મને લેય છે, તેનું આવું કામ બજાવી આપવા હું ના પાડું તો તે ખોટું કહેવાય. જાઓ હું એ કામ માથે લેવા તઇયાર છું."

તેણે જવાબ વાલયો, "તમારો મોટો આભાર માનું છું સાહેબ. એ ચોરીનો તમો પતો મેળવશો તો માત્ર અમારા ઉમરાવ ઊપરજ નહી પણ અમો નોકરો ઉપરબી તમારો

મોટો ઉપકાર થશે. હાલ તુરત સઘલાઓ ચીંતામાં પડયા છે કે, કોણ જાણે કોણ ઊપર ચોરીનો શક રખાતો હશે. ખરો ચોર પકડાઈ જવાથી, અમારી એ ચીંતાનું શેવટ આવી જશે."

મેં જોયું કે, મારી સાથે વાત કરનાર આ બલટર બહુ બોલકણો છે; માટે એની સાથે સારી રીતે લંબાણથી વાત કરતાં કદાચ કાંઇ મને પાછલથી કામે લાગે એવો ભેદ મલી શકશે. આ ઇરાદાથી તેને મેં વધુ વાત કરાવવા માંડી.

"બેશક ઘણા નોકરો ધાસતીમાં પડયા હશે, પણ તમારે કશી ચીંતા કરવી નહી. મારી ખાતરી છે કે, તમારા જેવા જુના માણસ પર કોઇને કશો શક જાયજ નહી."

તે બોલયો, "મને તો કંઇ ચીંતા નથી; પણ બીચારો અમારો બુઢ્ઢો કારભારી ઘણો ગભરાયલો દીશે છે. તે બહુ જુનો માણસ છે. અમારા ઉમરાવના બાપના વખતનો તે નોકર છે. તેના બાપેબી તેની આગમજ એજ કુટું-બમાં નોકરી કરી હતી. હું નહી ધારતો કે, તેને બીહવાનું કાંઇ કારણ હોય તેની પર કોઇનેબી શક હોય એમ હું માનતો નથી. તો પણ તે બાપડો તેના પર લોકોને શક હોય એવી બીક રાખતો દીશે છે."

બટલરને પેલા બુઢા કારભારી પર ખરે ખર શક છે, એમ મને આ વાતચીત પરથી માલમ પડયું. તેણે તેની તરફેણ કરતો હોય એવો બાહેરથી દેખાવ રાખયો હતો; પણ અંદરખાનેથી તેની જે મતલબ હતી, તે તેની બોલવાની ઢપછપ પરથી મને માલમ પડી. પણ મને તે કારભારી પર જરાબી શક ન હતો, બલકે મને તો પેહલેથી લાગું કે, તે એ બાબદમાં તદન નીરદોષ છે. આપમતલબ, અગ્નાનપણું અને અદેખાઈ, એ બટલરને કારભારી પર શક લઈ જવા માટેનાં કારણો હતાં, એમ મેં જોઈ લીધું. આથી, હવે તેનાથી વધુ પુછપરછ કરવાની મેં જરૂર દીઠી નહી.

મારા કામ માટે મેં હવે તઇયારી કરવા માંડી. બટલરને મેં કબુલાત આપી કે, આ કામ પર મારૂં મુખ્ય ધયાન રોકીશ. મારી હીલચાલ વીશે બનતાં સુધી દરેકને અજાણા રાખવાની જરૂર હતી. બાહેરથી દેખાડવું એક, અને અંદરખાનેથી કરવું બીજું, એ રીતે કરવાથી, તે નેમ પાર પડે એમ હતું. પેહલો અખતરો મેં આપણા બટલરપરજ અજમાવયો.

"તમો ઘણા પ્રામાણીક અને સમજુ માણસ મને દીશો છો," મેં તેને કહયું.

મારા આ શબ્દો સાંભલતાંજ તે હરખથી ફુલી ગયલો મને દીઠયો.

મેં આગલ ચલાવયું, તમારી સારી સમજ પર વીશવાસ રાખી શકાશે, એમ મને લાગે છે. હું તમારીપર ભરૂસો મેલી એક ખાનગી વાત કહું છું તે સાંભલો. હું જે વાત કહું તે તમારા માનવામાં આવે કે નહી આવે, પણ તમે તે છુપીજ રાખજો. કોઇબી માણસને તે વીશે એક બોલ ના કેહતા. અકસર કરી કોઇ સ્ત્રી આગલ તો એ વીશે એક હરફબી નાકાહડશે."

આ મુજબ બોલી હું અટકયો. મેં ગંભીરાઈ ધારણ કરી જે શબ્દો કહયા, તેની આ કમસમજ માણસપર પુરે પુરી અસર થઇ. તે શીશામાં બરાબર ઉતરયો. તે સમજયો કે, મારો તેનાપર પુરો વીશવાસ બેઠો છે. પોતાને આ નહી ધારેલું માન મલવાથી, તે અજાયબીથી થંબ થઇ ઊભો. ભુત પરીયાંના ચમત્કારની કોઇ વારતાથી નહી ઊપજે એટલી અજાયબી, તેને મારા બોલોથી ઉપજી.

"તમો મારો વીશવાસ જાલવવા, અને મારાં કામમાં બનતી મદદ આપવાને તઈયાર છો?" મેં પુછયું.

તેણે જવાબ આપયો, "તમારી સેવામાં હું હાજર છું સાહેબ. તમો મને જેમ કહેશો તેમ વરતીશ."

મેં કહ્યું, "ઠીક છે તયારે સાંભળો. આ હું તમોને ખુલું કહી દેઊં છું કે, મને તમારા બુઢા કારભારી પરજ શક જાય છે. સઘલાં કારસતાન મને તેનાંજ લાગે છે."

પેલો બેવકુફ હવે મને જાદુગર જેવો સમજવા લાગો. તેના ખોટા શકને મલતુંજ મેં મત આપવાથી, તેનો મારીપર પુર ઇતિબાર બેઠો. તોપણ તેણે બાહેરથી જુદોજ દેખાવ રાખવાની ખોટી તજવીજ કીધી.

"સાહેબ તમો ભુલતા હશો. એમ હોય જ નહી. મને તે એવો માણસ લાગતો નથી." તે બોલયો.

મેં કહયું—"કદાચ મારી ભુલથી હોય. માણસ જાત માટે ભુલ તો સાધારણ બનાવ છે. હું ઇછું છું કે, મારી અટકલ ખોટી પડે; પણ મને નથી લગતું કે, તેમ બને."

લગાર આનાકાની સાથે મારાં મતને થોડો ઘણો મલતો થતો હોય, એવો બટલરે દેખાવ કીધો.

મેં આગલ ચલાવયું, "હવે હું જે કહું છું તે ધયાનથી સાંભલી લેવો. તમારા કારભારીને નજરો નજર તપાસીને થોડાજ વખતમાં, તેનાં વીશેની મારી તરક ખરી છે કે ખોટી, તે વીશે હું ખાતરી કરીશ. તમારા ઉ-

મરાવના મેહલમાં હું તપાસ માટે આવી રહું તે વેળા લગભગ સઘલો વખત હું તેની નજદીકમાંજ રહેવા ઇછું છું. એ કામ કેમ બનશે ? જુઓ, તે વીશિબી મેં વીચાર કરી રાખયો છે. તે કામમાં મને તમારી મદદ પડશે. તેના વીશિના મારા શકની વાત છુપી રાખી, તમો તેને ચેતાવજો કે, તેને જુનો મીત્ર હાંઉં તેવો વેષ ધારણ કરીને હું તપાસ ચલાવા માટે મેહલમાં આવી રહીશ; માટે તેણે મને પોતાના મીત્ર તરીકે પોતાના ઓરડાંમાંજ રાખવો, અને મીત્રભાવની ઢપથીજ મારી સાથે કામ લેવું. આ યુકતીથી તે આપણાં છટકાંમાં સપડાશે. વલી તે પોતાનાં મનમાં મલકાશે, કે, એવી રીતે કામ લેતાં તેના પર મને શક નહી ઊતપન થશે; અને તે ઊતારશે તેવી રીતે હું ઓટે રસતે ઉતરીશ ”

“પણ કદાચ તે આ ગોઠવણ સામે વાંધો લેશે તયારે ?” તેણે પુછયું.

મેં કહયું, “નહી. તે તેમ કદી કરશે નહી. વલી, એ ગોઠવણ સામે વાંધો લેવાની આપણે તેને તકજ આપશું નહી. તમો આજે જઇને તેને ખબર આપો; અને તમારી પુઠે કાલ સહવારમાં હું આવી લાગુછું. જો તે આ ગોઠવણ સામે મજબુતીથી વાંધો લેશે તો, નકી તેજ ચોર છે, એમ સરવેને ખાતરી થશે ”

બલટર મારી સાથે હવે વધારે તકરાર કરી શકયો નહી. મારા કેહવા મુજબ સઘલી ગોઠવણ કરવાને કબુલ થઇ, તે મેહલ તરફ રવાના થયો.

બીજી સહવારે હું પેલા ઉમરાવના મેહલમાં જઇ પુગો. તે ઊમરાવ ઘણો વીખ્યાતી પામેલો માણસ હતો. તેની દોલત, અને તેની મોટી મીલકત અને તેના સદગુણોએ તેને માટે સરવે તરફનું માન મેલવયું હતું. ઇંગલંડનાં એક એકાણ જીલામાં તે વસ્તો હતો. તે ઊમરાવને તથા આ વારતામાંના બીજાં માણસોને, જાહેરની જાણમાં મુકવાને હું ઇછતો નથી; માટે તેમના ખરા નામ ઠામ અતરે આપવાનું હું માંડી વાલું છું, તે વાંચનારાઓએ મને માફ કરવું. માત્ર અતરે એટલુંજ જણાવવું બસ થશે કે, તે ઊમરાવનો મેહલ જબરો ગંજાવર હતો; અને તેમાં લોકોની આવજાવ પણ તેવીજ હતી. મેહુલની આસપાસ ફરતો એક મોટો બાગ હતો. એવો મોટો બાગ વટાવીને મેહલમાં દાખલ થવાને કોઇ લુટારા કદાચજ રાજી થાય, એમ મને લાગ્યુ. જેમજેમ તપાસ કરતો ગયો તેમ તેમ મારી વધારે અને વધારે ખાતરી થતી ગઇ કે, એ ચોરીમાં તદન અથવા ઘણે ભાગે મેહલમાંનાંજ કોઈ માણસનો હા-

થ છે. મારા સામાનની પેટીમાં, કેટલાંક ઘર ફાડવા માટે લુટારાઓ રાખે છે તેવા હથયારોબી મેં લઇ રાખેલાં હતાં. સારે ભાગ્યે મને તે હથયારો લેવાને ઘરથી નીકલતી વેલા વખતસર યાદ આવી ગઇ હતી. અલબતાં એ હથયારો એક અપ્રમાણીક ધંધાને બરતાં હતાં; પણ કેટલીક વેલા ઇનસાફ અને પ્રમાણીકપણાં ને લગતાં કામોમાં એવાં હથયારોનીબી જરૂર પડે છે.

મારી વારતામાં આગલ ચાલતાં માલમ પડશે કે, મારૂં કામ બજાવવામાં એ હથયારોથી મને કેટલી જરૂરની મદદ મલી હતી.

બટલરે કરેલી અટકલથી તદન ઊલટીજ રીતે, ઉમરાવના મેહલમાં જતાં તેના કારભારીએ મને બહુ ખુશીથી પોતાના મીત્રના મેહલમાં રાખવાને કબુલ કીધું. તે ઘરડો માણસ ઘણો આબરૂદાર દેખાવનો અને સારા સ્વભાવનો હતો. તેનો દમામદાર દેખાવ, તેનો શાંત સ્વભાવ, તેની સારી સમજ, અને એક ગરહસ્થને છાજતી તેની રીતભાત જોતાં મને લાગ્યું કે, જે હાલત તે ભોગવતો હતો તેના કરતાં ઘણી ઊંચી પ્રકારની હાલતને સીનગાર આપી શકે એવો તે માણસ હતો. મારાં કામકાજમા મને બનતી મદદ આપવાને તે તઇયાર

દીસતો હતો. મેહલના દરવાજા બાહેર તે મને લેવા આવયો હતો, અને મેં આગમજથી જણાવેલી ગોઠવણ મુજબ, તેનો એક જુનો મીત્ર હોંઉ તેવી રીતની વરતણુક તેણે મારી તરફ દેખાડી હતી. કેટલાક નોકરો મને જોવાને ભેગા મલયા હતા. મને પાછલથી જણાયું કે, એ લોકોપર હમારી ઠગાઇ ચાલી શકી ન હતી. બટલર અંચીતો લંડન જઇ આવ્યો અને તેની પાછલ બીજે દીને હું મેહલમાં જઇ લાગો, તે ઉપરથી તેઓ તરતજ ચેતી ગયા કે, મારી મુલાકાતમાં કાંઇ છુપી મતલબ છે. મને જોતાંજ, હું છુપા વેશવાલો એક પોલીસ અમલદારજ છું, એમ તેઓની ખાતરી થઇ ચુકી હતી.

વાચનાર જાણે છે કે, મને પેહલેથીજ કારભારો ઊપર શક હતો નહી. તે બુજરોગ માણસને નજરે જોતાં મારો તે વીચાર વધારે મજબુત થયો, અને સેવટમાં મારો તે વીચર ખરોજ પડેલો જોવામાં આવશે.

ઉમરાવના મેહલમાં મને રેહવા તથા ખાવા પીવા વગેરેની સઘલી સગવડ મનમાનતી રીતે કરી આપવામાં આવી હતી. તેનો ભલો કારભારી મને મારાં કામમાં જરૂર પડતી મદદ બહુ ખુશીથી આપતો હતો. મેં આ-

ગલ જણાવયું તે મુજબ તેને બાહેર ગામથી મલવા આવેલા એક જુના મીત્ર દાખલ હું રેહતો હતો પણ લગભગ સઘલા નોકરો ચેતી ગયા હતા કે, હું છુપા વેશવાલો પોલીસ અમલદાર છું, અને તેથી તેઓ મારી તરફ હમેશ શકની નજરથી જોતા હતા. તેઓ મારેથી દુરનાદુરજ રેહતા, અને તેમને મનથી તો હું એક અનગમતો પરોણો થઈ પડયો હતો. તેઓ મને ખુલી રીતે તો કંઈબી કહી અથવા કરી શકતા ન હતા. પણ તેઓ જેવી રીતે મારી તરફ નજર કરતા હતા તે પરથી હું ચેતી ગયો હતો કે, તેઓ મને ખરાં જીગરથી ધીકારતા હતા અને મને પતેલો જોવાને ખંતી હતા.

મને બોલાવનાર ઉમરાવ સાથે હું જાજો વેહવારમાં આવતો ન હતો. તેના મેહલમાં આવી ઉતરવા પછી એક બે દીવસે મારી અરજ ઉપરથી તેણે મારી મુલાકાત લીધી હતી, જે વેલા ચોરીને લગતી આગલ જણાયલી હકીકત શીવાય કશી વધુ ખબર મને તેનાથી મલી ન હતી.

મારા આવવા પછી કદાચ ચોરાયલાં વાસણોને તેની અસલ જગામાં પાછાં મેલી દઈ ચોરી કરનાર ધણી છટકી જવાની વેતરણ

કરે, એ મને સવભાવીક લાગ્યું. આથી તેની તેવી કોશેશ અટકાવવાને મેં વાસણની પેટીને કારભારી તથા બટલરની હાજરીમાં મજબુત બંધ કરી સીલ મારયું. અને તેમને તાકીદ કીધી કે તે પેટીપર મજબુત ચોકસાઇ રાખવી.

સઘલા નોકરોને મેં તપાસી તપાસીને જોવા માંડયા. તેમની દરેક હીલચાલપર તેમને ખબરબી પડે નહી એવી રીતે મેં નજર રાખી હતી. પણ તેઓમાંનો એકબી માણસ મને એવો નહી લાગો, કે જેની તરફ મારો શક ઊસકેરાય. તેઓમાં ઘણા તુંદ મીજાજી અને છાલકા મને દીશયા, પણ અપ્રમાણીક દેખાવનો મને કોઇ લાગો નહી.

મેહલમાં આવવા પછી થોડાજ દીવશમાં, ઊમરાવના કુટુંબનો એક ગ્રહસથ મારી હીલચાલપર નજર રાખે છે, એમ મને માલમ પડયું. દીવસમાં ઓછામાં ઓછો પંદર વીશ વખત તે મને સામો મલી જતો, અને દર વેલા તેની નજર મારી પરજ ગોઠવાયલી હું જોતો હતો. એ ત્રણ દીવશ મારી હીલચાલપર એવી રીતે નજર રાખવા પછી, એક દીને મારી આગલ આવી તેણે વાતચીત કરવા માંડી.

તેની વાંતચીત પરથી મને માલમ પડયું કે, હું ડીટેકટીવ છું તે વાત તેને ખબર હતી.

તેણે પેહલેથીજ મને તે ખુલી રીતે જણાવી દીધું, અને મને પુછયું કે, ચોરનો કાંઇ સેજ સાજથી પટો મને મલયો છે કે નહી. એવી કીમતી મતા ચોરાવા વીશે તે મને ઘણી દલગીરી જણાવા લાગો. વલી તેણે ઉદાર દીલથી એવી ઇચ્છા દેખાડી કે, જો કોઇ જુનો નોકર આ કામમાં પકડાય, તો તેને ઉમરાવ પોલીસમાં નહી ઘસડતાં માફ કરે તો ઠીક. ચોરની દયા ખાનારા આ ઉદાર ગ્રહસ્થ તરફજ મારો શક ઊશકેરાયો. દરરોજ તેની સામેનો મારો શક વધતોજ ગયો. જોકે મારી તરફ તે ઘણો મીત્રાચારી ભરેલો દેખાવ રાખતો હતો, તોબી મને લાગું કે મને પતેલો જોવાને તે સઊથી વધારે ઈછતો હતો. તે પતલા બાંધાનો, ફીકા ચેહરાનો અને દરદી દેખાવનો એક જવાન હતો. તે સારી કેલવણી પામેલો દીસતો હતો. તે અવારનવાર આવીને મારી સાથે વાત કરતો હતો. તેની મુખ્ય વાતચીત, માણસ જાતની પોતાના ભાઇબંધો તરફ ઉદારપણે અને દયાથી વરતવાની ફરજ વીશે હતી. પોલીસવાલાઓ તરફ તે ખુલો અભાવ દેખાડતો હતો. હાલની ચોરી કરનાર શખ્સ જો પકડાય, તો તેને જતો મેલવાની ભલામણ તે બહુ ભાર મેલીને કરતો હતો.

આ ગ્રહસ્થ ચોર છે, એમ મારા મનમાં નકી ઠરાવ કરી તેની પર મેં મજબુત દેખરેખ રાખી. ચોર મલ્યો, એટલે હવે તેની સામેનો પુરાવો મેલવવાને મને સ્વભાવીક રીતે અધીરાઇ લાગી.

ત્રણ દીવસ તેની સાથે સારી રીતે વાતચીત કરવા પછી મેં ખાતરી કીધી કે, તેજ ચોર છે; અને તે પછી તેના રેહવાના ઓરડાની જગા મેં જોઇ રાખી. ઉંદર અને બીલાડી વચ્ચે જેવું વેર હોય છે, તેવુંજ વેર એક ડીટિકટીવ અને ચોર વચ્ચે હોય છે. ચોરો અમને ધીકારે છે. અને અમો તેમને ધીકારયે છઇયે. પેલો ગ્રહસ્થ ચોર છે એમ ખાતરી થતાં તેની તરફ મને ધીકાર છુટવા લાગ્યો તેની સાથે એક ઘેરમાં વસવું, મને અકારૂં થઇ પડયું. જલદીથી તેની સામે પુરાવો મેલવી આ કામથી પરવારી જવાની ઉતાવલમાં હું પડયો. તેના ઓરડાની ઝડતી લેવાનીજ ખોટી માત્ર હતી. તે મેહલમાંથી ગેરહાજર હોય તેવી વેલાએ એ કામ બની શકે, માટે તેવી તકની હું રાહ જોવા લાગો. બેજ દીવસમાં મને તે તક મલી. બાંધીમારની સજા કહાડી નખાવવાની હીલચાલને લગતી એક સભા મલવાની હતી, તે સભામાં હાજર થવા માટે મારો

દયાલુ મીત્ર મેહેલમાંથી ગયો. અલબતાં અપરાધી વરગો તરફ તે હંમેશાં દીલસોજી દેખાડતો તો, એટલે આવીસભામાં તેને જવા વીના કેમ ચાલે ? એક તરફ તે મેહેલમાંથી ગયો અને બીજી તરફથી મેં ઉમરાવને કેહવાડયું કે, કાંઇ અગતનાં કામ સર હું તમને ઉતાવલે મલવા માંગું છું. થોડાજ વારમા તે ઉમરાવ મારી પાસે આવી લાગો. મેં તેને જણાવયું કે, તેની ચોરાયલી મતા હું તેને સવાધીન કરવાને થોડાજ વખતમાં શકતીવાન થઇશ. એમ જણાવી હું તેને મેહેલના અંદરના ભાગમાં લઈ જવા લાગો.

થોડેક ચાલીને તેણે મને પુછયું, "તમે મારા મેહેલના સઘલા ઓરડાઓ અને જગાઓ જાણો છો ? તમે નવા માણસ હોવાથી હું ધારૂં છું કે, સઘલી જગા તમને ખબર નહી હશે."

મેં જણાવયું, "તે વીશે તમે નચીંત રહો. મારા ધંધાની રૂહે એવી બાબતોની માહીતી પેહલી મેલવવાની મારી ફરજ છે, અને તે મુજબ અહીં આવવાને પેહલેજ દીને તમારા મેહલના સઘલા ભાગો હું જોઇ ચુકયો છું."

મારો આ જવાબ સાંભલી તે ગુપચુપ મારી પુંઠે ચાલવા લાગો. પેલા જવાનના ઓરડા આગલ હમો આવી અટક્યા. તે ઓરડાનાં બારણાને તાલું દીધેલું હતું. પણ ઘર ફાડવાનો સઘલો સામાન મેં સાથે લીધેલો હતો. એટલે તેમાંથી એક હથયાર કહાડીને તે વતે હું તાલું તોડવા જતો હતો. તેવામાં પેલા ઊમરાવે મારો હાથ પકડી મને અટકાવયો.

"તમો ભુલતા હશો," તે બોલ્યો. "આ ઓરડો તો મારા દીકરાનો છે."

તેણે મને અટકાવયો ખરો, પણ પોતાના દીકરાનાં પ્રમાણીકપણાં વીશે તેની ખાતરીજ હશે, એમ મને લાગું નહી. તેના ચેહરાપર ધાસ્તી અને દુખ પ્રગટી નીકલ્યાં હતાં.

મેં તેને કહયું, "હું ભુલતો નથી. મારે મારી ફરજ બજાવવી જોઇયે. પણ તમો નચીંત રહેો. હું એ વાત કોઇને જણાવનાર નથી. અતયાર સુધીમાં તમારા સીવાય બીજા કોઇનેબી મેં એ વાત જણાવી નથી."

આ દીલાસાથી નચીંત થઇ તે ઊમરાવે મને મારૂ કામ આગલ ચલાવવા દીધું. મેં તાલું ભાંજીને પેલો ઓરડો ઊઘાડયો, અને અમો બંને તેમાં દાખલ થયા. એ ઓરડામાં છેક અંદરના ભાગમાં એક મોટો કોઠલો

પડેલો હતો. તે તરફ મારૂં ધ્યાન ખેંચાયું. મેં તે કોઠલો ઊંધાડયો. તેમાં પેલાં ચોરાવલાં સઘલાં વાસણો અમારી નજરે પડયાં!

આ દેખાવ જોતાં પેલા ઉમરાવનો ચેહરો બદલાઈ ગયો. ગુસા ભરયા દેખાવથી તે ઓરડાની બહાર નીકલયો અને તેની પાછલ હું બી ગયો. પોતાના લખવાના ઓરડામાં તે ગયો, અને તયાં પોતાની બેંક પર એક ચેક મને લખી આપયો. તે ચેક લઈ હું મેહલમાંથી નીકલયો, કેમકે હવે તયાં મારૂં કામ રહયું નહતું. મેહલમાંથી નીકલવા આગમજ પેલા બુઢા કારભારીને મેં જણાવયું કે, ચોરીનો પતો મલે એમ લાગતું નથી માટે હું પાછો જાઊં છું.

આવા એક આબરૂદાર ઉમરાવનો બેટો પોતાના બાપની નાની સરખી મીલકત, જે પાછલથી મોડે વેહલે પોતાનાજ સવાધીનમાં આવે એમ હતું, તે ચોરવાનું મન કરે એ મને નવાઇ જેવું લાગું. પણ પાછલથી મને તેનું કારણ સમજ પડયું. તે જવાનને ચોરી કરવાનું માત્ર દીવાનાપણું લાગેલું હતું. આગલબી તેણે એવીજ રીતે કેટલીક નજીવી ચીજોની ચોરી કરી હતી, એમ મને એક અકસમાત બનાવથી માલમ પડયું.

એ જવાન પેહલાં લશકરમાં નોકરી રહ્યો હતો. તેના બાપના વગથી તેને એક નાના અમલદારની જગા મળી હતી. તે સારો કેળવણી પામેલો, મલતાવડા સવભાવનો અને ઘણો અંદાજાસર રેહનાર માણસ હતો. પોતે અંદાજાસર રેહનાર હોવા છતાં બીજા મોજીલા માણસોની સંગત તરફ તે ખુલ્લો અનગમો બતાવતો હતો નહી, પણ તેઓ સાથેબી તે સારી રીતે વરતતો હતો. આથી સઘલા અમલદારોનો તે માનીતો થઇ પડયો હતો, પણ તેનું એ માન થોડોજ વખત રહ્યું. તે લશકરમાં દાખલ થવા પછી થોડી મુદતે, તેના ભાઇબંધ અમલદારોને લગતી તરેહવાર નાની નાની ચીજો ચોરાવાની ફરયાદ ઉઠવા લાગી. આજે કોઇની વીંટી ચોરાતી, તો કાલે કોઇનું ઘડયાલ ગેપ થવાની ફરયાદ સંભલાતી. તો વલી બીજે દીને કોઇની સોનાની તપકીર લેવાની દાબડી ગુમ થયલી જણાતી. એ રીતે કેટલાક દીવસ સુધી ચાલવા પછી, ચોરનો પતો લાગો. સરવને અજાયબી સાથ માલમ પડયું કે, તેમનો માનીતો અમલદારજ આ ચોરીઓ કરતો હતો. આ બાબદમાં કાયદાસરના ઉપાયો લેવાને કેટલાક અમલદાર તઇયાર થયા, પણ એકે વચ્ચે પડીને સઘલું માંડી વલાવયું. તે વચ્ચે પડનાર ગ્રહસ્થે માથે લીધું

કે, આ જવાનને લશકરમાંથી જતો રેહવાને હું સમજાવીશ. એ સરતે સઘલાઓ તેની સામે કશો ઊપાય લેવાનું માંડી વાલવાને કબુલ થયા. પેલા ગ્રહસ્થે આ જવાનને કોઈબી બાહાને લશકરી નોકરી ઉતાવલે છોડી જવાની ભલામણ કીધી. એ વાત અલબતે તેણે ઉપકાર સાથે કબુલ કીધી. આ અંચીતા બનાવ અને તેની નામોશીની અસરે તેનાં મગજપર ઘણું દબાણ કરવાથી તેની તબીયતમાં બીગાડો થઈ આવયો, અને તેથી માંદગીનાં કારણે તે નોકરીપરથી લાંબી મુદતની રજા મેલવી શકયો. તે પછી તેણે રાજીનામું આપયું.

લશકર છોડવા પછી તે રાજદુવારી કામોમાં ધયાન આપવા લાગો, અને શેવટે પારલામેંટમાં વટીક દાખલ થયો. જે વેલા તેણે પોતાના બાપનાં વાસણો ચોરયાં તે વેલા તે પારલામેંટના એક મેમબરનો અધીકાર ભોગવતો હતો; અને આજ દીન સુધી તે પારલામેંટમાં બીરાજે છે. કોઈબી અગતયની બાબદ પારલામેંટમાં એવી પસાર ન થઈ હશે, જેના સંબંધમાં આ જવાન ગરહસથે પોતાના કાબેલીયત ભરયા વીચારો જાહેર કરયા ન હોય. તેની કાબેલીયત અને ચંચલાઈ સઘલી તરફ આશકારા અને તે માટે તે માન મેલવે છે.

એ જાણીતા રાજ્યાધીકારીનાં દીવાના પણાંની વાત ઘણાજ થોડા માણસોને ખબર છે, અને તેઓમાના એક જણે મને તેની લશકરી નોકરી વેલાની કારકીરદી જણાવી હતી. તેનાં બદલામાં મેં તેને પેલાં ચોરાયલાં વાસણો ની વાત કહી હતી. તે બનાવ પારલામેંટની એક ચુંટણી વેલા બનયો હતો. આમની સભામાં એક પરગણાં તરફથી જગા લેવાને આ ઉમરાવ જાદાને ઘણાક ચુંટણી કરનારાઓએ અરજ કરવાથી, તેણે પોતાની અસલ જગા પડતી મેલી આ જગા માટે ઊમેદવારી કીધી. તેની સામે બીજો એક ગ્રહસ્થ બાહાર પડયો, અને તેને મત મેલવી આપવા માટે હું એક બીજા ધણીની સાથે મલી મેહનત કરતો હતો. અમારાવાલા ઊમેદવારના હરીફની લશકરી કારકીરદીની મારા સાથીને ખબર હતી, તે તેણે મને કહી, અને તેના બદલામાં મેં તેને બીજી વાત કહી. એવા માણસને હાથ અમારા પરગણાંના લાભો જાલવવાનું કામ જવા દેવાનું અમને ઠીક લાગયું નહી. અમે ઠેરાવ કીધો કે, કોઈબી રીતે તેને ચુંટી કહડાતો અટકાવવો તો જોઇયે. પણ તે કેવી રીતે કરવું? તેને જાહેર રીતે ખુલો પાડાને એક સારા માણસની આબરૂને નુકસાન કરવાનું અમને ઠીક લાગું નહી. શેવટે

મારા સાથીએ તેનાપર એક સભ્યતા ભરેલો કાગળ લખીને તેને એ ઉમેદવારી છોડી દેવાની અરજ કીધી. તે કાગળ નીચે મુજબ હતો:—

"સાહેબ, તમારી ઉમેદવારીની સામે થવાની મને બહુ દલગીરી ભરી ફરજ પડીછે. તમારી લશકરી કારકીરદી સાથે જોડાયલા તથા બીજા કેટલાક અનગમતા બનાવોની મને ખબર હોવાથી અમારાં પરગણાં તરફની તમારી ઉમેદવારી સામે વાંધો લેવામાં મને એક રાજદ્વારી ફરજ બજાવવી પડે છે. એ ફરજ અદા કરયા વીના મને ચાલતું નથી. તમારીપર કાગળ લખીને એક અનગમતી યાદદાસત પાછી તાજી કરતાં મને બહુ ખેદ થાય છે. હું ઇછું છું કે, એ ફરજ કોઈ બીજાને હાથ જતે. પણ બીજી એક વધારે દુખદાયક ફરજ બજાવવી નહી પડે, એવા ઈરાદાથી મને હાલનો કાગળ લખવો પડયો છે. જો તમો હાલની ઊમેદવારી છોડી દેઓ, તો તમારા જેવા એક માન પામેલા માણસ સામેની કેટલીક અનગમતી વાતો બાહાર મેલવાની ફરજમાંથી હું મોકળો થઈ શકીશ. આશા છે કે, તેવી દુખદાયક ફરજ મારે માથે આવી પડતી તમો અટકાવશો. તમોએ મારી માંગણી બાહાલ રાખવાથી સઘળી ચીંતા મટી જશે, અને આપણ બંનેને કેટ

બીક અનગમતી મેહનત લેવી પડશે નહી. મને તમારી સામે કશું વેર નથી, પણ માત્ર એક જાહેર ફરજ બજાવતાં મને આ કામ કરવું પડ્યું છે. તમારા જેવા સમજુ ગરહસ્થ મારી માંગણીનું વાજબીપણું તરત જોઈ લે, એ વીશે મને શક નથી. છેલી ઘડી સુધી હું આશા રાખીશ કે, તમે મારી માંગણી સવીકારશો. તમારા જેવા માનવંત ગરહસ્થની ઉમેદવારી સામે બાથ ભીડી મને બહાર નીકલવું પડે, અને લોકોને જણાવવું પડે, કે આ ગરહસથ ચોરી કરવાનાં દીવાનાપણાં જેવી નબલાઇને વશ થયલો હોવાથી પારલામેંટમાં આપણા લાભો તપાસવાને નાલાયક છે, એ બાબીત મને ગમતું નથી. એવી દુખદાયક ફરજ બજાવા કરતા બીજો કોઇબી ઘટતો મારગ લેવાને હું તઈયાર છું. મેં તમોને સુચવેલા મારગ કરતાં બીજો કોઇ વધારે સારો દીસતો નથી, એટલે તે તમો સ્વીકારશો એવી આશા રાખી હું સમાપત કરૂં છું."

આ કાગલથી ધારેલી અસર થઈ. પેલા જવાન ઉમરાવે અમને કાગજ લખીને યા બીજી કોઇ રીતે પાધરો જવાબ વાલયો નહી, પણ તેણે પોતાની ઉમેદવારી છોડી દેઇને અમારી મરજી રાખી. પોતાના ચુંટણી કરનારાઓપર તેણે એક કાગલ લખી જણાવયું કે, મારી આ-

ગલી જગાના ચુંટણી કરનારાઓ મને પોતા તરફ આવવાને બહુ આગ્રહ કરે છે, માટે તમારી તરફથી ઉમેદવાર થવાનો વીચાર માંડી વાલવાની મને ફરજ પડે છે.

તે અમારૂં ગામ છોડી થોડાજ વખતમાં જતો રહયો. તેની અસલ જગાપરના ચુંટણી કરનારાઓએ તેને પોતા તરફથી એકવાર ફરીથી પારલામેંટમાં મોકલયો. આજ સુધી તે પારલામેંટમાં બીરાજે છે. અને એક કાબેલ રાજદ્વારી તરીકે માન પામે છે. તેનાં દીવાનપણાની અસર તેનામાં હજી રહી છે કે નહી, તે વીશે મને કશી ખબર મલી નથી. આ જવાન ઉમરાવની નબલાઇપર તેનાં દોલત અને દરજાને લીધે ઢાંકપીછોડો થયો છે, પણ કોઇ ગરીબ હાલતનાં માણસમાં એ ખોડ કેટલીક નુકશાન કરનારી થઇ પડે, તેનો વીચાર સેહલ છે.

## વારતા ત્રીજી.

## એક વકીલનાં કાવત્રાં.

થોડાક મહીનાની વાત ઉપર, લંડનના એક જાણીતા વકીલે મને પોતાનું એક કામ સોપયું હતું. એ કામમાં જેમ તે વકીલને તેમ

મને પોતાને ઝાઝો લાભ ન હતો. એક તરકટીયો વકીલ, એક મોટી મીલકત પચાવી પડયો હતો, તેનાં કાવત્રાંઓ પકડી કહાડીને તેને સજા કરાવા તથા તે મીલકત તેના ખરા હકદાર વારેસને સવાધીન કરવાને લગતું એ કામ હતું. તે મીલકતનો ખરો વારેસ એક ગરીબ પણ પ્રમાણીક માણસ હતો. તે બાપડાએ પોતાની મીલકત પેલા તરકટયાના પંજામાંથી છોડવવાને ઘણાં ફાંફાં મારવા પછી, શેવટે મને રોકનાર વકીલનો આસરો શોધવો પડયો હતો. એ વકીલ ઘણો ભલો માણસ હતો, અને કશાબી બદલાની આશા વીના તેણે પેલા ગરીબ માણસનો વાજબી ઇનસાફ થયલો જોવાની ઇછાથી માત્ર આ કામ માથે લીધું હતું. તેની ભલી નેમ મને પસંદ પડવાથી, તેને મારી બનતી મદદ કરવાને હું ખુશીથી તઇયાર થયો.

એ તરકટ પકડવામાં મેં પોતે કેવી રીતે ભાગ લીધો તેનું વરણન કરવાથી આ વારતા લાંબી થઇ પડશે, માટે તે પડતું મેલી સઘલા મુલ બનાવોનો સીલસીલાબંદ હેવાલજ આપવાનું ઠીક થઇ પડશે.

૧૮૬૧ ના જુલાઇ માસમાં, યોરકશાયર પ્રગણાંનાં એક ગામડાંનાં હોટલમાં છીથરા પીથરા દેખાવના એક પુરૂષ અને સ્ત્રી આવી

ઉતર્યાં. હોટલમાં થોડોજ વખત ઉતરવા પછી બંને ધણી ધણીયાણી ગામમાં ફરવા નીકલ્યાં. તેઓ જાણે કોઇ માણસને શોધતાં હોય તેવી રીતે દરેક પાટીયાં વાંચતા અને દરેક જગા બારીકીથી તપાસતાં ફરતાં હતાં. અરધો દીવસ એવી રીતે ફરવા પછી, પોતાની શોધમાં નીષ્ફલ થયાં હોય એવે દેખાવે તેઓ હોટલમાં પાછાં ફરયાં. અહીં આવી તેઓ જમવા બેઠાં, અને તે વેલા હોટલવાલો તેઓ આગલ ઉભો રહયો હતો. જમતાં જમતાં પેલા મરદે હોટલવાલાને પુછયું, "તમો વીલયમ જાનસનને ઓલખો છો?"

તે બોલ્યો, "હા, તે જયારે હયાત હતો, તયારે હું તેને ઓલખતો હતો."

"ત્યારે શું તે હાલ મરી ગયો છે?" પેલો બોલ્યો. "અરે શું મારો ગરીબ બાપ ત્યારે મરી ગયો! તે કયારે મરી ગયો? તેને કયાં દાટયો છે?" આ બોલો બોલી તે રડવા લાગો.

પેલો હોટલવાલો શકમંદ સવભાવનો માણસ હતો. મરનાર જાનસનનો આ માણસ છોકરો હોય, એમ તેના માનવામાં આવયું નહીં. તેણે પોતાનો શક ખુલી રીતે પેલાને કહી સંભલાવયો. તેને અપમાન લાગશે તેની

તેણે જરાબી દરકાર કરી નહી. પણ એટલામાં મી૦ ફરીમેન નામનો તે ગામનો એક રહેવાશી તયાં આવી ચડયો. મી૦ ફરીમેન ઘણો અનુભવી અને બોહુલી ઓળખાણ પીછાણનો માણસ હતો. તેની આગળ પેલા હોટલવાળાએ આ નવી વાત કહી સંભળાવી

મી૦ ફરીમેન આ અંજાણ્યા શખ્સની આગલ આવયો. અને થોડીવાર ટીકી ટોકીને તેની તરફ જોવા પછી, બહુ હરખથી તેના સાથ શેકહાડ કીધો, અને બોલી ઉઠયો. "હા, તે તુંજ છે! તારા બાપ ઘડી ઘડી તને યાદ કરતો હતો. બારીકોથી જોતાં તારા બાપને તું તદન મળતો લાગે છે."

આ રીતની ઓળખાણ થવા પછી બંને જણ બહુ લાંબો વખત સુધી વાત કરવા લાગા. જાનસન પોતાના મરનાર બાપને લગતી દરેક હકીકત મી૦ ફરીમેનને પુછતો હતો, અને મી૦ ફરીમેન તે હકીકતો જણાવવાના બદલામાં તેની જુદી જુદી મુસાફરીઓનો હેવાલ માંગતો હતો.

અતરે વાંચનારને જણાવવાની જરૂર છે કે, આ જાનસન નાનપણમાં બહુ ભટકતા સ્વભાવનો હતો, અને અગયાર વરશની વયે બાપ પાસેથી નાહાશી જઇને વાંહાણમાં આકરી

રહ્યો હતો. તે પછી વાહાણ ખાતાંની નોકરીમાં તેણે ચાલીસ વરસ ગુજારી જુદા જુદા ઘણા દેશોમાં મુસાફરી કરી હતી. એ ધંધામાં પઇસો યા કીરતી તેણે મેલાવી ન હતી; અને શેવટે નાતવાનીને સબબે પચાસ વરસની વયે નોકરી પરથી એકાંતવાસ થયો હતો. એ વેલા તેને પોતાનાં માબાપ બહુ યાદ આવવા લાગાં; અને તેથી પોતાને વતન પાછો ફરયો, જ્યાં આવતાં વાર શું શું બનાવો બનયા તે આપણે ઉપર જોયું છે. મી॰ ફ્રીમેનથી તેને માલમ પડયું કે, તેનાં માબાપ તથા ભાઇબેન મરણ પામવાં હતાં. પણ મી॰ ફ્રીમેને તેને એક નવાઇ સરખી ખબર આપી હતી. તે એ હતી કે, જાનસન એક વાંધામાં પડેલી મીલકતનો વારસ હતો. જાનસનના મરનાર બાપે મી॰ ફ્રીમેનને એ વાત કહી હતી. તે એવી મતલબની હતી કે, તેની સાતમી આઠમી પેહડીની કોઇ એ સ્ત્રીઓ પોતાનાં કુટુંબની મોટી મીલકત કોઇ પાદરીના નામપર ચહડાવી ગઇ હતી. તેઓએ તે મીલકત તે પાદરી અને તેના વંશજોના નામપર કરી આપી હતી, અને તે સાથે એવી શરત જોડી હતી કે, જ્યારે તે પાદીના વંશમાં કો ઇજ વારસ નહી રહે તયારે સઘળી મીલકત

પાછી તેઓનો જે હકદાર વારેસ હયાત હોય તેને મલે. એ વસીહતની શરતો ઘણી ગુચવણ ભરી હતી. જાનસનની વડવીઓએ એ કારણે બે વકીલોને મજકુર મીલકતના ત્રસટીઓ તરીકે ઠરાવયા હતા. તેમાં એક વકીલ તો તે વસીહતનામું ઘડનાર હતો. તેનું નામ મી૰ સલીકી કરી હતું.

એ વસીહતનામું થવા પછી તે કરનાર બંને બાઇઓ મરણ પામી હતી. તેઓની પાછલ તેમનો એક ત્રસટીબી મરણ પામયો હતો. તે પછી મી૰ સલીકી વકીલ એકલોજ ત્રસટી હયાત રહયો હતો. મી૰ સલીકીની હયાતી માંજ પેલો પાદરી તથા તેના સઘલા વારસો એક પછી એક મરણ પામયા. છેલો વારસ મરણ પામવા પછી, જાનસનના બાપનો તે મીલકત ઊપર કાયદા પ્રમાણે હક પુગનો હતો. પોતાનો તે હક દેખાડવા માટે તે મી૰ સલીકી આગલ ગયો, પણ મી૰ સલીકીએ તેને જણાવયું કે, તેની પોતાની ધણીયાણી તે મીલકતની હકદાર વારસ હતી. તેનાં કારણમાં તેણે જણાવયું કે, જે બીઓએ અસલ વસીહત કરયું હતું, તેઓની વધારે અતલગની સગી તેની ધણીયાણી હતી. અને તેથી એ મીલકત તેણીને મલશે. જાનસનનો બાપ આ હેવાલ સાંભળીને ગુસ્સે

મોહડું પાછો ફરયો. તેની ખાતરી હતી કે, મી૦ સલીકી વકીલે આ સઘળું તરકટ રચ્યું હતું. તેણે ઘણા વકીલોની સલાહ લીધી, પણ તેઓએ કજયો લડવાનો મોટો ખરચ થવાનો ભય આપવાથી તેને નાચાર થઇ બેસવું પડયું. તેટલાં મી૦ સલીકી મરી ગયે, આથી જાનસને પાછું એકવાર નસીબ અજમાવી જોવાના વીચારથી તેના બેટાની મુલાકાત લીધી, જે પણ એક વકીલ હતો. જવાન સલીકીઓ પોતાના બાપ જેવોજ માલમ પડયો. જાનસનના દાવા વીશે પોતે તદનજ અજાણપણું બતાવયું, અને એ બાબદ પોતે કંઇ સમજતોજ નહોય તેવું ડોલ ઘાલયું. એ પછી બુઢા જાનસને વધુ કોશેશ પડતી મેલી. પણ તેણે મી૦ ફ્રીમેનને પોતાની મરનાર વડવીઓનાં વસીયત નામાંની એક નકલ આપી રાખી હતી, અને તેને કહયું હતું કે, મારો ખોવાયલો બેટો કદી પાછો મલે તો તેને આ વસીયત આપીને સઘલી વીગત સમજાવજો. મી૦ ફ્રીમેને તે ફરજ અદા કરી પોતાના મીત્રના આ પાછા મલેલા બેટાને તે સઘલી વાતથી વાકિફ કીધો.

તેઓ બંનેએ ઠરાવ કીધો કે, લંડનના કોઇ કાબેલ વકીલની સલાહ એ બાબતમાં લેવી તે મુજબ લંડન આવી તેઓએ એક પ્રમાણીક

વકીલ શોધવા માંડયો. પણ તેઓને તેથી ઊલટી જ કીસમનો એક વકીલ નામે મી૦ બારકીંગ મલી ગયો. મી૦ બારકીંગ દેખાઇનો ઘણો આબરૂદાર અને નમનતાઈ ભરેલો હોવાથી, તેના બાહારના દેખાવપર આ બંને ગામડયાઓ ઠગાઈ ગયા. તેઓએ તેની આગલ સઘલી વીગત રજુ કીધી, તથા બની શકયા એટલા દસ તાવેજો તેને સવાધીન કીધા. જાનસન અને તેના મીત્રને કેટલાક ધકા ખવાડીને પછી શેવટે મી૦ બારકીંગે કોરટમાં ફરયાદી નોંધાવી. એટલા ટુંક અરસામાં તરેહવાર બહાને મી૦ બારકીંગે જાનસન પાસે એટલાં બધાં નાણાં ઓકાવયાં, કે ભવીષય માટે તે બાપડો ગભરાટમાં પડયો; પણ મોટી દોલતની આશાને લીધે તેણે મુગે મોંહડે તે ખરચ ખમયો.

ફરીયાદી નોંધાવા પછી તેને લગતી નોટીસ, મી૦ બારકીંગે પરતીવાદીઓને કાયદાસરના વખતની ઘણી મુદત આગમજથી પુગાડી. મી૦ બારકીંગનું આ કામ તદન અઘતીટ હતું, પણ પોતાના વકીલ ભાઇબંધને પોતાનો બચાવ તઈયાર કરવાને પુરતો વખત આપીને તેને લગાર ખુશી કરવો એવી તેની નેમ હતી.

નોટીસ, મરનાર મી૦ સલીકીના પિટા, બેટીઓ, જમાઇઓ વગેરેપર પુગાડવામાં આવી

હતી; કેમકે તે સરવેનો મજકુર મીલકતમાં ભાગ હતો. જવાન સલીકો પોતે વકીલ હતો, તોપણ પોતાના બચાવ માટે તેણે બીજા કલીવરસાહેબ નામે વકીલને રોકયો હતો. નોટીસ પુગવા પછી, થોડીજ મુદતે મી૦ કલીવરસાહેબે પરતીવાદીઓ તરફથી વાદીના હીમાયતી મી૦ બારકીંગની ભેટ લીધી. મી૦ બારકીંગે મુદત આગમજ નોટીસ મોકલાવીને પરતીવાદીઓને પોતાના બચાવ માટે તઇયાર થવાની તક આપી તે માટે મી૦ કલીવરસાહેબે ઊપકાર માનયો; અને કહ્યું કે, એ ઊપકારના બદલામાં મારૂં કુલ પોતાના બચાવના સઘલા પુરાવા તમોને દેખાડવા માંગે છે. તેણે એ પુરાવા તરીકે કેટલાક દસતાવેજ બતાવીને સલાહ આપી કે, પરતીવાદીઓનો બચાવ મજબુત છે, અને વાદો બીચારો અભણ અને અણુસમજુ માણસ છે, માટે તેને નકામો મેહનત અને ખરચ નહી પડે એવી ધારણાથી પરતીવાદીઓએ દયા ખાઇને પોતાના સઘલા પુરાવાઓ તેની આગલ ખોલા કીધા છે.

મી૦ બારકીંગે પરતીવાદીઓના આ ખુલાપણાં માટે તેમનો ઉપકાર માનયો, પણ વાદીનો દાવો મજબુત છે, એવી પોતાની ખાતરી જણાવી.

બંને વકીલો આમણ સામણ એકમેકની લાયકીની વખાણ કરીને છુટા પડયા, અને જતી વેળા મી૰ કલીયરસાહેબે મી૰ બારકીંગને જણાવયું કે, મી૰ સલીકોને ગામ પધારવાની તસદી જો મી૰ બારકીંગ લેશે તો, મી૰ સલીકી મુકદમા બાબત કેટલીક વધુ વાતચીત તેની સાથ કરશે.

મી૰ બારકીંગે આ નોતરૂં બાહાલ રાખયું, અને મી૰ કલીયરસાહેબની મુલાકાતની સઘળી હકીકત પોતાના કુલ મી૰ જાનસનને લખી વાળી.

તે વાત જાણતાંજ જાનસન લનડન ખાતે પોતાના વકીલ આગલ દોડી આવયો. તેણે મી૰ બારકીંગને સલીકોની મુલાકાત લેવા સામે મના કીધી. તે બોલયો કે, એ મુલાકાત જોખમ ભરેલી થઇ પડશે. પણ મી૰ બારકીંગે તે વાત માની નહી. તેણે જણાવયું કે, એ મુલાકાતથી આપણા દાવાની મજબુતી વીશે હું જવાન સલીકોની ખાતરી કરીશ. વલી તે બોલયો કે, કદાચ એટલી હદ સુધી હું ફાવી શકીશ, કે પરતીવાદીઓ ગભરાઇને પોતાનો વાંધો છોડી દેશે, અને મુકદમાનું કામ આગલ ચલાવાનીબી જરૂર રેહશે નહી.

શેવટે જાનસને આ મુલાકાત ઊપર પોતાની બહાલી આપી. મી૦ બારકીંગ લંડનથી નીકલીને પરતીવાદીઓને ગામ આવી લાગો. તેઓએ તેને પોતાને તયાં ઊતારો આપયો, અને તેની ઘણી સારી રીતે પરણોગત કરવા માંડી. પોતાના કુલના હરીફોને તયાં એક બે દીવસ રહીને મી૦ બારકીંગે તેમની પરોણાગત સારી રીતે ભોગવી. તેઓ વચે શું બનયું, તે કોઇને ખબર નથી; પણ મી૦ બારકીંગે પાછો ફરીને પોતાના કુલને જે સલાહ આપી, તે પરથી વાંચનાર તે વીશે કાંઇ અટકલ કરી શકશે.

મી૦ બારકીંગે જાનસનને તેડાવીને કહયું "સામી બાજુવાલાઓનો દાવો જોકે ખોટો છે, તોપણ તેમનો બચાવ મજબુત છે. તેઓ પાસે પઇસાનું જોર છે, એટલે ચુનંદા બારીસટરોની મદદ મેલવીને તેઓ લડશે. તેઓ સાથે હરીફાઇમાં ઊતરવાને આપણેબી બહુ ખરચ કરવો જોઇયે; પણ તેની તમારી પાસે જોગવાઇ નથી. આપણો દાવો વાજબી છે, પણ તેનું વાજબીપણું પુરવાર કરવા માટે આપણને બહુ મેહનત અને ખરચ કરવાં જોઇયે. સામેવાલાઓ જેવા બારીસટર છે તેવાજ કાબેલ બારીસટરો આપણે લેવા જોઇયે; અને તે

बारीसटरो एक बे नही, पण ओछामां ओछां त्रण जोइशे. ए सघलो खरच तमो करी शकशो ? "

जानसन आ वात सांभळी अजायबी मां पडी गयो. तेने मोटी मोटी आशा आपीने मी० बारकींगे पेहलां बाहार पाडयो हतो. अने ते आशामां तेनी पासथी पुशकल पयसा कहडावया हता. ते वेळा जे ऊलट भरया बोलो ते बोलतो हतो, तेथी तदन ऊलटीज रुप तेनी वातचीतमां आजे जणाई.

मी० बारकींग तेनो गभराट चेती गयो. जानसनने हवे दीलाशो आपतो होय, तेवी ढब पथी ते बोलयो, "पण हजी आपणा हाथ मां एक रसतो बाकी छे."

" ते शुं छे, ते मेहेरबानी करी जणा- वी दयो, " जानसन लगार अधीराइथी बोली ऊठयो. पोताना वकीलपर हवे तेने शक आव- वा मांडयो हतो, अने तेथी ते मनमां बहु फफडतो हतो.

मी० बारकींग बोलयो, " ते एज के, जो तमारी मरजी होय तो ए बाबदनो सम- जुतथी नीकाल लावावानी कांइ गोठवण करुं "

" समजुती ! " जानसन बुम पाडी बो- लयो. " नही कदी नही. मारो वाजबी हक

હું કદી છોડી નહી દેઇશ. મારા વાજબી દાવા કરતાં એક અરધીબી ઓછી હું લેઇશ નહી. મારા ગરીબડા બાપની ઇછા મુજબ, પેલા લુચા સલીકોનાં તરકટ ઉઘાડાં પાડવાનો મારો પકો ઠરાવ છે. મારી મીલકત પુરેપુરી લેવા વીના હું રેહનાર નથી. ”

“ પણ શેઠ મારા,” બારકીંગ બોલ્યો,“ તમો બીજી બાબતોનોબી કંઇ વીચાર કરશો કે નહી ? તમો બધી વાત કરો છો ખરા, પણ તે માટે તમારામાં તમારી શકતી કેટલી છે, તે તમો જાણોછો ? એવા મજબુત હરીફો સાથે લડવામાં કાંઇ થોડો જોખમ નથી. તેઓ કાંઇ એકજ કોરટના ચુકાદા સ્વીકારીને બેશી રહવાના નથી છેલી હદ સુધી ઇનસાફ મેળવવાને તેઓ તઇયાર છે. એક કોરટમાં હારયા તો, બીજી કોરટને તેઓ અપીલ કરશે. તયાંથી હારયા તો, પારલામેંટ સુધીબી પોતાની ફરયાદ લેઇ જવાને તેઓ ચુકશે નહી. તે બધું કરતાં ખરચ કેટલો થશે ? આપણને ઓછામાં ઓછા ત્રણ બારીસટર કરવા પડશે. તેમાં બે જણતો ચુનંદામાં ચુંનદા જોઇશે. નાના બારીસટરને ઓછામાં ઓછી વીશ ગીનીની ફી આપવી પડશે. તેથી વહડતાને તેના કરતાં બેવડું દામ અને સરવથી વડાને ઓછામાં ઓછી પચાસ ગીની તો આપવીજ પડશે. ”

"શું એકલા એકને પચાસ ગીનીની ફી આપશો ?" જાનસને પુછ્યું.

બારકીંગ બોલ્યો, "બચીતજ. જો તેને એટલી ફી નહી આપશે તો, તે પોતાની ફી ગજવામાં મારીને કજીયો કોઇ કાચા બારીસટરને સોંપી દેઇને આપનું કામ બગાડી નાખે. તમો ગભરાવો છો કેમ ? એટલાજ ખરચમાં સઘલું પુરૂં થયું નથી. બારીસટરોની ફી ઉપરાંત બારીસટરોના કલારકની ફી, બારીસટરોને મસલેહત કરવા માટે ભેગા કરવા પડશે તેની ફી, બારીસટરોનો ખાવા પીવાનો ખરચ ઈતિયાદી ઘણું થશે. ?"

"બાપરે" ! જાનસન બુમ પાડી ઉઠયો. "પણ એ બધું મલીને કેટલું થશે ?"

બારકીંગ બોલ્યો, પેહલેજ દાહડે આશરે છડીસો પાઉંડ (છડી હજાર રૂપયા) તમને ગજવામાંથી કાહાડવા પડશે. વલી તેમાં મારૂં તો મેં ગણયું નથી. આજ સુધી મેં અને મારા કલારકોએ તદન મુફત કામ કરયું છે. પણ હવે આવી મેહનત માટે અમોને કાંઈ સારો બદલો મલવો જોઇયે."

આટલા દીવશ તરેહવાર બાહણે જાનસન પાસેથી કહડાવેલા પઈસા જાણે પોતાને મલયાજ ન હોય, તેવી રીતે મી૦ બારકીંગ મુ-

ફત મેહનત કરવાનું ડોલ ઘાલવાથી, જાનસન બહુ ખીજવાઇ ગયો. તેણે લગાર તોરમાંજ પોતાના વકીલને પુછ્યું, "તમોને વલી કેટલા જોઇશે ?"

બારકીંગ બોલ્યો, "અલબતાં તમારી ગરીબ હાલત જાણવાથી, હું તમારેથી ઘણાંની આશા રાખતો નથી. તોપણ અમોનેબી અમારા પેટને માટે મેહનત કરવાની, એટલે—

"પણ તમને કેટલું જોઇશે, તે બોલોની ?" જાનસન બહુજ ચીરડાઇને બુમ પાડી ઉઠયો. મી૦ બારકીંગ થંડે પેટે તેને સીસામાં ઉતારવા માંગતો હતો, તે જાનસનથી ખમાયું નહી.

મી૦ બારકીંગ બોલ્યો, "બ્ચીત સાહેબ, તમો મને ઘણો ગેરઇનસાફ કરોછો. કંઇ હાંસલ વગર આટલા દીવસ તમારૂં મેં કામ બજાવવા પછી, તમો મારી સાથે આવી તોછડી વરતણુક ચલાવશો, એવી મને આશા ન હતી. મેં દીલોજાનીથી તમારાં કામ પાછલ મેહનત કરી છે, અને તે પછી તમો જે વરતણુક મારી તરફ બતાવો છો, તે મને પસંદ નથી. એવી વરતણુક હું કદી મુગે મોહડે ખમતો નથી. તમારો મુકદમો પડતો નાખવાને મને ઘણું મન થાયછે, પણ કોઇને નુકશાન કરૂં, એવો મારો સ્વભાવ નથી. માત્ર સાહડી ત્રણસો પાં-

ઊંડ આઓ મુકદમો ચલાવવા માટે હું લઇશ, અને તેટલાંમાંથીજ મારાં માણસોનેબી સમજાવી કાહાડીશ. પણ જો અપીલ કોરટમાં મુકદમો જાય, અથવા કોઈ કાયદાની બારીકી નકી કરવા માટે ફુલ કોરટમાં કામ જાયતો, તેનો ખરચ જુદો લેઇશ. હું તમોને આગમજથી ચેતાવીને કામ લેવા માંગુછું. તમારો મુકદમો ઘણો મજબુત છે, પણ કાયદાની કેટલીક ગુચવણોથી ભરેલો છે. વલી સામાવાલા મજબુત છે, અને જીવપર આવીને લડશે. એવાં મેહુનત ભરયાં કામ માટે મને ઘણો નહી તોબી થોડો બદલો તો મલવોજ જોઇયે."

આ જવાબ સાંભલતાં જાનસનના તો હાંજા ગગડી ગયા. તેણે જોયું કે, એટલા બધા પઇસા મેલવવાની તેની પાસે કશી જોગવાઈ ન હતી. વલી કરજ કરીને એટલાં નાણાં કહડાવે અને પછી મુકદમો હારી જાય તો, બધાં નાણાં પાછાં અદા કરવાનીબી કશી આશા ન હતી. મી૰ બારકીંગને અતયાર સુધીમાં જે નાણાં તેણે આપયાં હતાં, તેટલાંનોજ બોજો તેને માટે બહુ ભારે હતો. વલી મી૰ બારકીંગની ઇમાનદારી પરબી તેને હવે શક ઊતપન થયો હતો. વલી તેને વીચાર આવયો કે, કદાચ જોખમ એડીને મુકદમો ચલાવા પુરતાં નાણા કહડાઊં, પણ

અધવચમાં મી૦ બારકીંગ પ્રતીવાદી સાથ મલી જઇને મુકદમો પડતો નાખેતો પછી? બારકીંગપર તેને હવે બહુજ ગુસો ઉપજવા માંડયો. પેહલાં તેને ઉલટ આપીને ફરયાદી મંડાવા પછી, હવે વાંધા કાહડીને તેની સઘલી આશા ભંગ કરી હતી. પેહલાં મી૦ બારકીંગના મીઠા બોલો પર, તેણે ભુલાવો ખાધો હતો. તે સમજયો હતો કે, હું જીતયા વીના રહીશ નહી, અને તે આશાથી ઉલટમાં આવી તેણે લગાર છુટે હાથે ખરચ કીધો હતો. તે સઘલો હવે નકામો જવા ઉપરાંત, તેણે બાંધેલી મોટી મોટી આશાઓબી હવે રદ થઈ પડી હતી. એ સઘલા વીચારોથી તેને એટલો તો ફફડાટ ઉપજયો કે, ચાલતું હોય તો બારકીંગનો ટોટો તે પીસી નાખતે. તે પોતાના ગુસાને ફાવવા દેતે, પણ એક વકીલ સાથે તેને કામ લેવાનું હતું એટલે તે અખાડા કરી ગયો. પરતીવાદીઓ સાથે સમજુતી કરવાનેબી તેનો ઇરાદો ન હતો. તેણે તો મકમ ઠેરાવ કીધો કે, યાતો પોતાના હક મુજબ સઘલી મીલકત લેવી, નહી તો તે તદન છોડી દેવી; પણ થોડાં ઘણાંથી તો રાજી થવુંજ નહી. શેવટે, તુરત વેલા ફરયાદી પડતી નાખવાનો વીચાર તેણે જણાવયો.

મી૦ બારકીંગ બોલયો, "તમો સમજુતી કરવાને રાજી નથી, અને મુકદમો આગલ

ચલાવવાના તમારી પાસે પઇસા નથી. આથી રસતો માત્ર એજ બાકી રહયો છે કે, કોરટને ફરયાદી કાહાડી નાખવા માટેની નોટીસ આપવી. જો એ નોટીસ આપશો નહીં તો, ફરયાદી નીકલે તે વેલા વાદીની ગેરહાજરીને લીધે ખરચ સીકે પરતીવાદીના લાભમાં હુકમનામું થશે; જે તમોને બહુ ભારી પડી જશે. તે હુકમનામું અદા કરવાનાં નાણાં તમારી પાસે નહી હોવાથી તમને જેલમાંબી કદાચ જવું પડશે. માટે તમે કહો તો, ફરયાદી માંડી વાલવાની નોટીસ હું આપીશ."

આ નોટીસ માટે જાનસન કબુલ થયો, કેમકે હવે બીજો રસતો ન હતો. તે નોટીસને તથા બીજો કેટલોક વધુ ખરચ આપીને, તે મી૦ બારકીંગથી છુટો પડયો. એ મુકદમો કોઈ બીજા વકીલના હાથમાં નહી જાય, તેનીબી મી૦ બારકીંગે ગોઠવણ કરી રાખી. મુકદમાને લગતાં કાગજીઆં અને દસતાવેજો જાનનસનને સવાધીન કરી દેવાને તેણે ના પાડી. તેનાં કારણમાં તે બોલ્યો કે, મને જે ખરચ થયો છે, તેનો પા ભાગબી મને મલયો નથી, માટે તેની જામીનગીરીમાં એ કાગજયાં હું રાખીશ. જયારે મને મારા પુરેપુરા પઇસા મલશે; તયારે એ કાગજયાંનો કબજો હું છોડીશ.

નીરાશ દીલે જાનસન પોતાને ઘર પાછો ફરયો. તેણે પોતાની ધણીયાણીને એકલીને જ બારકીંગની લુચ્ચાઇનો હેવાલ કહયો. બીજાઓ આગલ એ વીશે તેણે એક હરફબી કાહાડયો નહી; કાંકે પુરાવા વગર એક વકીલ પરલુચ્ચાઇનું તોહમત મેલવાનો જોખમ તે જાણતો હતો. વલી પોતે ઠગાઈ આવયો, તે જાહેર કરવાથી લોકોમાં હસી થવાનીબી તેને બીક હતી. તુરત વેલા પોતાનો મુકદમો તેણે પડતો નાખયો, અને તેની નીરાશી ભુલવા માટે તે છુટથી દારૂનો ઊપયોગ કરવા લાગો.

**પેલો ડીટેકટીવ** આગલ ચાલતાં કહે છે કે, મી० બારકીંગના હાથપર થાપ ખાવા પછી જાનસને કંઇબી વધુ ઊપાયો પોતાના દાવાના સંબંધમાં લેવા વગર ચાર વરસ નકામાં કાહડી નાંખયાં. પાંચમાં વરસની શુરૂઆતમાં તેને એક ચાલાક જવાન વકીલ સાથ પીછાણ પડી. એ વકીલ ઘણો પ્રમાણીક માણસ હતો. જાનસનની વાત સાંભલવાથી તેને દયા આવી, અને કંઇબી નફાની આશા રાખવા વીના તેણે તેનું કામ પોતાના હાથમાં લીધું. બારકીંગ પાસેથી મુકદમાને લગતાં કાગજયાં પાછાં મેલવવાની દરકાર કરવા વગર તેણે નવેસરથી મુકદમો તઇયાર કીધો. તેણે આખી મી

લકતપર દાવો ઉઠાવવાને બદલે, તે મીલકતના થોડાક ભાગપર દાવો ઊઠાવીને એક અજમાયશ કરી જોવાનો વીચાર કીધો. અલબતાં આ રીત સારી હતી. જો એ નાનો દાવો પાર પડતે, તો પછી બાકીની મીલકત વગર ફરયાદીએ પ્રતીવાદી સોંપી દેવા વીના રહે નહી એમ તેની ખાતરી હતી. પણ તેણે થોડોક મુકદમો તઇયાર કીધો નહી, તેટલાં જાનસનને કમ ભાગયે તે અચીંતો મરણ પાંમયો. તેનાં મરણ બાદ તેના કુટુંબીઓએ તેનું સઘલું કામકાજ તેના એક મીત્ર વકીલને સોંપયું. એ ગરહસથ પોતાના મરનાર મીત્ર જેવો ઉદાર હતો નહી. એટલે જાનસનનું કામ મુફત ચલાવવાને તેને ગમયું નહી. તોપણ તે મી૦ બારકીંગ કરતાં બહુ ભલો હતો. કશાં પણ દામ વીના મુકદમાનાં કાગળયાં જાનસનને અથવા તેની પસંદગીના કોઇબી વકીલને આપી દેવા ને તે તઇયાર હતો. એટલુંજ નહી પણ, જો મુકદમાનો બીજો ખરચ જાનસન આપે તો, પોતાની ફીનાં નાણાં લેવા વીના, તેનો મુકદમો ચલાવવાનેબી તેણે મરજી દેખાડી હતી.

આવી હાલતમાં કેમ વરતવું તેની જાનસનને સમજ પડી નહીં; અને તેથી તેણે પોતાના મીત્ર મી૦ ફરીમેન ઉપર કાગળ લખી

ને તેની સલાહ માગી. ફ્રીમેને પોતાના ઘણાક મીત્રો તથા ઓળખીતાઓને જાનસનના દાવાની હકીકત જણાવી હતી. તે વાત સાંભલીને તેઓની દીલસોજી જાનસન તરફ ઊશ્કેરાઇ હતી, અને તેમાં એક પાદરી તો પોતાથી બનતી મદદ આપવાને તઇયાર હતો. એ બનાવ ફ્રીમેને જાનસનને લખી વાલયો, અને તેને વલી વધુ એવું જણાવયું કે, તારા મુકદમાની મજબુતી વીશે તારા વકીલની સરટીફીકિટ લેઇને તું મારે ગામ આવશે તો તને મદદ કરનારા અને મુકદમાના ખરચ માટે જરૂર પડતાં નાણાં ધીરનારા મેલવી આપીશ.

ફ્રીમેનની સલાહ મુજબની સરટીફીકિટ જાનસને પોતાના વકીલ પાસે માંગી, જે તેણે ખુશીથી આપી. જો કે, તે પોતાને જોખમે આ મુકદમો ચલાવવાને રાજી ન હતો, તોપણ જાનસનના દાવાનાં ખરાપણાં વીશે તેની ખાતરી હતી.

આ સરટીફીકિટ સહીત જાનસન યાર્કશાયર ખાતે પોતાના મીત્ર પાસે આવ્યો. ફ્રીમેને તેને પેલા પાદરી સાથે મુલાકાત કરાવી. પાદરીએ પોતાની બનતી મદદ આપવાની કબુલાત આગલ આપી હતી, પણ તે ઝાઝી ખરાં દીલની ન હતી. તો પણ પોતાનો બોલ

પાલવો જોઇએ, એટલે તેણે બાહારની પીડા બાહાર કાહાડવાની એક યુકતી કીધી. પોતાની ઓલખાણનો એક વકીલની પેહેડીપર ભલામણ પત્ર લખી આપીને જાનસનને મોકલ્યો. મેશરસ સમુધી અને ગરીનડરને નામે એ વકીલોની પેહેડી ઓલખાતી હતી. તેઓ પાસે જાનસન અને તેની ધણીયાણી બંને ગયાં. એ પેહડીનો ભાગ્યો ગરીનડર તેઓને આફીસમાં મલ્યો. તેણે ધયાનથી તેમની સઘલી હકીકત સાંભલી લેઇને ફરીથી આવવા જણાવયું.

કંઇ કંઇ બાહણે તેમને ઊડાવયા કરીને મી૦ ગરીનડરે નકી જવાબ આપવા વીના પાંચ અઠવાડીયાં ગાલી કાહડયાં. તે પછી તેણે તેમને સલાહ આપી કે, પ્રતીવાદી સલીકીના ભાગ્યા સાથે આપણે મુલાકાત કરીને એ બાબદમાં કાંઇ નીવેડો લાવવાની તજવીજ કરયે. જાનસને પેહલાં તો એ ભલામણ સામે સખત વાંધો લીધો; પણ મી૦ ગરીનડરની તકરારેથી આજેજ થઇ શેવટે તે કબુલ થયો.

બીજે દીવસે સવારે, મી૦ ગરીનડર સાથે મી૦ અને મીસીસ જાનસન નીકલ્યાં. સલોકીનો ભાગ્યો જે ગામમાં રેહતો હતો તયાં તેઓ આવીને એક હોટલમાં ઉતરયાં. જાનસનને ખરચે નાસતો કરવા પછી મી૦ ગરીનડર ગા-

મમાં ફરવા નીકળ્યો, અને પોતે શું કામ બાહાર જાય છે, તથા કયારે આવશે, તે વીશેની કશીબી ખબર તેઓને આપવા વીના તે બાહારજતો રહયો. મોડે સુધી તે પાછો ફરયો નહી; અને મી૦ અને મીસીસ જાનસન તેની રાહ જોતાં બેશી રહયાં. મીસીસ જાનસનના મનમાં મી૦ ગરીનડર વીશે શક ઊતપન થયો હતો, પણ તેણી તે વાત જાનસન આગલ બોલી નહી; કેમકે, મી૦ ગરીનડરની ગેરહાજરીમાં પોતાનાં મનની બેચેની નરમ પાડવા માટે ઊપરાસાપરી દારૂ પીને તે છાકટો બનયો હતો.

સાંજે મોડેથી મી૦ ગરીનડર પોતા સાથે બે શખસોને લઇને પાછો ફરયો. તે બોલ્યો, "સલીકીનો ભાગયો આપણી બાબતમાં કાંઇ કરી શકશે નહી, પણ તમારે માટે મેં એક બીજું કામ બજાવયું છે. તમોને મુકદમાના ખરચ માટે નાણાં જોઇયે છે, અને તે નાણાં ધીરનારા મેં શોધી કાહડયા છે. મારી સાથે આવેલા આ ગ્રહસ્થો તમોને ત્રણસો પાઊંડ ધીરશે. તે વીશેનો સઘલો બંદોબસત મેં એ લોકો સાથે કરી રાખયો છે. તમારે માત્ર કરવાનું એટલુંજ કે, અમોએ આગમચથી એક લખત તઇયાર કરી રાખયું છે તે ઊપર તમો સહી કરી આપો."

આ લખત મી૦ ગરીનડરે પોતાના ખીસામાંથી કહાડીને જાનસનને હાથમાં આપ્યું. જાનસન તદન છાકટો બનેલો હતો. તે લખતમાં શું લખેલું હતું, તે વીશે તેણે જાણજી દરકાર કરયા વીના સહી કરી આપી. મીસીસ ગરીનડર પાસેથી સહી કરાવી લેવામાં આવી.

એ લખતપર સહી કરતાંવાર મી૦ ગરીનડરે પુરા ત્રણસો પાઊંડ આપયા નહીં તુરત વેલા થોડાક પાઊંડ આપીને બાકીના માટે તેઓને બીજે દીને પોતાની આફીસમાં બોલાવ્યાં. વલી તેના કારણમાં મી૦ ગરીનડરે મીસીસ જાનસનને હલુસેથી સમજાવયું કે, તેણીનો ભરથાર દારૂ પીધેલી હાલતમાં હોવાથી એવી વેલાએ તેને પુરેપુરા રૂપયા આપવા ઠીક નહીં. આ ખોલાસાથી મીસીસ જાનસન રાજી થઇ.

બીજે દીને જાનસન પોતાના મીત્ર મી૦ ફરીમેન સાથે બાકીના રૂપયા લેવા માટે મી૦ ગરીનડરની આફીસમાં જવા નીકલયો. જાનસન એ વેલા પુરી સુધ્ધીમાં હતો, અને આગલા દીવશના બનાવો વીશે તેના મનમાં તરેહવાર વીચાર આવતા હતા. તેને જરા લગાર શક પડયો હતો કે મી૦ ગરીનડરે ઊતાવલે જે

લખાતપર તેની પાસે સહી કરાવી નાખી હતી તેમાં કાંઇ તરકટ હશે. તેણે પોતાનો આ શક ફરીમેનને કહયો, પણ તેણે તે વાત હશી કાહડી. ફરીમેન પોતે સાફ દીલનો અને પ્રમાણીક હતો, એટલે તેને બીજાઓપર એકદમ શક આવતો નહતો. તે માનતો હતો કે, તેના પાદરી મીત્રે સોંપી આપેલો વકીલ કદી પણ અપ્રમાણીક હોય નહી.

તેઓ આફીસમાં આવયા તે વેલા મી૦ ગરીનડર તો મલ્યો નહી, પણ તેનો ભાગયો મી૦ સમુધી તેમને મલયો. તેણે તેઓને જણાવયું કે, મી૦ ગરીનડર અગતના કામસર લંડન ગયો છે, પણ જાનસનને આપવા માટે તે ત્રણસો પાઊંડ આપતો ગયો છે. તે ત્રણસોમાંથી સાઠ પાઊંડ વકીલની ફીના કાપી લેઇને બાકીના ૨૪૦ પાઊંડ મી૦ ગરોનડરે મી૦ સમુધીને આપ્યા.

એ નાણાં લેઇ તેઓ બાહાર નીકલ્યા. જાનસન બડબડવા લાગયો કે, મી૦ ગરીનડર લુચો માણસ હોવો જોઇયે, કેમકે ત્રણસો પાઊંડ ઉઘ્રીના કહડાવી અપાવાની મેહનત માટે તેણે લીધેલી સાઠ પાઉડની ફી ખચીત ઘણી ભારે હતી.

મી૦ ફરીમેન આ વીચાર સાથે મલતો થયો નહી. તેણે જાનસનને જણાવયું કે, વકીલો

પોતાની મેહેનતનું દામ વધારે લેય છે, પણ તેમાં લુચાઇ ગણાય નહી. મુકદમો જીતવા પછી જે મોટી મીલકત મલશે તેનો વીચાર કરીનેજ તેણે આટલી મોટી ફી લીધી છે.

આ વીચારથી દીલાસો માનીને જાનસન પેલા ૨૪૦ પાઊંડ લેઇ પોતાને ઘેર આવયો. તે યાર્કશાયરમાં થોડો વખત વધારે રેહવાનો વીચાર રાખતો હતો, પણ મીં૦ ફ્રીમેને તેને જલદીથી જઇને પોતાના વકીલને પેલાં નાણાં ભરી દેઇ મુકદમાનું કામ આગલ ચલાવવાની સલાહ આપી. મીં૦ ફ્રીમેન ગભરાતો હતો કે, જાનસન જો જલદીથી વકીલને પોતાના હાથમા નાણાં ભરી નહી દેશે તો તે દારૂ તથા બીજી મોજ મજાહમાં ઉડાવી દેશે.

ફ્રીમેનની સલાહ પર અમલ કરીને જાનસન લંડન આવયો અને પોતાના વકીલને મલ્યો. તેણે મેશરશ સમુધી અને ગરીનડર વકીલોની પેહડી સાથનાં પોતાનાં કામકાજની હકીકત વકીલને કહી. પણ તે વકીલ તો હવે તદન ફરી બેઠો; મેશરશ સમુધી અને ગરીનડર ઘણા અપ્રમાણીક માણસો છે, અને તેમના હાથમાંથી આવેલા પઇસા હું કદી લેનાર નથી, એમ જણાવી તેણે તેનો મુકદમો આગલ ચલાવવાને ના પાડી.

વલી એકવાર ફરીથી જાનસન ગુચવણમાં આવી પડયો. મેશરશ સમુધી અને ગરીનડર ની પેહડીએ તેને માટે જોઇતાં નાણાં મેલવી આપવા પછી, પોતાના ખરા હકની મોટી મીલકત થોડા વખતમાં આવી મલશે એવી તેને આશા ઊતપન થઈ હતી; પણ તેના વકીલે તેવામાં દગો દેવાથી તે બહુ નાસોપાસ થઇ ગયો. તે હવે પોતાના ઘરમાંને ઘરમાંજ એ ધવાન સરખી હાલતમાં બેશી રેહવા લાગો, અને કોઇ કોઇવાર બાહાર જતો તયારે છાકટો બનીને પાછો ફરતો. એવી રીતે પેલા ૨૪૦ પાઊંડ ખરચાઇ જવા લાગા, પણ તેટલાં વલી તેને એક બીજો સલાહકાર મલી આવયો જેણે તેને દોલત મેલવવાનો નવો રસતો બતાવ્યો.

તે નવો માણસ મી૦ શીયરર કરી હતો. જાનસનના મુકદમાની વાત તે જાણતો હતો. તેણે જાનસનને સલાહ આપી કે, સોનાની ખાણ ખોદનારી એક કંપની, જે તેણે પોતે ઉભી કરી હતી, તેમાં પોતાનાં નાણાં રોકવાં. તેણે બહુ મોટી દોલત મલવાની લાલચ બતાવવાથી જાનસને પેલા ૨૪૦ પાઊંડમાંનાં જે નાણાં પોતાના હાથમાં બાકી હતાં તે પેલી કંપનીના શેરો ખરીદવામાં રોકયાં. એટલું કરીનેજ તે અટકયો નહી પણ પોતાના ઠગારા સલાહકારના

સમજાવવાથી તેણે પોતાની જે થોડી ઘણી પુંજી બેંકમાં મુકેલી હતી તેબી એ સટામાં રોકી દીધી. થોડાજ વખતમાં તે કંપની ભાંગી પડી, અને તે સાથ જાનસનની સઘલી નાની પુંજી ઘસડાઈ ગઇ.

પોતાના ગુજરાણનો હવે કશો આધાર ન રહેવાથી તેઓએ મજુરી કરીને પેટ ભરવા માં-ડયું. જાનસન ભાડુતી ગાડીઓ હાંકવા લાગો; અને મીસીસ જાનસને પરચુરણ મજુરી તથા કપડાં ધોવાનો ધંધો કરવા માંડયો. જાનસને દારૂ પીવાનું તથા બીજી મોજ મજાહો છોડી દીધી અને તેથી તેઓ ટુક પુજી પેદા કરી સારી રીતે પોતાનો નીભાવ કરવા લાગાં. મીસીસ જા-નસન કહેછે કે, આગલી હાલત કરતાં તેમની આ હાલત વધારે સારી હતી, અને સોનાની ખાણ ખોદનારી કમપનીનાં વેડજામાં પોતાના સઘલા પઇસા ગુમાવી દેવાથી ઊલટાં તેઓ વધારે સુખી થયાં.

એ મેહનત અને મજુરી વચેબી જાન-સને પોતાની મીલકતનો ખયાલ છોડયો ન હતો. પોતાના બાપની હકદાર મીલકત છોડવી સલીકીનું અપ્રમાણીકપણું ઊંઘાડું પાડવાનો વી ચાર તેનાં મનમાં ભમયાજ કરતો હતો.

એવા સમામાં એક રવીવારે જાનસન પો તાની ઝુંપડીની નજદીકનાં ખેતરોમાં ફરતો હ-

તો, તેવામાં તેને પેલા મી૦ શીઅરર મલ્યો. એક ખ્યાલો ઉદયોગમાં તેની સઘલી પુંજી ઓહાર કરાવનાર આ શખ્સને જોઇને જાનસનને ગુસો ઊપજયો, અને તેની સાથે વાત કરવાને તેને ગમ્યું નહી. તોપણ તે ભોલા સવભાવનો હતો, અને મી૦ સલીકી સીવાયે બીજા કોઇ સામે તેને વેર ન હતું; એટલે તેણે આગલી વાત વીસરી જઈ શીઅરર સાથે સારી રીતે વાત ચીત કરવા માંડી. વલી તેણે તેને પોતાને ઘેર જમવા તેડયો. શીઅરર તેનું નોતરૂં સ્વીકારી તેને તયાં જમવા આવયો. જમતાં જમતાં પેલી કંપની વીશે વાત નીકલી, અને તે દરમયાન શીઅરરે જાનસનને તે ખાડામાં ઊતારવા વીશે દલગીરી બતાવી. વલી તે બોલ્યો કે, તેણે જાનસનને કરેલાં નુકસાનનો થોડોક બદલો વાલી આપવાનો એક ઇલાજ તેના હાથમાં છે. તેનો એક મીત્ર વકીલ ઘણો ચાલાક અને પ્રમાણીક માણુસ છે, અને તે પરતીવાદી સલીકીની સુધ ઠેકાણે લાવવાને પોતાથી બનતું કરશે.

મી૦ શીઅરર એ મુજબ જણાવી જાનસનને પોતાના મીત્ર વકીલ પાસે લેઇ ગયો. એ વકીલનું નામ મી૦ થરાઇવર કરી હતું. મી૦ થરાઇવરની જાનસનના મુકદમાની મજબુતી વીશે ખાતરી થતાંજ, તેણે એક બારીસટરની સલાહ

લીધી; જેણે પણ તે મુકદમો આગલ ચલાવવા ની સલાહ આપી. તેણે સલાહ આપી કે, મજકુર વસીહતનામાંમાની મીલકતને લગતો હીસાબ સ્લીકી પાસ માંગવાની ફરીયાદી માંડવી. તે સલાહ મુજબની ફરયાદી માંડવામાં આવી. પણ તેની સામે પરતીવાદીએ જે જવાબનામું નોંધાવયું, તેમાં તેણે એક નહી ધારેલો બચાવ જાહેર કીધો. તે બચાવ એવો હતો કે, પ્રતીવાદી પાસેથી ત્રણસો પાઉંડ લેઇ તેના બદલામાં વાદીએ પોતાનો સઘલો દાવો તે મીલકત પરથી છોડી દીધો હતો. વલી પોતાના પુરાવા તરીકે, જાનસન અને તેણી ધણીયાણીની સહી સાથનું એક લખત પરતીવાદીએ રજુ કીધું હવે જાનસનને યાદ આવયું કે, તે છાકટો બનેલો હતો તે વખતે મી૰ ગરીનડર સોલીસીટરે તેને ત્રણસો પાઉંડ ઊછીના અપાવવાને બહાણે ઉતાવલમાં એક લખતપર તેની સહી લીધી હતી, તે આજ લખત હોવું જોઇયે. તેણે પોતાના સોલીસીટર તથા બારીસટરને તે તરફટથી વાકિફ કીધા. બારીસટરે એવી સલાહ આપી કે, તે તરકટની હકીકત ફરયાદનામામાં દાખલ કરવી, અને તેમ કરવા માટે કોરટ પાસે ફરયાદનામું સુધારવાની રજા મેલવવી. પણ તેવામાં જાનસનનો સોલીસીટર ફરી બેઠો. તે સઘલો ફજીયો

પોતાને જોખમે જાનસન પાસેથી કશું દામ લેવા વીના ચલાવતો હતો; પણ હવે વધુવાર તેમ કરવાને તેણે ના પાડયું.

જાનસનની સઘલી આશાઓને વલી આ એક નવો ફટકો લાગો. પોતાની ખોવાયલી મીલકત પાછી મેલવવાની સઘલી આશા તેણે છોડી. પોતાના સોલીસીટરે અધવચે તેનું કામ છોડી દીધું તેના કારણ વીશે તેણે એવી અટકલ કીધી, કે પરતીવાદીએ તેને લાંચ આપી હશે. એ વીચારથી તેને ઘણી નીરાશી લાગવા માંડી. તે બરબડવા લાગયો, કે પઈસાવાલા માણસો ચાહે તે કરી શકે. એક મોટી મીલકત મેલવવા ચાહનાર પાસ તેના બરના પઇસા જોઇયે. વકીલોને તે હવે ધુમ ગાલો દેવા લાગો, કેમકે, એક નહી પણ અનેક વકીલોએ તેની સાથ દગલબાજી કીધી હતી.

બંને ધણી ધણીયાણી હવે બહુ બતંગ હાલતમાં પોતાનો કાલ ગુજારવા લાગાં. એવી રીતે કેટલાંક વરસો ગુજરી ગયાં, પણ તેઓનાં દુખનું મુલ કારણ મી. સલીકી કાંઈ તેઓ કરતાં વધારે સારી હાલત ભોગવવા પામયો નહી. જાનસનના દાવા સામે છેલું જવાબનામું નોંધાવવા પછી થોડી મુદતે તેનું મગજ ખસી ગયું, અને કેટલાક વરસો સુધી તેવી કમનસીબ હાલ

તમાં રીબવા પછી તે મરણ પામયો. તેના મરણ પછી તેણે હરામખોરીથી મેળવેલી દોલત તેનાં છોકરાંઓને હસતક થઇ.

નેકીનો બદલો હંમેશાંજ મલેછે, અથવા બદીની સજા હંમેશાંજ થાયછે, એમ હું હીંમતથી કહીશ નહી. ઘણી વાર ગેરઇનસાફ વગર હરકતે પસાર થાયછે, અને ઘણાં નેક પુરૂષો અને સ્ત્રીઓ દુખ અને હેરાનગતીમાં પોતાની જીંદગી ખતમ કરે છે. તે પછી, માણસો અને ચીજોના મારા અનુભવ ઉપરથી હું કહી શકું છું કે, આપણી જીંદગીનાં સોરતીરૂપ પરીણામમાં નેકીનો ફાલો અતી ઘણો વધારેજ હોયછે, અને બદીની ફતેહ ઝાઝી ટકાઊ હોતી નથી. હું પોતે એક હકદાર ધણી પાસથી તેની મીલકત બનતાં સુધી કદીબી છીનવી લઊં નહી. એક ચોરેલી મીલકત મારા સ્વાધીનમાં છે એ વીચાર, અને એ લાગણીની ચીંતાથી દુર રહેલું ભલું. આવી ઠગાઇનાં પરીણામો તે કરનારનાં મરણ પછી તેનાં હાડને ધુજાવેછે, અને તેનાં બચ્ચાં અને તેની ઓલાદને માથે નામોશીનો કલંક ચોંટાડે છે. જયારે આવા પઇસાવાળો ગુનેહનાર પોતાનું વસીયતનામું કરેછે, ત્યારે તે કયાં જાણેછે કે, તે પોતાના વારસોને દોલતનો દીલાસો આપી જવાને બદલે

માત્ર દુખનો બોજો તેમને માથે ચહડાવી જાય-છે ? અને તેજ પ્રમાણે હાલની બાબદમાં બન્યું.

વીલ્યમ જાનસન હવે ઘણી વૃધાવસ્થા-એ પોંહચ્યો હતો, અને તેની બઇરીની ઊમર પણ ઘણી થઇ હતી. તેઓ કોઇ વકીલની વાડી બંગલાને લગતાં નજીવાં કામો બજાવી તે ઉપર પોતાનું ગુણરાણ કરતાં હતાં. તેઓના નીષ્ફલ ગયલા મુકદમાની વાત પસરતાં પસરતાં તેમનાં શેઠના કુટુંબમાં ફેલાઇ, અને અંતે તે વકીલનું ધયાન તે ઊપર ખેંચાયું. કજીઆની ઉપર ટપકેની બાબદ જાણી લેઇને, તેને લગતી વધારે શોધ ખોલ ચલાવવાનું તેને સુઝયું. મુખ્ય બીનાને લગતી ચોકસ બારીકીઓ વીશે તેણે તપાસ ચલાવી, અને તેની લગભગ ખતરી થઇ કે, ગરીબ જાનસન એક ઘણાં ઊંડા કાવત્રાંનો ભોગ થઇ પડયો હતો. વલી તેની ખાતરી હતી કે, વાંધામાં પડેલી મીલકત ને તે તેના હાલના ધણીઓ પાસથી પાછી પડાવી શકશે, અને જો બને તો આગલાં વ-રસની તેની ઊપજ નીપજ પણ તેના હકદાર વારસોને હવાલે કરવાને શકતીવાન થશે.

ફરીથી એકવાર વડી કોરટમાં આ મુકદ-માને લગતી એક અરજી નોંધાઇ, અને મી૰ સ્લીકી, બારકીંગ, સ્મુધી, અને ગ્રીનડર, તથા

મી૦ આઇવર, એ સંધની લુચાઇ તેમાં જણાવવામાં આવી. લુચાઇનો આ સમાસ ખરો ખર જબરો હતો, અને તેને તોડવાનું કાંઇ સેહલ કામ ન હતું. જ્યારે મેં આ અરજી વાંચી ત્યારે મને વીચાર આવ્યો કે, આના સરખો મુકદમો માથે લેનાર વકીલને ઘણી મોટી હીંમત હોવી જોઇયે. તે સાથે મારે જણાવવું જોઇયે કે, તે માથે લેવાને તેને કાઇ નાણા સંબંધી ફાયદાની લાલચ ન હતી. તેનો ધંધો મોટો અને તેની કમાની ઘણી હતી. તે જાણતો હતો કે, જાનસન પાસે કંઇ પુંજી ન હતી. અને જો કજીયો નીષ્ફલ ગયો, તો ખરચ આપવા જેટલું પણ તે કાહાડી શકે નહી, એમ હતું. વલી જો તે પોતાનો હક સાબેત કરી શકે, તોપણ ખરચનો મોટો ભાગ, કે જે ધારા સંબંધી કામ કરતાં કોઇ બીજીજ રીતે થાય, જેવો કે મારો પોતાનો બદલો, તે પરતીવાદી તરફથી કદી ધારા પ્રમાણે મેલવી શકાય નહી. એવી રીતે વાંચનાર ખુલી રીતે જોશે કે, કામની મેહનત અને તેના જોખમો કાંઇબી પુરતો બદલો મેલવી શકે તેવા ફલદરૂપ હતા નહી. તે છતાં પૈસાની જરા પણ કસુર ન કરતાં, આ વકીલે કામ માથે લીધું, અને મુકદમો ચલાવવાને જોઇતાં સાધણો અને ખરચ ખુટણ તેણે દુલ્લે હાથે પુરાં પાડયાં.

મને લાંબો વખત સુધી એ મુકદમામાં રોકાવું પડ્યું. જરૂર કરતાંબી વધારે પુરાવાઓ મેં ખોલી કાહાડયા. મરનાર સલીકીએ જાનસનના આગલા વકીલ મી૰ ગરીનડરને લાંચ આપી જાનસન પાસે પેલા લખતપર ઠગાઇથી સહી કરાવી લીધી હતી, તેને લગતા સઘલા પુરાવા હું મેલવી શક્યો. તેમ કરતાં મને માલમ પડ્યું કે, મી૰ ગરીનડરે આ મુકદમામાં પોતે બજાવેલા ભાગની ખબર પોતાના ભાગયા મી૰ સમુધીથીબી છુપાવી હતી. જાનસનની આખી વંશાવલી પણ નકી કરવાનું કામ મને સોંપવામાં આવયું હતું, અને તેને લગતી સઘલી ખબરબી મને મલી શકી.

અમારા મુકદમાની સઘલી તઇયારી પુરી થઇ; તેવામાં પરતીવાદી તરફથી સમજુતી માટે માંગણી થઇ, પણ અમારા વકીલે તે માંગણી ના પાડી. વાદીના દાવાની મજબુતી વીશે, તેમજ તેની સાથ ઠગાઇ કરનારા વકીલોનાં તરકટ વીશે તેની ખાતરી થઈ ચુકી હતી,

અંતે આ મુકદમાની તપાસ, ઇનસાફની અદાલતમાં ચાલુ થઈ. ચુનંદામાં ચુનંદા બારીસટરો બંને બાજુથી રોકવામાં આવયા. મુકદમાની તપાસ જેમ જેમ આગલ ચાલતી ગઈ તેમ તેમ તેમાં બહુ ધયાન ખેંચનારી બાબતો

રજુ થવા માંડી. ત્રણ દીવસમાં સઘલી તપાસ પુરી થઇ. વાદીનો મુકદમો બે દીવસ, અને પરતીવાદીનો એક દીવસ ચાલ્યો. કેટલોક વખત વીચાર કરવા માટે લેવા પછી જડજે પોતાનો ચુકાદો આપયો.

એ ચુકાદો ઘણી લંબાણ અને વીદવતા ભરી તકરારોથી ભરેલો હતો. પરતીવાદી તરફથી પેહલો વાંધો એવો લેવાયો હતો, કે ફરયાદી માંડવાની મુદત વહી ગઈ હતી. એ વાંધા વીશે જડજે જણાવયું કે, સાધારણ દીવાની દાવો હતે તો તે માટે એવો વાંધો ચાલતે; પણ આ મુકદમામાં એક ગરીબ, ભોલા માણસ સામે ઘણા ચાલાક અને કાયદાથી માહીતગાર થયલા માણસોએ તરકટની બાજી રચી હતી, તેથી તેવા મુકદમામાં મુદતનો વાધો વાજબી ગણાય નહી. પરતીવાદીઓના વડવા સલીકી તથા તેના બેટાની વરતણુક ઉપર કોરટે બહુ સખત ટીકા કીધા, અને તેઓ મરણ પામવાથી તેઓને તેમનાં કરતુકની સજા કરવાની કોરટને તક મલી નહી તે માટે દલગીરી જણાવી. મી० બારકીંગે તથા મી० થરાઇવરે થોડો વખત વાદીનો મુકદમો પોતાના હાથમાં લેઇ અધવચે છોડી દીધો હતો, તે માટે બંનેની વરતણુક વીશે કોરટે શક દેખાડયો હતો. પણ મી० ગરીનડર સોલીસીટર

જેણે પરતીવાદી સાથ મલી જઇ, વાદી પાસે પેલાં લખતપર ઠગાઇથી સહી કરાવી હતી, તેની વરતણુકપર કોરટે બહુજ સખત ટીકા કીધા. તેનું કામ, વકીલોનાં નામને હીનપસતી લગાડનારૂં અને બેહદ શરમીંદગી ભરયું જણાવયું હતું. શેવટે, વાદીનો દાવો વાજબી ઠરાવી, તેની તરફેણમાં કોરટે હુકમનામું કરી આપયું, અને બને બાજુનો ખરચ પરતીવાદીને માથે નાખયો.

ગરીબ બાપડા જાનસન અને તેનો ધણીયાણીને અંતે ઇનસાફ મલયો. આખી જીંદગી દલદ્દરીમાં કહાડવા પછી છેક ઘડપણને દીવશે તેમને આ નહી ધારેલું સુખ થયું. તેઓ પોતાની આ અંચોતી ફતેહથી ફુલી ગયા નહી. પોતાપર થયલી ભાગ્યની મેહરબાનીનો લાભ લેતાં તેઓએ પોતાના દુશમનો તરફ વખાણવા જોગ વરતણુક દેખાડી. તેઓને ખરેખરા હેરાન કરનાર હાલના પરતીવાદીઓ નહીં, પણ તેમના વડવા હતા. આથી પરતીવાદીઓ તરફ તેઓએ ઘણી નરમાસ વાપરી, મુકદમાનો ખરચ માટેનો તેમની સામેનો દાવો તેઓએ છોડી દીધો. વલી તેઓ પાસેથી મીલકતનો હીસાબ, તથા તેમનાં વડવાઓએ તથા તેઓએ વાપરી નાખેલી મીલકતની આવક

માંગવાનાબી તેઓએ અખાડા કીધા. ટુકમાં પોતાના મરનાર દુશમનોની બદીનું કશુંબી વેર તેઓનાં બચ્ચાઓપર લેવાનો વીચાર તેઓએ કીધો નહીં.

જાનસન અને તેની ધણીયાણી હાલ બહુ સુખ ચેનથી પોતાની મોટી મીલકત પર રહેછે. તેમની આસપાસનાઓ તેમની ભલી વરતણુક અને ઊદાર દીલ માટે તેમની વખાણ કરેછે. મી૦ ફરીમેન, હજીબી તેઓનો માનીતો મીત્ર અને સલાહકાર છે. જાનસને પોતાનું વસીહત કીધું છે. તેમાં તેણે ફરીમેન માટે થોડાક ફાલો પાડયોછે; અને બાકીની મીલકત માટે, તેઓને બીન સવારથે વાજબી ઇનસાફ અપાવનાર વકીલ તથા તેના વંશજોને પોતાના વારસ તરીકે ઠરાવયા છે.

## વારતા ચોથી.

છુપાં પોલીસ ખાતાંના એક અમલદારની વરણવેલી ત્રણ વારતા, પુરી થવા પછી હવે તેજ ખાતાંની એક સ્ત્રી અમલદારની વારતા આપયે છીયે. ભેદ ભરેલી રીતે થયલાં એક ખુનનો હેવાલ તેમાં સમાવયો છે.

યુરોપયન સ્ત્રીઓ, બીજા ધંધા જોડે પોલીસના અમલદારના ધંધામાંબી પુરૂશો ભેગી સામેલ થાય છે, અને પોતાને સોંપેલાં કામો ચાલાકીથી બજાવે છે, તે આમાંથી સારી રીતે જોવામાં આવશે. આપણી તરફ એવી સ્ત્રીઓની નવાઇ ગણાય, પણ યુરોપમાં તેમની નવાઇ નથી. જે સ્ત્રી નીચલી વારતા જણાવે છે, તેણીએ ઈંગલંડનાં "ડીટેકટીવ" યાને છુપાં પોલીસખાતાંમાં લાંબો વખત સુધી નોકરી કરી હતી. તે દરમયાન તેણીએ એક ભેદ ભરેલાં ખુનનો પતો મેલવયો હતો, અને તેનો હેવાલ ઘણો રસીલો હોવાથી તે તેણીએ એક વારતાના આકારમાં લખયો છે. તેણીના પોતાનાજ શબદોમાં તે હમો હેઠલ આપીયે છીયે:-

## ભેદ ભરેલું ખુન.

મારી વારતા શુરૂ કરવા આગમજ, વાંચનારને હું ખાતરી આપવા માંગું છું કે, તે ખરી બનેલી છે. તેનો એકે એક બનાવ, મારા પોતાના અનુભવમાં બનયો છે, જો કે, તેમાં આવતાં માણસો અને જગાઓના નામ બદ

લવાની મને ફરજ પડી છે. ચોકસ સબબોને લીધે, તે બનાવ સાથ સંબંધ રાખનારાઓને હું ઊઘાડા પાડી શકતી નથી, અને તેથીજ તેમનાં નામો છુપાવવાં પડયાં છે.

ઇંગલંડના મધ્ય ભાગમાં આવેલાં એક પ્રગણામાં મારી વારતાનો બનાવ બનયો છે. ત્યાં મી૦ પેટલી નામે એક માતબર ગ્રહસ્થ રેહતો હતો. તે જેટલો માતબર તેટલોજ કંજુસ હતો. એટલી હદ સુધી તે બખીલાઈ કરતો હતો કે, તેનાં કુટુંબનાં માણસો તથા નોકરોને પેટ પુરતું ખાવાનાબી વાખા પડતા. તેણે સોના રૂપાંના વાસણોનો મોટો જથો ભેગો કરયો હતો. તે વાસણો ઘણાં કીમતી તથા પુરાણાં વખતનાં હતાં; અને તે તરફ સરવ લોકોનું ધયાન ખેંચવાને મી૦ પેટલી બહુ ઇંતેજાર હતો. તેને તયાં સર અવસરનાં જમણો કદાચજ થતાં, પણ જયારે તે થાય, તયારે પોતાનાં સઘલાં કીમતી વાસણો ખાણાંની ટેબલપર રજુ થઇ મેહમાનોનું તે તરફ ધયાન ખેંચે તેમ કરવાને તે બનતી મેહનત કરતો. પણ એ વાસણોને તે જીવની માફક જાલવતો હતો.

મી૦ પેટલી પારલામેંટનો મેમબર હતો. પારલામેંટની સેશન ચાલતી, તે વેલા તે પોતાનું ગામ છોડી લંડનમાં આવી રેહતો.

લંડનમાં તે પોતાના મોભાને છાજતી રીતે નહી, પણ ઘણીજ કંગાલ સ્થીતીમાં રહેતો. સસ્તામાં સસ્તું ઘર તે પોતા માટે ભાડે લેતો. વલી એ ઘરનો ખરચ થાય નહી, તેથી તે પોતાના સઘલા નોકરોનેબી પોતાની સાથે લંડન ખાતે લેઇ આવતો હતો.

મીસીસ કવીનયન નામે તેની એક કારભારણ હતી. મી૰ પેટલી જેવી કરકસરથીજ તેણીબી ઘરનો કારભાર ચલાવતી હતી. મી૰ પેટલી લંડન જાય તે વેલા તેણી એકલીજ તેનાં ગામડેનાં ઘરમાં રેહતી હતી. તેણી મી૰ પેટલીની મરનાર ધણીયાણીની સગી થતી હતી. મી૰ પેટલીને પોતાની ધણીયાણીથી માત્ર ગ્રેહામ નામે છોકરો થયો હતો, અને તેને બાર વરસનો મેલી મીસીસ પેટલી મરણ પામી હતી. મીસીસ કવીનયન સાથે ગ્રેહામને સારો પડોસ હતો, અને વલી તે કરકસરવાલી હતી, તેથી મી૰ પેટલીએ પોતાની ધણીઆણીનાં મરણ પછી તેણીને પોતાની કારભારણ બનાવી હતી.

જે સઘલી વીગત મને મલી તે પરથી હું કહુંછું કે, મી૰ પેટલીનું ઘર આખા પ્રગણાંમાં સરવથી મોટું પણ સરવથી કંગાલ હતું. તેમાં જો કાંઇબી જાણવાજોગ હોય, તો તે મી૰ પેટલીનાં સોના રૂપાંનાં તરેહવાર વાસણો હતાં.

આખું ઘર મસાણ જેવું ઉજડ લાગતું હતું. મી૦ પેટલીને મળવા ભેટવા આવનારા લોકોબી ઝાઝા ન હતા. પરોણાગતનું નામ તયાં સંભલાતું ન હતું.

બધી વાતની કસરમાં, મી૦ પેટલીએ પોતાના એકપુરા બેટા ગ્રેહામને કેલવણી આપવાનીબી કસર કીધી હતી. ગામડાંની એક નાની નીશાલમાં મળતી ભાગી તુટી કેલવણી લઇને આખો દીવસ તે લફંગા છોકરાઓની સંગતમાં રખડતો ફરતો હતો. પારલામેંટના એક અધીકારી અને આખાં પ્રગણાંના સરવથી માતબર ગ્રહસ્થના વારસની આ હાલત હતી. ઓગણીશ કે વીશ વરસની વયે, તે આખાં ગામમાં સર્વથી લુચો માણસ ગણાવા લાગો. અલબતાં તેમાં તેનો થોડોજ વાંક આપણે કાહડી શકશું, તેનો બાપ તેને કશા પઇસા આપતો નહી. એટલે તેની મીલકત ઉપર તથા બીજા જાગીરદારોની મીલકત ઉપરનાં પાલેલાં જાનવરો ચોરીને તથા એવાજ બીજા અપ્રમાણીક ઉપાયોથી, તે પઇસા મેલવતો. તેના બાપનાં ઘરના નોકરો કરતાં તે પોતે વધારે ચોરીઓ કરતો હતો. મીસીસ કવીનયન તેને ઘણો ચાહતી હતી, અને પોતાના પગારનાં નાણાંમાંથી વારંવાર તેને બની શકે એટલી

રકમ આપતી હતી. પણ ગ્રેહામ જબરો ઉડાઉ હતો, એટલે તેટલા પઇસાથી તેની ગરજ સરતી નહી.

મી૦ પેટલી પારલામેંટની સેશન વેલા લંડન જતો, ત્યારે તે પોતાનાં કીમતી વાસણો હંમેશ સાથે લઇ જતો. જ્યાં તે રહે ત્યાં તેનાં વાસણો રહેતાં, અને તેમનાથી તે બનતાં સુધી છુટો પડતો નહી. લંડન જતી વેલા, તે કોઇ વાર ગ્રેહામને પોતા સાથે લેઈ જતો, પણ ઘણું કરીને તો કારનવાલમાં રહેનાર પોતાના એક સગાને ત્યાં મોકલી આપતો. છેલું કામ બંને બાપ દીકરાને પસંદ પડતું હતું. મી૦ પેટલીને તેથી ખરચનો ઊગાલો થતો, અને ગ્રેહામને લંડનમાં પોતાને મનગમતા લફંગા સોબતીઓ મલતા નહી, તેથી તેને તયાં રેહવાનું ઠીક લાગતું ન હતું. ગ્રેહામને ઘોડાની સરતનો ઘણો શોખ હતો. તેનો પોતાનો ઘોડો તો હતો નહી, પણ પોતાના ઓલખાણવાલાઓના ઘોડા માગી તેમને તે સરતમાં ઊતારતો અને ઘણું કરી તે સરતમાં જીતીને ઠીક નાણુ મેલવયા કરતો હતો. ગ્રેહામને કાંઇબી કામ કરવાની ઊલટ થતી હતી, અને તેના બાપે તેને કાંઇ સારા ધંધામાં નાખવાને તજવીજ ન કરવાથી, અલબતાં તેણે પોતાની કેલવણીને અનુસરતાં કામો પોતા માટે શોધી કાહાડયાં હતાં.

પણ બાપડા ગ્રેહામની સઘલી કારકીર્દીનો ટુકમાંજ અંત આવી ગયો. એક સહવારે મી૦ પેટલીના માલી ટામ બરાઉને પોતાના બાગનો દરવાજો ખોલતાં, ઘર આગલના રસતાપર એક મુરદું પડેલું દીઠું. આગલ જઇ તપાસ કરતાં જણાયું કે, તે મુરદું તો તેના શેઠના બેટાનું હતું. તેણે બુમો પાડવાથી ઘરના બીજાં માણસો દોડી આવયાં. થોડા વખતમાં ગામનાં ઘણાંક લોકોબી તયાં ભેગાં મલયાં. આ અચીતો બનાવ કેમ બનયો તે વીશે લોકો તરેહવાર અટકલ કરવા લાગાં. મીસીસ કવીનયન બોલી કે, કદાચ અચીતું ફેફરું થઇ આવવાથી તે મરણ પામયો હશે. થોડા વખતમાં ગામડાંનો ડાકટર તે જગાએ આવી લાગો. તેણે મુરદું બરાબર તપાસતાં મરનારની છાતીમાં ભાલાની અની જેવું કાંઇ હથયાર ઊંડું ખેંચી ઘોલું જોયું. ઘણા મજબુત હાથે તે હથીયાર અંદર ભોકવામાં આવયું હોય એમ જણાયું, કાંકે તેની છ ઇંચ જેટલી અની અંદર જઇને ખુચી બેઠી હતી.

મરનારની લાશ ઊપર જુરી ભરવામાં આવી, પણ તેનાં અચબુચ મરણનું ખરૂં કારણ માલમ પડી શકયું નહી. જે તબીબે લાશને તપાસી હતી, તેણે મત આપયું કે, મર-

નારે પોતાને હાથે તે હથયાર ભોકયું હોય એમ જણાતું નથી, પણ કોઇએ ઘણા મજબુત હાથે તેના પર તે વખતે જખમ કીધેલો લાગે છે. વલી તેણે જણાવયું કે, તે હથયાર સાધારણ વપરાસમાં આવતાં કાંઈ હથયારને મલતું ન હતું, પણ અસલી બનાવટના ભાલા જેવું હતું; અને તે એક લાકડીમાં બેસેલું હશે, તથા મરનારને ભોકવા પછી તે પાછું બાહાર કાહાડવાની ખુનીએ કોશેશ કરી હશે, એવી પણ નીશાનીઓ જણાતી હતી.

એ હથયાર જુરીના ગ્રહસથોને દેખાડ વામાં આવયું અને તેઓ સરવે એક મતે બોલયા કે, તેવું હથયાર તેમના જોવામાં કદીબી આવયું નથી.

મી૦ પેટલી પોતાના બેટાનાં મરણથી ઝાઝો દલગીર થયલો જણાતો ન હતો. એક પુરો વારસ ખોહી દેવાનાં દુખથી થવી જોઇયે એવી કશી અસર તેના ચેહેરાપર દીશતી ન હતી. જુરી હજુર તેણે શાંત તથા બેદરકાર દેખાવે શાક્ષી આપી હતી. તેણે જણાવયું કે, મરનારની લાશ મલી તેને આગલે દીને હું લંડનમાં હતો, મારો દીકરોબી મારી સાથે લંડન આવેલો હતો, પણ સાંજથી તે કેથે જતો રહયો હતો. તે પોતાની મરજીમા આવે તયાં

મને ચેતાવયા વીના ફરતો હોવાથી, તેની ગેર હાજરી તરફ મારૂં ધ્યાન ખેંચાયું નહી. તે પછી તેનાં મરણની ખબર મને મલી હતી. એ અચંબુચ બનાવ વીશે હું પોતે કાંઇ ખો- લાસો કરી શકતો નથી.

એથી વધારે વીગત મી૦ પેટલો જણાવી શકયો નહી. પોતાના બેટાનાં મરણ વીશે બોલ તાં તેણે કશી લાગણી દેખાડી નહીં. તેની શા ક્ષીમાં એક શીવાય સઘલા જુરરોને કંઈ દમ લાગો નહી, પણ તે જુરરે તેની ઉલટપાલટ તપાસ કરવા માંગી. તે એક વકીલનો કારભારી હતો, અને તેની હુશયારી વીશે ગામના લોકો ને સારૂં મત હતું. તેણે મી૦ પેટલોની ઉલટ પાલટ તપાસ નીચે મુજબ ચલાવી:—

સવાલ—તમો ધારો છો, કે જે જગયાએ તમારા બેટાની લાસ મલી આવી તેજ જગા પર તે મરણ પામયો હતો ?

જવાબ—એ બાબતમાં મેં કશું નકી મત બાંધયું નથી.

સવાલ—તે મરણ પામવા આગમજ છુપો રીતે તમારા ઘરમાં દાખલ થયો હતો ?

જવાબ—બચીત નહી.

સવાલ—શું તે છુપી રીતે રાતને વખતે ઘરમાં દાખલ થયો ન હતો ?

જવાબ—નહી.

સવાલ—તમો કસમપર એમ કહેશો ?

જવાબ—હા.

સવાલ—શું તે કોઈની છુપી મુલાકાત લેવાના ઇરાદાથી તમારા ઘરમાં આવયો નહી હતો ?

જવાબ—તેમ કરવાનું તેને કશું કારણ નહી હતું.

સવાલ—તમારા ઘરમાં એ વખતે કોણ માણસો હતાં.

જવાબ—મારી કારભારણ મીસીસ કવીનયન અને એક દાસી.

સવાલ—તમારા દીકરાનાં ખુનનો પતો મેલવવા માટે તમો કાંઇ ઇનામ છપાવશો કે નહી?

જવાબ—આ સવાલનો જવાબ આપવાને હું ના પાડું છું.

પેલા હુશયાર ગણાતા જુરરનો છેલો સવાલ કોઇ રીતે વાજબી હતો નહી. તે પુછવામાં તેની મતલબ શું હતી, તે હું સમજી શકતી નથી. તેને મી૦ પેટલી સાથે લગાર અદાવત હતી. તેથી કોઇબી રીતે તેને સતાવવાની કદાચ તેની નેમ હશે.

જુરીના કોરોનરે આગ્રહ કરવાથી, મી૦ પેટલીએ તે સવાલનો જવાબ આપયો અને

તે જવાબ ખચીત ઘણો ડાહ્યપણ ભરયો હ
તો તે બોલયો, " જયાં સુધી જુરીએ પોતાનો
અભીપ્રાય આપયો નથી, તયાં સુધી કેમ ક
હી શકાય કે મરનારનું ખુનજ થયું છે, અને
તેથીજ હું ઇનામ આપવાનો વીચાર પણ
કરતો નથી."

જુરર બોલયો, "પણ ધારો કે, જુરી
ખુનનો અભીપ્રાય આપે તો ?"

" જુરી તેવો અભીપ્રાય આપે તે પછી
તમે તમારો સવાલ પુછજો," મી૦ પેટલીએ
જવાબ વાલયો.

આ ટકોર ભરયા જવાબથી માહાત થઇ,
તે જુરરે મી૦ પેટલીની ઊલટપાલટ તપાસ બં
ધ કીધી. તે પછી મી૦ પેટલી જુરીના ગ્રહસ્થો
તરફ ફરી બોલયો, "એક ગેરકાયદાસરના સવા
લનો જવાબ ફરજ દાખલ આપવાને મેં ના
પાડી હતી, પણ હવે મારી રાજી ખુશીથી તે
હું આપવાને તઇયાર છું. જુરીના ગ્રહસ્થો
ખુનનો અભીપ્રાય આપશે, તોપણ હું ઇનામ
જાહેર કરનાર નથી."

"અને તેનું કારણ શું ?" કારોનરે પછયું.

મી૦ પેટલી બોલયો, "કારણ એજ કે, મ
ને ખુન થયલું લાગતું નથી. એ બનાવ મને
એક અકસમાતનું પરીણામ માત્ર લાગે છે."

મી૦ પેટલી પછી, કેટલાક બીજા બીન અગતના શાહેદોઓની જુબાની લઇ મીસીસ કવીનયનને બોલાવવામાં આવી. તેણીની મુખ્ય જુબાનીમાં કાંઇ દમ ન હતો, પણ પેલા વકીલના કલારકે તેણીનેબી ઉલટપાલટ તપાસી. તે સવાલ જવાબ નીચે પ્રમાણે હતાઃ-

સવાલ-મી૦ પેટલીની ગેરહાજરીમાં તમો અને માત્ર એક દાસીજ ઘરમાં રહો છો?

જવાબ-હા.

સવાલ-રાત્રે તમોને એવાં મોટાં ઘરમાં એકલાં સુતાં બીક લાગતી નથી?

જવાબ-બીક શા માટે લાગે?

સવાલ-તમોને ચોરોનો ભય લાગતો નથી?

જવાબ-ચોરોનો ભય રાખવાને અમોને કારણ નથી, કેમકે, ચોરોને મન થાય એવી કસીબી કીમતી ચીજો ઘરમાં નથી.

સવાલ-જે દાસી તમારી સાથે રહે છે, તે ખુબસુરત છે?

જવાબ-નહી.

સવાલ-શું તયારે તે બદસુરત છે?

જવાબ-તે અતરે શાહેદી આપવા આવશે, તે વેલા નજરે જોઇને તેના દેખાવ વીશે મત બાંધવાને તમોને તક મલશે.

સવાલ—વારૂ તે દાસીને મરનાર સાથે કાંઈ મીત્રાચારી હતી?

જવાબ—નહી, કેમકે તેઓએ એકમેકને કદી જોયાંજ નથી. મી૦ પેટલી લંડન જવા પછી મેં તેણીને નોકરી રાખી હતી.

સવાલ—મરનાર કદીઓ અંચીતો લંડનથી અતરે આવતો હતો?

જવાબ—કદી નહી.

સવાલ—વારૂં તેને પઇસાની ઘણી અડચણ મી૦ પેટલી પાડતો હતો?

જવાબ—તે વાતની મને ખબર નથી.

સવા—તે તમારી પાસથી કદી પઇસા ઊછીના લેતો હતો?

જવાબ—કદી નહી.

સવાલ—આ ભેદ ભરયા બનાવનો તમો કાંઇ ખોલાસો કરી શકશો?

જવાબ—કંઇજ નહી.

પેલી દાસીને શાહેદી માટે બોલાવવામાં આવી. તેણી ઘણી ધુંજરા સવભાવની હતી, અને મરનારનું મડદું મલી આવયા પછી તેણી ધાસતીથી અધમુઈ થઇ રહી હતી. ઘડી ઘડી તેણીને ફેફરૂ થઇ આવતું, અને જુરી આગલ આવતાં વારબો તેણીને તે થઈ આવયું. આથી તુરત વેલા તેણીને માવજત માટે બાહાર- લઈ જઇ બીજા શાહેદીને તપાસવામાં આવયો.

તે શાહેદી ગામનો ડાક્ટર હતો. તેણે મરનારની લાશ તપાસી હતી. તેણે જણાવ્યું કે, મરનારનું એક નવાઈ સરખાં હથયારથી ખુન થયલું હોય, એમ તેને લાગતું હતું. તે હથયાર ચાલુ વપરાસનું નહી પણ અસલી હથયારને મલતું હતું. એ બનાવ કેવી રીતે બનેલો હોઈ જોઇયે તે વીશે સઘલા બનાવો પરથી ડાક્ટરે પોતે કાંઇક સાર અટકલી કાહડયો હતો, અને તે જુરી હજુર જણાવવાની તેણે રજા માંગી.

જુરીએ બહુ ખુશી સાથ રજા આપવાથી, તે બોલયો, "મી૰ પેટ્લીને નાખુશી ઉપજે એવી એક બાબત વીશે મને અતરે દલગીરી સાથે બોલવું પડે છે, પણ ઇનસાફનેખાતર મને તેમ કરવાની જરૂર છે, અને તે એ છે કે, મરનાર રાતની વેલાએ લોકોનાં તેમજ પોતાના બાપનાં ખેતરોમાં શેકારનાં જાનવરો ચોરતો હતો. તે ઉપરથી મને એમ લાગેછે કે, અકસમાત વાલી રાતે પણ મરનાર પોતાના કોઈ સોબતીઓ સહીત શેકાર ચોરવા ગયો હશે અને તે વેલા તેને કાંઈ અકસમાતથી પોતાના એકાદ સોબતીને હાથે આ હથયાર લાગું હશે. એવાં હથયાર ઘણું કરી શેકારનાં કામમાં વપરાતી લાકડીઓને છેડે બાંધવામાં આવેછે. એ

હથયાર મરનારનાં શરીરમાં લાગા પછી કોઇએ તે ખેંચી કહાડવાની કોશિશ કીધી હોય, એમ તેના શરીરપરની નીશાનીઓથી લાગેછે; અને તેથી હું ધારૂ છું કે, તેના સોબતીએ તે હથયાર ખેંચી લેવાની તજવીજ કરી હશે, પણ હથયાર માહે ખુંચી બેસવાથી તે અંદર રહી ગયું હશે. હથયાર એવી રીતે ખુચી બેસવાથી મરનારના શરીરમાંથી કશુ લોહી બહાર નીકલી શકયું નથી, જેથી ખુનીનો પતો મેલવવામાં મોટો અટકાવ થઇ પડયોછે. મરનારની એવી હાલત જોઇ તેના સોબતીઓ ખુનનો શક પોતાપરથી દુર કરવા માટે તેનાં ઘરનાં બારણા આગલ તેને નાખી ગયલા દીસેછે."

ડાકટરનો આ ખોલાસો સરવેનાં ધયાન પર બરાબર ઠસયો. તેની જુબાની તુરત પુરી થઇ, અને પેલા વકીલના કલારક મી૦ મોરટને બી તેને કશા સવાલો પુછવાનું માંડી વાલ્યું.

ડાકટર પછી એક પોલીસ કનસટેબલની જુબાની લેવામાં આવી. તે તદન અગ્નાન માણસ હતો, અને તેની જુબાની કોઈ રીતે ઉપયોગી હતી નહી. તે ખુન વાલી જગાપર આવયો તે વેલા તેણે કશી ઘટતી તજવીજ ખુનનો પતો મેલવવા માટે કરી ન હતી.

મી૦ મોરટને તેને એક ઘણો અગત્યનો સવાલ પુછયો. ખુનવાલી રાતે વરસાદ પડેલો

હોવાથી, મી૦ પેટલીનાં ઘર આગળ આવેલા કોઇબી માણસનાં તયાં પગલાં પડી રેહવાં જોઇયે, અને તેવાં કશાં પગલાં તયાં હતાં કે નહી, તે વીશે મી૦ મોરટને કનસટેબલને પુછયું.

તે બોલ્યો, "મેં કશાં પગલાં જોયાં નથી."

મી૦ મોરટને પુછયું "તમે કંઇ પગલાં વીશે તપાસ કીધી હતી?" સાક્ષી-નહી.

મી૦ મોરટન-તયારે તમે તમારી ફરજ સમજતાજ નથી.

મી૦ મોરટનના આ ટીકાં વાજબી હતા. કનસટેબલે તેવી કશી તપાસ કરી હોત, તો તે આ ભેદી ખુનનો પતો મેલવવામાં ઘણી ઉપયોગી થઇ પડત.

કાનસટેબલની સાક્ષી પુરી કરી પેલી દાસીને બોલાવવામાં આવી. તેની સાક્ષીબી તેવીજ નકામી નીવડી. વચે વચે બે ત્રણ વાર બેહોશ થઇ જવા પછી, તથા દશ દશ વખત એકેકો સવાલ પુછવા પછી, તેણીએ મી૦ મોરટનના પુછવાથી જે જુબાની આપી તે નીચે પ્રમાણે હતી:—

સવાલ-તમે રાતે સુતા પછી કંઇ ગડબડ સંભલાઇ હતી? જવાબ—હા.

સવાલ-તે ગડબડ શાની હતી?

જવાબ-મેં હીલતો જોયો.

સવાલ—શું હીલતો જોયો ?

જવાબ—પેલો મોટો પેટારો.

સવાલ—પણ તેથી કંઇ ગડબડ થઇ ?

જવાબ—નહી પેટારો હીલતો હતો.

સવાલ—પણ તમોને કંઈ ગડબડ સંભલાઇ.

જવાબ—નહી; પેટારો હીલતો દેખાયો.

મી૰ મોરટનના સઘલા સવાલનો તેણીએ, આજ જવાબ આપયા કરવાથી, તેણે કંટાલીને તેણીને ધમકાવી, કે બરાબર જવાબ નહી દેશ તો બંદીખાંને મોકલાવીશ.

બંદીખાનાનું નામ સાંભલતાં તેણી બેહોસ થઇ ગઇ. તેણીની આ હાલત જોઇને તેણીની વધુ જુબાની લેવાનું માંડી વાલવામાં આવયું. તેણી જે પેટારા વીશે બોલતી હતી, તેનો ખોલાસો મીસોસ કવીનયન પાસે માંગ વામાં આવયો, પણ તેણીએ પોતાનું અંજાણપણું દેખાડયું.

એ પછી સઘલા શાહેદીઓની તપાસ પુરી થઇ. કારોનર જુરીને સઘલી કેફીયત સમજાવવાની તઇયારીમાં હતો, તેટલાં પેલો પોલીસ કનસટેબલ પાછો જુરી હજુર આવયો અને એક કાલો બુરખો અને એક ચાવી રજુ કીધાં. તે બોલયો કે, તે બંને બીજો મરનારનાં શરીર પરથી મલી આવી હતી.

મી૦ પેટલીને ફરીથી બોલાવીને બંને ચીઠ્ઠીઓ દેખાડવામાં આવી. પેલી ચાવી તેણે પોતાની તરીકે ઓલખી; પણ બુરખા વીશે અંજાણપણું બતલાવયું. ચાવી માટે તેણે જણાવયું કે તે જાજી અગતની નથી, અને પોલીસના સવાધીનમાં રહે તો કશી હરકત નથી. ચાવી તથા બુરખો બંને કારોનરે પોલીસનાજ હસ્તકમાં આપ્યાં.

કારોનરે જુરીને સઘલી હકીકત ફરીથી સમજાવતાં ડાકટરની જુબાનીપર બહુ ભાર મેહલ્યો, અને મરનારનાં ખુનને લગતો જે ખોલાસો તેણે આપયો હતો, તે ઘણો ધયાન ખેંચવા જોગ જણાવયો.

ડાકટરે અટકલેલા ખોલાસાપર કારોનરને તેમજ જુરરોને એકદમ વીશવાસ બેઠો. તેઓએ તે ખરા તરીકેજ માની લીધો, અને એક મતે ખુનનો અભીપ્રાય આપ્યો.

આ સઘલી વીગત મેં વરતમાન પત્રોમાં વાંચી હતી. તે વાંચતાંજ મને લાગું કે, ડાકટરે કરેલી અટકલ તદન ખોટી હતી. લોકોએ અને કેટલાક ડીટેકટીવોએ બી તે ખોલાસો બાહાલ રાખયો હતો, પણ મને તેમ કરવાનું વાજબી લાગું નહી.

પેલી સ્ત્રી ડીટેકટીવ પોતાની વારતામાં આગલ ચાલતાં કહે છે કે, ડાકટરની અટકલ

સાથે મલતી નહી થવામાં હું તદન વાજબી હતી, તે આગલ ચાલતાં વાંચનારને જણાશે.

મરનાર ગ્રેહામ પેટલીના ખુનીનો પતો મેલવી આપવા માટે સરકારે સરેસતા પ્રમાણે એકસો પાઊંડનું ઇનામ જાહેર કરયું, અને જોકે તે ઇનામની લાલચે તેનો પતો મેલવવાની કોશિશ કરવાને સરવે ડીટેકટીવો ભેગી હું-પણ તઇયાર થઈ, તોપણ ઇનામની ખાલી લાલચ ઉપરાંત બીજાંબી કેટલાંક કારણો મને એ બાબત માથે લેવાને ઊશ્કેરતાં હતાં. એ મુકદમામાં જણાયલી કેટલીક વીગતો ઘણી ભેદભરી હોવાથી, તેનો પતો મેલવવાને મને બહુ ઊમેદ સા થઈ. તે વીગતો નીચલી હતી:-

(૧) ખુની માટે મરનારના બાપે ઇનામ જાહેર કરવા માટે સાફ ના પાડવાનું કારણ શું?

(૨) મરનારનાં શરીરપરથી જે તેના બાપનાં ઘરનાં કામકાજને લગતી ચાવી મલી આવી હતી, તે તેના હાથમાં કેવી રીતે ગઈ?

(૩) મોટા બાકસ માટે જુરી આગલ બોલીને પેલી દાસી બેહોશ થઇ ગઈ હતી, તેની મતલબ શું ?

એ સવાલો મારા મનમાં ઊભા થયા અને તેના તરેહવાર ખોલાસાઓ મેં ગોઠવી કાહડયા, જેમાંથી કયો ખરો પડેછે તે જાણવાને હું ઇંતેજાર હતી.

મને લાગ્યું કે, મી૦ પેટલીએ ઇનામ ના પાડયું તેનો ખોલાસો ત્રણ રીતે થઇ શકે. યા તો તે એમ સમજતો હોય, કે મરનારનું ખુન થયુંજ નથી, અને તેથી ઇનામ જાહેર કરવું ફોકટ છે; અથવા તો તે ખુનીને ઓળખતો હોય, પણ તેને પોલીસના હાથમાં ગયલો જોવાને તે રાજી નહી હોય; નહી તો, ઇનામના પઇસાનો હાંસલ વીનાનો ખરચ કરવાનું તેને પસંદ ન હોય.

પેટારાને માટે મને લાગ્યું કે, તેમાં કાંઇ ખચીત જાણવાજોગ ભેદ સમાયલો હતો, અને ખુનના ખોલાશા વીશે તેની પર મને મોટો આધાર હતો.

કુંચી વીશે કશો ખુલાશો હું ગોઠવી શકી નહી.

ગમે તે હો; પણ ટરામનું ગામડું, જયાં આ ખુન થયું હતું, તયાં જઇને ઘટતી તપાસ કરવાનો મેં ઠરાવ કીધો. અમો ડીટેકટીવો, એક ઠરાવ નકી કીધો કે તેને અમલમા મુકતાં વાર લગાડતાં નથી. ટરામ જવાનો વીચાર કરવા પછી થોડાજ વખતમાં, ટરામના સટેશન ઉપર હું આવી ઉતરી.

પેલો પોલીસ કાનસટેબલ, જેના સવાધીનમાં મરનારનાં આંગપરથી મળી આવેલો

ખુરઓ અને કુંચી રેહલાં હતાં, તેને હું પેહેલાં જઇ મળી. તેના કરતાં વધારે મુરખ માણસ સાથ મને કદી કામ પડયું ન હતું. તે મુરખ, તોપણ પ્રમાણીક અને સાવાં મનનો હતો. જોઇતી વીગતોના જવાબ, બહુ સેહલથી મને તેની પાસેથી મલ્યા. તેને જરાબી ખ્યાલ આવયો નહી કે હું ડીટેકટીવ હોઇશ. સ્ત્રીઓ ડીટેકટીવનું કામ કરે છે, તે વાતનો તેને ખયાલબી હોય, એમ જણાતું ન હતું.

એકાદ બે રૂપાંના સીકા તેના હાથમાં સેરવી દઇને, મેં જે સવાલો પુછયા તેના પાધરે પાધરા જવાબ તેણે આપયા. પેલી કુંચી તથા ખુરઓ તેણે મને લાવી દેખાડયાં. મી૦ પેટલીએ જુરો હજુર જણાવયું હતું કે, તે ચાવી કાંઈ જાડું અગતની ન હતી, પણ મને તે જોતાં જુદોજ વીચાર આવયો તે સાધારણ તાલાંને બરની ન હતી, પણ કાંઇ અગતના અને કીમતી સામાનને સંભાલથી જાલવી રાખવા માટે વપરાતાં તાલાંની તે હોય, એમ મને જણાયું.

ખુરઓ તપાસતાં તે ઇંગ્રેજી બનાવટનો નહી, પણ પરદેશી બનાવટનો જણાયો. આવી બારીક વીગતોપર બીજાઓ ધ્યાન આપે નહી, પણ અમો ડીટેકટીવોને તો તેવી વીગતો તપાસવાની ટેવજ પડેલી હોય છે.

મરનારનાં સઘલાં કપડાંબી તે કનસટેબ-લ પાસે હતાં, અને તે તપાસતાં બનીયાનનાં ગજવામાંથી એક સ્ત્રીને બરનો નાજુક અને નકશીદાર રૈમાલ નીકલી આવ્યો. તે રૈમાલ બીલકુલ વપરાયલો નહતો, પણ ઘણી સંભાલથી છાતી આગલનાં નાનાં ગજવામા મેલેલો દીશતો હતો. તેની ઉપર "ફ્રેડરીકા" એવું નામ લખેલું હતું. તે રૈમાલમાં સુગંધી વાસ હતો. તેજ સુગંધ બુરખામાંબી હતી, અને તેની બનાવટબી બહુ નાજુક હતી. મેં જાણ્યું કે, રૂમાલની માલેકનોજ આ બુરખો હોવો જોઇયે.

મરનારનાં કપડાં મેં તપાસ્યાં; અને તેનાં ખુનની રાતે પડેલા વરસાદમાં તે ભીંજાયાં હોય એવી કશી નીશાની મને જણાઇ નહી. આથી મારી ખાતરી થઈ કે, ડાકતરે કરેલી અટકલ મુજબ મરનાર શીકાર ચોરવા નીકલ્યો નહતો.

મરનારની છાતીમાં ભોકાયલાં હથયારને મેં સરવથી છેલું તપાસયું. તેમાં મને ઘણી ગુચવણ લાગી, કેમકે તેવું હથયાર મેં જનમમાં જોયું ન હતું.

કનસટેબલ સાથની મુલાકાત હવે પુરી થઇ. તે દરમયાનમાં જે વીગતો હું નકી કરી

શકી, તે આ પ્રમાણે હતીઃ– કે, મરનાર શીકાર ચોરવા નીકળેલો પોતાના કોઇ સાથીને હાથ ણમર પામ્યો એમ ડાક્ટરે કરેલી અટકલ ખોટી હતી. મરણ આગમજ ફ્રેડરીકા નામે જવાન સ્ત્રીની મુલાકાત લેઇ, તેણી પાસેથી તેણે રૂમાલ તથા બુરખો લીધાં હતાં. પણ પેલી કુંચીનો ખુલાશો હજી મલ્યો નહી.

ટરામનાં એક હોટલમાં હું ઉતરી હતી. અંહી બની શકતું તેવી રીતે મારાં કામને લાયકની બાબતમાં ખબર મેલવવાની હું તજવીજ કરતી રહી હતી. મને માલમ પડયું કે, મીસીસ ગરોન નામે એક હોટલ વાલી તે ગામમાં વસતી હતી, તેણી જબરી ટાહેલાંખોર તેમજ ગામને લગતી સઘલી બાબત વીશે માહેર હતી. આ સ્ત્રીને મલવાનો મેં ઠરાવ કીધો. તેણીનું ઠેકાણું મેલવીને હું તેણી આગલ ગઈ અને તેણીનાંજ હોટલમાં ઉતારો કીધો.

મીસીસ ગ્રીનને જોઇ હું તો અજબજ થઇ ગઇ. તેણી એક અજાયબ જેવી સ્ત્રી હતી. ટાહેલું કરવાને તે બહુ શોકીન હતી. ગમે એટલી જુદી જુદી બાબત વીશે તમે તેણીને પુછો, અને વગર કંટાલવે તેણી દરેકનો જવાબ આપશે. તેણીનો પટપટ કરવાનો શોક પુરો પાડયો એટલે બસ; પછી ગમે તેટલી વખત

તેણીને એક વાત અધુરી મુકી દેવાડી બીજી નવી વાત પુછી હોય તોબી ચીંતા નહી. તેણી સારી ખબરદાર સ્ત્રી હતી, અને બારીકીથી ચોકસાઇ કરવાનો જો ગુણ તેણીમાં હતે તો, હું તેણીને મોટી ખુશીથી ડીટેકટીવ પોલીસ ફોજમા ઘસડતે. પણ તે ગુણ તેણીમાં બીલકુલ હતો નહી, એટલે નાચાર.

એ ગામ પેટલીનાં ખુન વીશેની વાત મેં તેણી આગલ છેડી. અને બહુ ઊલટથી તેણીએ એ બાબતપર પોતાની જીભ છોડી મેલી. તેણી કેટલી ટાહેલાંબોર હશે, તેનો વીચાર વાંચનારને આપવા ખાતર એટલુંજ કહેવું બસ થશે કે, સવારના સાત વાગતાથી અગીઆર વાગતા સુધી તેણીએ મારી સાથે વાત ચલાવી, જે અરસામાં નાના નાના સવાલો પુછવા શીવાયે બીજી વધુ તસદી મારી જીભને મેં આપી ન હતી. મીસીસ ગરીનને ટાહેલું મલ્યું, એટલે તેણી પોતાનાં ઘરનાં કામ કાજનેબી પડતું મેલતી. બરાબર સાત વાગતે, હું તરતનીજ ચાહ પી રહેલી હતી, અને તેના વાસણ ટેબલપરથી ઉઠાવી લેવાને મીસીસ ગ્રીન આવી. તેટલાં મેં મારી વાત છેડવાથી વાસણ જેમનાં તેમ પડતાં મેલી તે મારી સાથે વાતે વલગી, અને છેક સાડ-

ડા આઠ વાગવા પછી તેને તે ઊઠાવી લેવાનો વીચાર આવયો. તેણી સાથની વાતચીત દરમયાન, પેલો ડીના નામની દાસી, જે જુરી હજુર સાક્ષી આપતાં એક મોટા પેટારા વીશે બોલતાં બેહોશ થઇ જતી હતી, અને જે પેટારા વીશે વધુ જાણવાને હું ઇંતેજાર હતી, તે દાસીનું મને ઠેકાણું મલયું. એ દાસીને ઊતાવલે જઇ મલવાનો ઠરાવ કરી, મેં મીસીસ ગરીનને તુરત વેલા પડતી મેલી.

પેકલીંગટન ખાતે ડીના રેહતી હતી, અને બીજીજ સહવારે તેણી આગલ જવા માટે હું નીકલી. સટેશનપર હું જઈ પુગી તે વેલા ટરેન ઉપડવાને એક કલાકનો વીલંબ હતો. આથી હું જરા વીસામો લેતી બેઠી. થોડાજ વારમાં મીસીસ ગરીન તયાં આવી લાગી, અને એક જુની પાકીટ મને બતાવીને કેહવા લાગી કે, તે મારી હશે અને ભુલમા પડી ગઇ હશે, એમ ધારી તે પાછી આપવા આવી હતી. તે પાકીટ મારી નથી એમ જણાવાથી, તેને પડતી મેલી મીસીસ ગરીન ટાહેલે વલગી. તેણીએ મારી ટીકીટ કહડાવી આપવા માંગી, અને તે માંગણી મેં કબુલ રાખી; પણ હું જયાં જનાર હતી તે જગા તેના જેવી કુઠલાબોર સ્ત્રીને જણાવાનું મને ઠીક ન લાગવા-

થી, મેં પોકલીંગટનની આગમજનાં એક બીજાં સટેશન સટોકલી માટેની ટીકીટ કઢડાવી. મીસીસ ગરીને મને પુછયું કે મારે તયાં કોણ આગલ જવાનું હતું, અને મેં તેણીને અટકલેજ એક નામ અડાવી દીધું કે, મીસીસ બલાકલીને તયાં.

મીસીસ બલાકલી કોઇ જાણીતી અને દરજજાવાલી સ્ત્રી હશે, કેમકે તેણીનું નામ સાંભલતાં મીસીસ ગરીનના ડોલા ઉંચે ચહડી ગયા, અને તે વખતથી તેણી મારી તરફ બહુ માનથી જોવા લાગી. હું તો તેણીને ઓલખતી ન હતી, પણ માત્ર મારી કુઠલાખોર હોટલવાલીને મારી હીલચાલ વીશે ઊંટે રસ્તે મુકવા માટે મેં તેણીનું નામ વાપરયું હતું.

વખતસર ટરેન આવી લાગી, અને મેં તેમાં મારી જગા લીધી. સટોકલીનું સટેશન આવી લાગતાં, તયાથી પોકલીંગટન માટેની ટીકીટ લેઇ મેં મારી મુસાફરી આગલ ચલાવી.

પોકલીંગટનનું ગામડું ટરામથી સાઠ માઇલને છેટે હતું. અંહી આવી પુગતાંજ હું ડીનાને ઘેર ગઇ, પણ તેણીના બાપે મને ખુનની બાબતમાં તેણી સાથે વાત કરતી અટકાવી. ડીનાનાં મગજપરથી તે બનાવની અસર હજી નીકલી ગઇ નહતી, અને તેથી

મને તે વાત પાછી છેડતાં અટકાવવામાં તેણીનો બાપ ખચીત વાજબી હતો. પણ મને તો મારી ફરજ બજાવવી હતી. મેં તે ગામના કાનસટેબલને તેડાવીને મારૂં ડીટેકટીવ તરીકેનું વારંટ બતાવયું, અને તેણે ડીનાના બાપને વચ્ચે આવતો અટકાવયો.

ડીનાથી જે ખબર મારે મુખ્ય કરી મેળવવાની હતી, તે પેલા શક ભરેલા પેટારાને લગતી હતી. ત્રણ ત્રણ વાર બેહોશ થઇ જવા પછી, અને બીજી કેટલીક માથાંકુટણ કરતાં, ડીનાએ મને જે ખબર આપી, તે એટલીજ હતી કે, તે પેટારો બહુ મોટો હતો, બે માણસો તેને ઘરમાં લાવયા હતા, અને કેટલાક વખત પછી તેને પાછો બાહાર લઇ જવામાં આવયો હતો. એટલી ખબર આપવા પછી ડીના પાછી બેહોશ થઇ ગઈ, અને હવે તો, તેના બાપનો મીજાજ તદન ગયો. તેણે મને કહયું કે, તમે ડીટેકટીવ હોવ કે ડીટેકટીવોના ઊપરી હોવો, પણ હું તમોને મારા ઘરમાંથી જબરીથી બાહાર કાહડીશ. તે પોતાની ધમકી અમલમાં મેલશે એવું જણાવાથી, તયાંથી રૂખસત લેવામાંજ મેં ડાહપણ વીચારયું. એક રાત હું તે ગામમાં રહી અને ડીનાની સહીઓ અથવા કોઈ અત-

બાગનાં એશીઓ પાસેથી બને તો કંઇ ખબર મેળવવાની તજવીજ કીધી; પણ તેમાં કાંઇ વળયું નહી.

બીજે દીને હું ટરામ ખાતે પાછી ફરી, અને મીસીસ ગરીને મને બહુજ માન ભરયો આવકાર દીધો. તેણી સમજી કે મીસીસ બલાકલીને તયાં હું રહી આવી હતી, અને તેથી મીસીસ બલાકલીની મીત્રને લાયકનો આવકાર તેણીએ મને આપવાનું વાજબી વીચારયું હશે. મીસીસ બલાકલી વીશે તેણીએ મને તરેહવાર સવાલો પુછયા, અને મને સુજયા તેવા જવાબો મેં તેણીને આપીને પતાવી.

ડીનાએ જણાવેલા પેટારા વીશે હજી ઘણી વીગતો જાણવાની હતી. એ કામમાં થોડી મદદ મીસીસ ગરીન તરફથી મેળવવાનો મેં ઠરાવ કીધો. તેણીને મેં એટલી ખબર કાહાડવાનું સોપયું કે, જવાન પેટલીનું ખુન થયું તેની આગમજના દીવશે, એક મોટો પેટારો લઇને કોઇ ગાડું ગામમાં દાખલ થયું હતું કે નહી. આ કામ બજાવાને તે એકદમ તઇયાર થઇ, કેમકે તે તેના કુઠલાખોરા સવભાવને અનુસરતું હતું.

એ પછી મીસીસ કવીનીયનને હું મળવા ગઇ. તે મુલાકાતનાં કારણમાં મેં એવું બા-

હાનું ઊભું કીધું કે, ડીનાને હું નોકરી રાખવા માંગતી હતી, અને તેથી તેણીની વરતણુક વીશે મીસીસ કવીનીયન સોડેથી ખબર મેલવવાનો મારો વીચાર હતો. એ વેલા, મીસીસ કવીનયન સાથે મને થયલી વાતચીત આ પ્રમાણે હતી:–

"ડીના નામે છોડીને મારે તયાં નોકરી રાખવાની છે, અને તેણીની વરતણુક વીશે હું તમારી સોડેથી ખબર મેલવવા ઇછું છું." હું બોલી.

"ડીના"? બરાબર ઓલખતી ન હોય તેવું ડોલ ઘાલીને તે બોલી. પછી મને પુછયું, "તમે શું કામપર તેણીને રાખવા ઇછો છો.?"

"બાહારગામ ખાતે મારી બેનનાં છોકરાં માટે એક રમાડનારી આયા જોઇયે છે."

"બાહારગામ?" મીસીસ . કવીનીયન બહુ ઊલટથી બોલી ઊઠી. ડીનાને બાહાર ગામ પતેજી જોવાને તે ઇછતી હોય, એમ મને જણાયું. હવે તેણીએ ડીનાની વખાણ કરવા માંડી."

"છોકરાં રમાડવાનાં કામ માટે તો ડીનાને તમો ખચીત ઘણી ઊપયોગી જોશો." મીસીસ કવીનયન બોલી. "તેણી બાલકો સાથે વખાણવાજોગ મમતાલુપણાથી વરતે છે."

હવે, બચ્ચાં રમાડવાનો અનુભવ ડીનાને મીસીસ કવીનયનના હાથ નીચે તો મલયો ન હતો, તયારે તે બાબતમાં ખોટું બોલવાનું તેણીને કારણ શું ? મને શક પડયો કે, મીસીસ કવીનયન, ડીનાને બાહાર ગામ પતેલી જોવાની ઉલટમાં મને ખોટું સમજાવાની વેતરણ કરે છે..

તેણીનું પ્રમાણીકપણું વધારે કશી જોવાના ઇરાદાથી મેં પુછયું, "તેણીની તંદરોસતી સારી છે ?" "હા ઘણી સારી."

હવે મારી ખાતરી થઇ કે, મીસીસ કવી નયન મને ઠગવાજ માગે છે, અને તેમાં તેણીની કંઇ મતલબ સમાયલી હોવી જોઇયે. ડીનાની તંદરોસતી તેણીએ મને સારી જણાવી, પણ તેણીનાં ફીકરાં વીશે મને એક બોલબી કહયો નહી.

હું જવા ઉઠતી ઊઠતી બોલી, "તયારે ડીનાને હું મારી બેનને તયાં રખાવીશ. તેણી પોતેબી બાહારગામ ચાકરી કરવાને રાજી દીસે છે."

"શું તમો ડીનાને મલી આવયાં છો ?" મીસીસ કવીનયન બહુ અજાયબી બતાવીને બોલી, પણ પછી થોડીજવારમાં તેણીએ પોતાની અજાયબી દાબી દેવાની વેતરણ કીધી.

તેના આ સવાલમાંથી મને કંઇ ભરમ જણાયો. હું હાનો જવાબ દઈ ઘેર જવા ઉઠી. જતાં જતાં મીસીસ ક્વીનયને અરજ કીધી કે, લનડનની એકાદ સારી દાસી તેણીને મારે મેળવી આપવી. તે વીશે કબુલાત આપીને, હું નીકળી પડી.

મારા ઉતારા પર પાછી ફરતાંજ, મીસીસ ગરીનને મેં પેલાં ગાડાં વીશે પુછયું. તેણીએ લગાર અજાયબી દેખાડી મને પુછયું કે, તે જાણવાની મને એટલી કાળજી શા માટે છે."

ટરામ જેવાં નાનાં ગામડાંમાં ખોટો વેશ ધારણ કરનાર માણસે બહુ સંભાલથી વરતવું જોઇયે, નહી તો તેને પકડાઇ આવતાં જાહુ જો વાર લાગે નહી. મસીસ ગરીન જેવી કુડલાખોર સાથે વરતતાં મને બહુ સંભાલ રાખવી પડતી હતી. તેણીને જરાબી શક પડે, તો તે વાત આખાં ગામમાં જાહેર થશે, એમ મને ખબર હતી. આથી તેણીને મારી વરતણુકમાં નવું કાંઇ લાગે નહી તે વીશે હું સાવચેત રેહતી હતી. તેણીના ઊપલા સવાલનો જવાબબી મેં સંભાલથીજ આપયો. મીસીસ બલાકલીનાં ચમતકારીક નામની એકવાર મેં પાછી મદદ લીધી. મેં તેણીને જણાવયું કે,

હું જે જાણવા માગું છું તે એટલુંજ કે, તે ગાડું મીસીસ બ્લાકલીના ભાઈનું હતું કે નહી.

આ જવાબથી ધારેલી અસર થઇ, અને મારી પુછપરછનાં કારણ વીશેનો શકભરેલો શક મીસીસ ગરીનનાં મનમાંથી નીકલી ગયો. તેણીએ મને જણાવયું કે, એક મોટો પેટારો લાધેલું ગાડું, મજકુર દીને મો૦ પેટલીનાં મકાન તરફ જતાં, મી૦ વાહીટ નામે કાપડીયાના દીઠામાં આવયું હતું. એ જવાબ સાંભલી જાણે કાંઈ દરકાર નહી કરતી હોઉં તેવો મેં દેખાવ કીધો.

મીસીસ ગરીન કામ કાજે લાગવા પછી હું લાગલી કપડાં પેહરીને મો૦ વાહીટની દુકાનપર ગઇ.

મી૦ વાહીટ બહુ સાદો અને ભોલો માણસ હતો. તે ટાહેલાંખોર હતો, અને તેથી મને જોઇતી ખબર આપતાં તેને જરાબી આનાકાની લાગી નહી. અલબતાં આ સઘલી પુછપરછ કરવાનું મારૂં કારણ તેણે મને પુછયું, પણ મેં તે જણાવવાને નરમાશથી ના પાડી, અને તેણે તે પછી તે વીશે વધુ કાલજી દેખાડી નહી. એક છતરી ખરીદવાના બાહનાં હેઠલ હું તેની આગલ ગઇ હતી. મેં તેને જતાં વારજ ચેતાવયું કે, હું એક છતરી ખરીદવા તેમજ કે-

ટલીક વાત તેને પુછવાનાં બેવડા કારણોસર તેની આગલ આવી છું. તેણે મારી બંને ઇ-છા પુરી પાડવાને પોતાને તઇયાર જણાવયો. એક છતરી તેણે મને લાવી દેખાડી, તે મેં તરતજ ખરીદ કીધી; અને પછી મેં લાગલીજ મારી વાત પુછવા માંડી.

મી૦ વાહીટ સોડેથી મને કેટલીક જરૂરની ખબર મલી. તેણે જણાવયું કે, મજકુર દીને એક ગાડું મી૦ પેટ્લીનાં ઘર તરફ જતાં તેણે દીઠું હતું. બે માણસો તે પર બેઠેલા હતા. તેઓ તયાં જઇને પાછા ફરયા તે વેલા, તેઓ મારી નજદીકનાં એક હોટલમાં ઊતરી દારૂ પીવા બેઠા. તેમનાં ગાડાંમાં કેટલાક સુતરાઉ કાપડના તાકા હતા. તેઓ પાછા ફરયા તે વેલાબી, સઘલા તાકા જેમના તેમ હતા, તેથી મેં ધારયું કે, તે કાપડ જે ધણીને પુગાડવાનું હશે, તેને તેઓ શોધતા ફરતા હશે. વલી મેં ધારયું કે, કદાચ તેઓ મારી દુકાન માટેજ તે લાયા હશે. આથી તે વીશે મેં તેમને પુછી જોયું. પણ તેઓએ મને પાધરે પાધરો જવાબ ન દેતાં જાહનમમાં જવા કહયું. તેઓ દારૂના ખાહારમાં આવેલા દીસતા હતા. બેશક તેઓ સારા માણસ તો નહી હતા નહી તો, મને ગાલ શું કામ દેતે ? જો એ ગાડાં વીશે તમને વધારે

જાણવું હોય તો, ગામના દરવાજાના રખેવાલ ટામને પુછવાથી મનમાનતી ખબર મલશે.

આટલી ખબર મને મલવા પછી, મી. વાડીટનો ઉપકાર માની મેં ચાલવા માડ્યું. તેણે મને જતી અટકાવીને કહ્યું, "તમે કાંઇ ખરેખર છતરી ખરીદવા આવયાં ન હતાં, પણ આ વાતને વાસતે આવયાં હતાં. છતરી અમથું બાહનું હતું. જો તે તમને જોઇતી નહી હોય તો, બેલાશક પાછી આપજો."

મેં છતરી રાખવાની મરજીજ દેખાડવાથી તે મુંગો રહયો. મેં જતાં જતાં તેને કહ્યું કે જરૂર પડશે તો, હું ફરીથો તેને દુકાને આવીશ.

તે બોલયો, "બેલાશક આવજો. અને વલી આવો તયારે છતરી ખરીદવાનું બાહનું ના લાવતાં. મીત્રાચારીની રાહે આવજો. ઘર તમારૂંજ છે."

મેં ફરીથી તેનો ઉપકાર માનયો, અને ચાલવા માંડ્યું. તેની દુકાનથી હું પાધરી ગામના દરવાજા આગલ આવી, તયાં મને ટામ મલયો. તે ગાડું પાછું ફરયું હતું કે નહી, તે મેં તેને પુછયું, અને તેણે હાનો જવાબ દીધો. તેની ખાતરી હતી કે નહી, એમ મેં તેને પુછયું. અને તે વેલા તેણે બહુ ભાર મેલી હાનો જવાબ દીધો.

તેનો પેહલોજ જવાબ તદન પુરતો હતો, તોબી વધારે ખાતરી કરવા મેં તેને બે સવાલ પુછયા હતા. અમો ડીટેકટીવો એકદમ એક વાતપર વીશવાશ મેલી દેતા નથી. અમોને ગમે એવા આબરૂદાર માણસના બોલવાપરબી, તરત વીશવાશ આવતો નથી. એક માણસ લુચા તરીકે પુરવાર થાય તયાં સુધી તેને આબરૂદાર ગણવો, એ દુનયાનો રેવાજ છે, પણ અમો ડીટેકટીવો તો તેથી ઊલટા જઇ, એક માણસનાં પ્રમાણીકપણાં વીશે અમારી ખાતરી થાય નહી તયાં સુધી તેની તરફ શકની નજરે જોઇયે છીયે. અલબતાં અમો મંડલીને ગેરઇનસાફ કરયે છે, પણ તે મંડલીનાં પોતાનાં ભલાંને માટેજ.

મી॰ વાહીટની દુકાનેથી મને ખબર મલી હતી કે, પેલું ગાડું હાકનારા બે શખસો એક ટાવરનમાં દારૂ પીવા ઉતરયા હતા. આથી, તેઓ વીશે વધારે ખબર મેલવવાને હું તે ટાવરનની માલેક આગલ ગઇ. તેણી સાથ વાતચીતમાં મને માલમ પડયું કે, તે શખસો માત્ર સાધારણ ફેરીયાઓનો દેખાવ ધારણ કરી ગામમાં આવયા હતા, પણ ખરેખર તો તેઓ વધારે સારો સ્થીતીના

અને ચઢુડતા વરગના ગ્રહસ્થો હતા. ટાવ રનવાળીનું પોતાનું બી મત તેવુંજ હતું. જે જાતનો ખોરાક તથા દારૂ તેઓએ મંગાવયો, તથા જેવી રીતે ટાવરનમાં તેઓ રહયા, તે ઉપ રથી તેણીએ તથા મેં એ મત બાંધયું હતું.

ટાવરનવાળી પાસેથી ઘર આવીને, મેં હવે સઘલી ખબરપરથી શું સાર કાહડવો તે નકી કીધું. મેં જે સાર એમાંથી કાહડયો, તે નીચે પ્રમાણે હતો :—

૧. જે કુંચી મરનાર ગ્રેહામ પેટલીની લાશ પરથી મલી આવી હતી, તે કોઇ કીમતી સામાન ભરેલી પેટી અથવા કબાટની હતી.

૨. તેનાં મોહડાપરનો બુરખો તથા રૂમાલ ફ્રેડરીકા નામે કોઇ સ્ત્રીનાં હતાં, અને મરનારને તેણી સાથે બહુ મોહબત હોવી જોઇયે.

૩. મરનાર શીકાર ચોરતાં કાંઇ અકસમાતથી મરણ પામેલો હોવો જોઇયે, એમ જુરી આગલ પડેલી શાક્ષીપરથી લોકોએ કાહડેલો સાર ખોટો હતો.

૪. મરનારનાં મરણની આગલે દીને એક મોટો પેટારો તેનાં બાપના ઘરમાં લાવવામાં આવયો, અને તે પાછો લઇ જવામાં આવયો ન હતો.

૫ મીસીસ કવીનયન તે બનાવથી જાણીતી હોવા છતાં તેણીએ તે છુપાવયો હતો. એટલુંજ નહી પણ તે પેટારો હજી મી૦ પેટલીનાં ઘરમાંજ હોવો જોઇયે, અને તે પાછો લેઇ જવામાં આવયો છે એમ મીસીસ કવીનયને ડીનાને જણાવવામાં કાંઇ છુપી મતલબ હતી.

૬. જે શખસો તે પેટારો લઇ આવયા હતા, તેઓ સાધારણ ફેરયાના દેખાવથી ગામમાં આવયા હતા; પણ તે દેખાવ ખોટો હતો, અને તેઓ આબરૂદાર ગણાતા ગ્રહસ્થો હતા.

હવે એ સઘલાં પરથી શેવટનો સાર જે નીકલયો તે એજ કે, પેલો પેટારો શોધી કાહાડવાથી ખુનનો ભેદ મલવાનો મોટો સંભવ હતો.

તે પેટારો શોધી કાહાડવા માટે, મી૦ પેટલીનાં મકાનમાં મારો પગ પેસારો વધવો જોઇયે; અને સારે ભાગયે મારા હાથમાં તે તક હતી. મીસીસ કવીનયને, પોતાના હાથ નીચે કામ કરવા માટે એક દાસી મેલવી આપવાની મને અરજ કીધી હતી, અને તેનો લાભ લેઇ મેં મારથા નામે બીજી સ્ત્રી ડીટેકટીવને દાસીના વેશમાં લંડનથી તેડી મંગાવી.

તેને આવતાં બે દીવસનો વીલંબ લાગો, જેટલો વખત મેં મારા હાથમાં આવેલી ખબરોપર વીચાર કરી તેમાંથી તરેહવાર સાર કાહાડવામાં ગાલી નાખયો.

જવાન પેટલી, કાંઇ અપ્રમાણીક ધારણાથી પોતાના ગામમાં આવયો હતો, એ તો નકી હતું. તે છુપી રીતે તથા અંચીતો ત્યાં આવી લાગો, તથા બુરખાથી તેણે પોતાનું મોડું છુપાવયું, એ બનાવો તેની અપ્રમાણીક ધારણા દેખાડતા હતા. તેની લાસને દુરથી લાવીને તેનાં ઘર આગલ નાખવામાં આવી હોય, એ વાત માનવા જેવી લાગતી ન હતી. તે ઘરમાંથી અથવા ઘરના નજદીકમાંથી લાવીને મેલવામાં આવી હોય, એ સંભવીત હતું. એક લાશને દુર લઇ જવામાં ઘણા જોખમો હોયછે. અકસર કરીને તેને દુરથી લાવીને તેનાં ઘર આગલજ મેલી જવાનો તો ઘણોજ જોખમ છે. અને કોઇબી સમજુ માણસ તેવો જોખમ એડે નહી. જે સંભાલથી ખુન કરવામાં આવયું હતું તે જોતાં, ખુનીએ લાશને દુરથી અંહી લાવી મેલવા જેવો નાદાની કરી હોય, એમ માનવામાં આવે નહી. ખુનની જગા, મરનારના બાપનું મકાન અથવા તેની અતીયંત નજદીકની કોઇ જગા હતી, એમ મને નકી લાગું.

વલી, સરવ બનાવો તથા મીસીસ કવીનયનની વરતણુંક ધયાનમાં લેતાં મને ખુનનો શક મીસીસ કવીનયન સામે લાગો. ડીનાપર તો મને શક ગયોજ નહી. એવી નરમ, બલકે ધુંજરા સ્વભાવની છોડી ખુન કરે, એ મને સંભવીક લાગું નહી. મીસીસ કવીનયન ગ્રેહામ પેટલીને બહુ ચાહતી હતી, અને તેનાં મરણથી તેણીને કસો લાભ ન હતો, એટલે તેનું ખુન કરવાનું તેણીને શું કારણ હોય? તેણીએ જાણી જોઇને ખુન કરયું ન હોય, પણ કાંઇ અકસમાતથી તેમ બનયું હોય, એમ માનવાને મને વધારે દરૂસત દીશયું.

પેલા મોટા પેટારાને ખુન સાથે બેશક સંબંધ હોવો જોઇયે, એમ મેં નકી કીધું. તુરત વેલા મેં તેનો પતો મેલવવા પરજ, સઘલું ધયાન રોકયું. મારી મદદગાર ડીટેકટીવ મારથા આવી પુગતાંજ, એક દાસી તરીકે તેણીને મેં મીસીસ કવીનયનને તયાં રખાવી; અને પેલા પેટારા પર નજર રાખવાને મેં તેણીને ફરમાવયું તે પેટારો કેવો હતો, તે વીશે મારથાએ મને સવાલ કીધો, પણ તેનો ખોલાસો આપવાની મારામાં શકતી કયાં હતી? મેં તો તે કદી જોયોજ ન હતો, એટલે કોઇબી શક ભરેલા પેટારા તરફ મારૂં ધયાન ખેંચવા, મેં તેણીને ફરમાશ કીધી.

બેચાર દીવસ રહીને મારથા મને પછી મલી તે વેલા તેણી બોલી કે, મીસીસ કવીનયન કાંઈ જેવી તેવી સ્ત્રી નથી, પણ જબરી પોંહચેલી અને પાકી સમજની છે. ડીટેકટીવોને હાથ પણ તે સેહલથી માહુત થાય, એમ નથી.

પેલી ટાવરનવાલી, જેણીનું નામ મીસસ લામ્બ હતું, તેણીને તયાં ગ્રેહામ પેટલી વારંવાર જતો હતો, એમ મને જણાવાથી હું પણ અવાર નવાર તેણીને તયાં જઈને ચાહ કાફી પીયા કરતી હતી.

એક દીવસે કાફી પીતાં પીતાં મેં મારી પાસેની ટેબલપર પડેલી એક ચોપડી ઉંઘાડી. તે ચોપડી ઊઘડતાંજ મીસીસ લામ્બ બુમ પાડી ઊઠી "કેવો સંજોગ!"

મેં પુછયું, "કાંય શું છે? સંજોગ શાનો?"

તેણી બોલી, "આ ચોપડી મરનાર ગ્રેહામ ઘડી ઘડી વાંચતો હતો. અકસર કરી એમાં જે વાત તે વારંવાર વાંચતો હતો. તેજ વાતનું પાનું તમેબી હાલ ઊઘાડયું છે."

એટલું બોલી મીસીસ લામ્બ બીજા નવા આવેલા ઘરાકોની ફરમાશો બજાવવા દોડી ગઈ તેની ગેરહાજરીનો લાભ લેઈ મેં પેલી વાત વાંચી જોઈ.

જે ભેદનો પતો મેલવવાને હું કંઇ મુદત થઇ મેહનત કરતી હતી, તે આ વારતા વાંચી રેહેતાંજ મારી આગલ આરસી માફક ખુલો થયો. માત્ર આ નજીવા જેવા અકસમાતથી, મારી લાંબા વખતની મેહેનતનું ફલ મને મલ્યું. એમાં નવાઈ જેવું કાંઇ નથી. એવા નજીવા અકસમાતોથીજ અમો વારંવાર અમારી મેહનત સરંજામ ઊતરેલી જોઈયે છીયે.

જે વાત ગ્રેહામ ઘડી ઘડી વાંચતો હતો તેમાં, એક ઘરમાંની કીમતી મતા ચોરવાની નેમથી એક લુટારાએ કેવી રીતે એક પેટીમાં છુપાઇને કાંઈ તદબીરથી તે પેટી પેલાં ઘરમાં મોકલાવી હતી, તેનું વરણન કરેલું હતું. હવે ગ્રેહામે તેજ અખતરો પોતેબી અજમાવી જોયો હશે, એમ મારી ખાતરી થઈ. તેનો બાપ તેને ઘણીંજ કંગાલ અવસ્થામાં રાખતો હતો, તેથી તેની ગેરહાજરીનો લાભ લઇ ગ્રેહામ પેલા મોટા પેટારામાં સંતાઇને ઘરમાં દાખલ થયો હશે, અને કાંઇ અકસમાતથી તેનું તેવી હાલતમાં ખુન થયું હશે, એમ મેં તરક બાંધી. પેલા ફેરીયાઓનો દેખાવ ધારણ કરી મી૦ પેટલીને તયાં પેટારો આપી આવનારા શખસો ગ્રેહામના સાથીઓ હશે, અને તેમની મદદથી પેટારામાં છુપાઇને ગ્રેહામ પોતાના બાપના મકાન-

માં આવી ભરાવો જોઇયે. ગ્રેહામની લાશ પર થી મલી આવેલી કુંચી, અને બુરખાથી મારી તરકને વધારે ટેકો મલ્યો.

એવામાં મારો સાથી મારથા એક અગતની ખબર લેઇ આવી. મીસીસ કવીનયને બહુ સંભાલથી જાલવી રાખેલું એક કાગજ, મારથાને હાથ આવી ગયું હતું. એ કાગજ મરનાર ગ્રેહામનું ખુન થવાની એક દીવશ આગમજની તારીખનું હતું, અને તેમાં મી૰ પેટલીના બટલરે મીસીસ કવીનયનને જણાવયું હતું કે, ૧૩માં નંબરની કુંચી ખોવાઈ હતી.

તેરમાં નંબરની ચાવી!

જે ચાવી, મરનાર ગ્રેહેહામની લાસ ઉપરથી મલી આવી હતી, તેનુંજ આ નંબર હતું. મારી તરકને આ એક વધુ ટેકો થયો.

હવે મારે માટે જે કામ રહયું, તે કાંઇબી કરીને એકબી દીવસ મી૰ પેટલીનાં ઘરમાં રસ્તો મેલવવાનું હતું.

તે કામબી મેં બજાવયું. મારા વકીલોને મેં લખી મોકલયું કે, વરતમાન પતરોમાં એક જાહેર ખબર લખીને જણાવવું કે, તેઓ મીસીસ કવીનયન નામે સ્રીને કાંઇ અગતનાં કામસર મલવા માગે છે, માટે તેણીએ જયાંબી હોય તયાંથી આ ખબર વાંચતાં વાર તેઓને

આવી મળવું. વળી મેં મારા વકીલોને ફરમાસ કરી હતી કે, મીસીસ ક્વીનયન તેઓ આગલ આવે તયારે કાંઈ કાંઈ બાહના કાહડીને તેણીને થોડા દીવશ લંડનમાંજ રોકી રાખવી.

આ દુનયા ઠગારીછે, અને તેમાં વસતાં ઠગારાં માણસો સાથ વરતતાં તેમનાં જેવાંજ થવાની ફરજ પડેછે. અકસર કરીને અમો ડીટેકટીવોને તો, જેવાં માણસો સાથે તેવાંજ થઈને વરતવાની બહુ અગત પડેછે. મેં એવો ઠરાવ કરી રાખયો હતો કે, મીસીસ ક્વીનયનને લનડનમાં રોકી રાખીને મી૦ પેટલીનાં મકાનમાં મારથા સાથે છુપી તલાશ ચલાવવી, અને જો મીસીસ ક્વીનયન સામે પુરતા પુરાવા મલે તો, તેણીને મારા વકીલની આફીસમાંજ કામસર તેડીને કેદ પકડાવવી. એવી રીતે લલચાવનારી જાહેર ખબરો નાખીને ઘણાં લોકોને ભલતે ઠેકાણે તેડી, બાહરો બાહરથીજ તુરંગમાં મોકલવાની અમોને ફરજ પડેછે.

આ જાહેર ખબરનું વરતમાન પત્ર મારે હાથ આવતાંજ, તે મેં મીસીસ ગ્રીનને વંચાવયું. મીસીસ ગ્રીનને હાથ એક વાત આવી, એટલે તેને ગામમાં ફેલાતાં વાર કેટલો? મીસીસ ક્વીનયનને વકીલો શું કામ મલવા માંગેછે તે કાંઈ જણાવેલું ન હતું, તોપણ કુઠલાઓરો-

નાં ભેજાંને તે ગોઠવી કાહડતાં વખત લાગો નહી. મીસીસ કવીનયનના કાનપર તે વાત જાય તેટલાં તો આખાં ગામમાં ગપાટો ઉડી રહયો કે, તેણીનું કોઈ સગું મરી જવાથી વીસ હજાર પાઊંડ તથા એક મોટી મીલકતનો તેણીને વારસો મલયો છે.

સાંજ પડે તેટલાં મીસીસ કવીનયન મને આવી મલી.

તે બોલી, "મારે વીશે વરતમાન પત્રમાં છપાયલી ખબર તમે વાંચીતો હશે. તે વીશે બોલ કાહાડવાને હું લંડન જાઊં છું, પણ અંહીના કોઇબી લોકોને મારી ગેરહાજરીની ખબર નાહી પડે એમ હું ઇચ્છું છું. માટે જો તમો ગુપચુપ એક દીવસ મારે ઘર આવીને, મારી ગેરહાજરીમાં જરા ઘરની સંભાલ લેશો તો મોટી મેહરબાની થશે. હું કોઇ મારાં ઓલખીતાને એ અરજ કરતે, પણ અંહીના કુઠલાખોર લોકોમાં નકામી ચાવાચીવી થતી અટકાવાની મારી ધારણા છે."

મીસીસ કવીનયનની આ માંગણીમાંબી કેટલીક લફંગાઇ સમાયલી હતી. ગામમાં લોકો ખુનની વાતથી માહીતગાર હોવાને લીધે રખે ઘરમાં તેણીની ગેરહાજરીમાં કાંઈ તપાસ ચલાવે એવી બીહીકથી, મને અજાણી સમજીને

તેણીએ આ અરજ કરી હતી. મને તો તેનાં ઘરમાં જવાની કાલજીજ હતી, એટલે બહુ ખુશીથી મેં તે અરજ કબુલ રાખી. એ તો મારો શીકાર રાજી ખુશીથી મારી જાલમાં આવીને સપડાવા જેવું થયું.

હું તેણીનાં મકાનમાં જઇને રહી. તેણી ઘરમાંથી બાહાર નીકલવા પછી થોડીજ વારે હું તથા મારથા પેલા પેટારાની તપાસ કરવા પડયાં. રાતનાં નવ વાગતાથી બાર વાગા સુધી અમે ફાંફાં મારયાં, પણ કાંઇ વલયું નહી. અમે એકે એક ખુણું સોધી વલ્યા, જેવી જગાપર એક મોટો પેટારો રેહવાની વકી નહી, તેવી જગા વટીક અમે છોડી નહી.

પણ અંતે તેનો પતો મલયો. મીસીસ કવીનયને તે પેટારો સંતાડવા માટે એક પકા ચોરને લાયકની હીકમત વાપરી હતી. શક ભરેલી ચીજ સંતાડવા માટે સરસ રીત એ છે કે, કોઇને જરા શક નહી આવે એવી તદન સાધારણ જગામાં તેને સંતાડવી. દાખલા તરીકે, એક ચોરાયલી બેંક નોટ સંતાડવા માટે સઊથી સરસ જગા, રમવાનાં પાનાનો દાબડો થઇ પડશે, કેમકે, તેમાં શોધ કરવાનો કોઇને ખયાલ બી આવે નહી. મીસીસ કવીનયનેબી તેવીજ કલા વાપરી હતી. તેણીએ તે પેટારાને પોતાના

સુવાના ઓરડામાં મેલયો હતો. તેની ઉપર એક નકસીદાર ગલીચો પાંથરીને પોશાક બદલવાની ટેબલનો આકાર તેને આપ્યો હતો. અલબતાં તે પોશાક બદલવાની ટેબલ જેવો જણાવાથી, પેટારા માટે શોધ કરવાનું ધયાન તેપર એંચાય નહી, અને અમોબી વારંવાર તેની આગલથી પસાર થવા છતાં, તેમાં તપાસ કરવા જોગ કાંઇ સમજયાં નહી. પણ એક અકસમાતથી મારૂં તે તરફ ધયાન એંચાયું. તે પેટારા આગલથી પસાર થતાં મારથાના પોશાક સાથે ભેરવાઇને ગલીચાનો થોડોક ભાગ બાજુએ ખસી ગયો. તેજ વેલા મારી તે પર નજર પડી, અને તેનો કાલો રંગ દેખાયાથી આગલ જઈ વધારે તપાસ કરતાં પેટારો માલમ પડી આવયો.

ગ્રેહામ પેટલીનાં ખુન વીશેની મારી તરફ ખરી પાડનારો આ મોટો પુરાવો હવે મલ્યો. એક માણસ માઇ શકે એટલી તેમાં જગા હતી, અને દમ લેવા માટે તેમાં કેટલાંક છીદરો પાડી એક કાલાં કપડાંથી તે છુપાવેલાં હતાં. વલી તેમાં માથું મેલવા માટે એક તકીઓ પણ હતો. પેટીમા એક ચીરો પડેલો હતો, અને મને લાગું કે, એ ચોરા વાટે હથયાર ખોસીને મરનારનું ખુન કરવામાં આવયું હશે. મેં મારથાને તે

પેટીમાં સુવાડી અને પેલા ચીરા વાટે એક લાકડી પેટીમાં ઓસી. મરનાર ગ્રેહામની છાતીના જે ભાગપર જખમ થયો હતો, તેજ મારથાની છાતીના ભાગપર આ લાકડી જઈ અથડી. હવે મારો પુર ખાતરી થઈ.

પણ એ ખુન કરનાર કોણ? અલબતાં મીસીસ કવીનયનજ. તેણીએ ગ્રેહામને ઓલખીને નહી, પણ ચોર સમજીને તેણીનું ખુન કરેલું હોવું જોઈયે. સોનાં રૂપાંના વાસણ ચોરી જવાની મતલબથી, પોતે વાંચેલી વારતામાંના ચોરની માફક તે આ પેટારામાં સંતાઈને ઘરમાં દાખલ થયો હશે. મોડી રાત થવાની વાટ જોતો તે તેમાં પડી રહ્યો હશે, તેવામાં તેના કોર મરડવાના અથવા સવાસ લેવાના અવાજથી મીસીસ કવીનયનને શક પડયો હશે, અને તેને ચોર સમજીને બંધ પેટીમાંજ હથયાર ઓસી તેણીએ તેને ઠાર કીધો હશે. ખુનનો ભેદ આ પ્રમાણેજ હોવો જોઈયે; અને તેના મારી પાસે પુરતા પુરાવા હતા.

મીસીસ કવીનયને માત્ર અંજાણપણામાં ખુન કરયું હતું, એવી તો મારી ખાતરીજ હતી. તેણીએ એક માણસને પેટીમાં છુપાયલો જાણયો, અને ચોરી કરવા અને તેમ કરતાં કદાચ તેણીનું પોતાનું ખુન કરવાનીબી તેની

મને હોય, એમ તેણીને સવભાવીક રીતે લાગવું જોઇયે. આથી તેણી જેવી મજબુત મનની અને હીમતવાન સ્ત્રી, તે ચોરને અંચીતો ઠાર કરી નાખવાની હીમત બેશક કરે.

એ કામ કરવા પછી મીસીસ કવીનયનને પસતાવો, યા દલગીરી ઝાઝાં લાગાં ન હશે. ગ્રેહામ પેટલીની કંગાલ જીંદગીનો અંત લાવી તેને તેણીએ સુખી કરયો હતો, એટલે પોતાનાં કામ માટે તેણીને ઝાઝું દલગીર થવા જેવું ન હતું. પોતે જાણી જોઇને એ કામ કરયું ન હતું એટલે તે માટે પસતાવાનું બી ઝાઝું નહી હતું.

પેટારો શોધી કાહાડવાથી ખુન વીશે મારી તો પુરી ખાતરી થઇ, પણ નયાયની અદાલતમાં તે કામ લેઇ જવા માટે એથી વધારે એતેબાર પુરાવાની જરૂર હતી. જે હથયારથી ખુન થયું હતું, તેનો ભાગેલો બીજો ભાગ અંહીથી મલી આવે તો તે પુરતો પુરાવો થઇ પડે, એમ હતું. તે વીશેબી મેં હવે શોધ કરવા માંડી.

મારથાને પુછવાથી જણાયું કે, પોતાનાં પુસ્તકખાનાંમાં મી૦ પેટલીએ કેટલાંક જુનાં હથયારોનો સંગ્રહ કરી રાખયો હતો. એ પુસ્તકખાનાંની ભેટ હમો લેવા ગયાં. પુસતકખાના

વાલો ઓરડો એક નાનાં તલાવની ઊપર બાંધેલો હતો. હમોએ હવે ઝડપથી તપાસ ચલાવવા માંડી. ચોપડીઓની બએ કબાટો વચે એકેક સટાંડ ઉભું કરી તયાં ઘણી સરસ ગોઠવણથી થોડાં થોડાં હથયારો મુકેલાં હતાં. એ હથયારોમાં અર્વાચીન જાતનાં ભેગાં કેટલાંક જુનાં અને વપરાસમાંથી સદંતર નીકલી ગયલાં એવાં હથયારો પણ હતાં. પણ કેથેબી, અમો જેની શોધમાં હતાં તે હથયારની નીશાની જણાઇ નહી. પણ તેવામાં અંચીતું મારથાને હાથે એક પરધમ પડી ગયું અને તેની નીચે રાખેલું એક અસલી દેખાવનું હથયાર અમારી નજરે પડયું. હથયારની અણો ભાગી ગયલી હતી, અને જેવી રીતે તે ભાગી ગયલી હતી, તે પરથી મારી ખાતરી થઈ કે, ગ્રેહામ પેટર્સોની છાતીમાંથી મલી આવેલી હથયારની અણી, આ હથયારને લગતીજ હતી. એક ભુતને જોયો હોય એવી અજાયબી, આ અંચીતી શોધથી મને ઊપજી. સપેનીશ લોકો ગોધાની લડાઇ વેલા, લડતા ગોધાઓને ઉસકેરવા માટે એક જાતનું ભાલાને મલતું હથયાર વાપરેછે, તેજ આ હથયાર હતું. એક નવાઇના નમુના તરીકે તે મી૦ પેટર્સીએ પોતાના હથયારોના સંગરહમાં રાખયું હશે, અને મીસીસ કવીનીયને તે,

આપણે આગલ જોયું તેમ, પોતાના બચાવ માં જવાન પેટલી સામે વાપરયું હતું.

અમારી શોધ વીશે હરખાવાનો પણ વખત અમને મલયો નહી. તે હથયાર હાથમાં લેતાંજ, કેથે કાંઈ બલી જતું હોય, એવો વાસ આવવા લાગો. અમે સમજયાં કે, ઊતાવલમાં અમારે હાથે થયલી કાંઈ ગફ્લીતીથી આગ લાગી હશે. પણ નહી. ઘરમાં આગ લાગી હતી ખરી, પણ તેનો જોખમ અમારે સર ન હતો. પુસ્તકખાનાંનું બારણું ઊઘાડી અમો બાહાર નીકલવાની વેતરણ કરવા લાગાં, પણ બાહારથી બારણું કોઇએ બંધ કરેલું જણાયું. અમોને કોઇએ ગોંધીને બાલી મારવાનો ઈરાદો રાખેલો હોવો જોઇયે. પણ તેવો ઇરાદો 'મીસીસ ક્વીનયનેજ કરેલો હોવો જોઇયે. કંઇ મનમાં શક પડવાથી તેણી અરધે રસતેથી પાછી ફરી ગુપચુપ ઘરમાં દાખલ થઇ હશે, અને અમારી હીલચાલપર છુપી રીતે નજર રાખી તેણે અમને ઓલખયાં હશે. તેણીના અપરાધની સરવે નીશાનીઓ જે ઘરમાં હતી, તે ઘર બાલી નાખોને સઘલાંનો નાશ કરવો. એજ સઉથી સલામતી ભરયો ઈલાજ હતો, અને તેનો લાભ લેવામાં તે પછાત પડી નહી. અને બેશક આગમાં ગુંગલાઈ મરતે; પણ ડીટેકટી-

વોનો ધાસ્તી વખતે ચીત ઠેકાણે રાખવાનો સદગુણ અમારામાં હતો, અને તે આ વેલા અમોને કામે લાગો. પુસતકખાનાની ટેબલ, ખુરશીઓ, મોટી ચોપડીઓ વગેરે ગોઠવીને અમે તેની નીચેનાં તલાવનાં છાલકાં પાણીમાં ઊતરયાં, અને અમારો બચાવ કરી શકયાં. મીસીસ કવીનયન પર કાયદાસરના ઈલાજો લેવાના કશા પુરાવા મારી પાસ રહયા નહી. બન્ને ડીટેકટીવોપર તેણીએ ફતેહ મેલવી. આ ગમાં અમે બલી મરતે તો, હું ધારૂં છું કે, તેણી તદન નચીંત થતે. તોપણ અમારેથી બીહવાનું તેણીને કશું કારણ ન હતું તેણી જાણતી હતી કે, પુરાવા વીના તેણી સામે અમે એક બોલ ઉચારી શકશું નહી.

એ દીવસ પછી, મીસીસ કવીનયન મને કદી મલી નથી. આગને બીજે દીને બલી ગયલાં ઘરના કાટમાં શોધ કરાવીને મી૦ પેટલીએ ૧૨૫ રતલ સોનું તથા રૂપું પીગળેલી હાલતમાં કહડાવયું હતું તે પરથી એક વાત સીધ થઇ કે, સોના રૂપાંના વાસણો મી૰ પેટલીની ગેરહાજરીમાંબી તેનાંજ ઘરમાં રેહતાં હતાં.

ગ્રેહામ પેટલીનું ખુન કરનારને શોધી કહાડીને માત્ર મારી પોતાનીજ ખાતરી હું કરી

શકી, પણ તેણીને દુનયા હજુર ખુલી પાડવાના કશા ઇલાજ મારા હાથમાં રહયા નહી. એ રીતે, મારી નીષફલતા કબુલ કરવા સાથ મારી વારતાનો છેડો આવયો છે.

## વારતા પાંચમી.

છુપી રીતે અપરાધોની ખબર કાહાડવાને રખેલાં એક ખાનગી ખાતાંના વડાના અનુભવમાં બનેલા બનાવો વારતા રૂપે આ મવાને, અમે ચાલુ કરયે છીયે. આગલ વધવા આગમજ, તે ખાનગી ખાતાં વીશે થોડીક સમજ આપવાની અમને જરૂર દીસે છે. અપરાધોની છુપી બાતમી મેલવવા માટે પોલીસ સાથે જોડેલા જાસુસ ખાતાં મારફતે જે અપરાધનો પતો મલે, તે અપરાધની જાહેર રીતે ઇનસાફની અદાલતમાં તપાસ કરવાની જરૂરજ પડેછે, પછી લાગતા વલગતાઓની તે માટે મરજી હોય યા નહી. પણ જેઓ ચોકસ અપરાધ અથવા અપરાધીનો પતો માત્ર મેલવીને સંતોષ પામવા અને ઇનસાફની અદાલતમાં તે વાત નહી લઇ જવા ચાહ

તા હોય, તેઓના લાભ માટે યુરોપના દેશોમાં ખાનગી જાસુસ ખાતાં સથાપેલાં હોય છે. સરકારી નોકરીપરથી એકાંતવાસ થયલા જાસુસો અને પોલીસ અમલદારો, એવાં ખાતાં ચલાવે છે. જે જાસુસની વારતાઓ અમે અતરે આપવા માંગયે છીયે, તેણે લાંબો વખત સુધી લંડનના પોલીસનાં જાસુસ ખાતાંમાં નોકરી કરી હતી; અને નોકરીએથી એકાંતવાસ થયા પછી, ફુરસદનો વખત ગુજારવાનું કાંઇ સાંધન ન મલયાથી, એક ખાનગી જાસુસ ખાતું સથાપયું હતું. તેનો વહીવટ ચલાવતાં, કીસા કહાણીઓને ટકર મારે એવા કેટલાક ખરા બનાવોનો તેને અનુભવ મલયો હતો. તેની જે વારતા અમો હાલ આપયે છીયે તેમાં, એક અદેખી સ્ત્રીએ કેવી ધાતકી રીતે બે નીરદોશ જીવડાઓને પોતાના ક્રોધના ભોગ કરયા હતા તેનો હેવાલ સમાવયો છે. તેના પોતાના બોલોમાં તે હેવાલ નીચે પ્રમાણે છે:-

---

# એક અદેખી સ્ત્રી શું નહી કરે?

નામદાર શાહજાદો પ્રીનસ આફ વેલસ હીંદુસતાનની મુસાફરીએ નીકલયો, તે વેલા તેના રસાલામાં હું સામેલ થયો હતો. હીંદુસતાનમાં એક શીતલ ટેકડીપર અમે ઉતારો કરી રહેલા હતા, તે સમયમાં કેપટન ફીંડલેટર નામે એક જવાન અમલદારની ધણીયાણીનું ઝેરી નાગના ડંખથી મરણ નીપજવાથી, સરવે લોકોમાં બહુ ચકચાર ફેલાઈ રહી હતી. જે જાતના નાગે તેણીને ડંખી હતી, તે વસતીવાલા ભાગોમાં કદી મલી આવતો નથી, પણ માત્ર ગીચ જંગલોમાંજ રહે છે. પણ, મરનાર બાનુના ખાનગી ઓરડામાં તે સાપે આવીને તેણીને કરડવાથી, લોકોમાં અજાયબી ઊતપન થઈ હતી; અને એવું અનુમાન કરવામાં આવતું હતું કે, કોઇએ જાણી જોઇને કપટી ધારણાથી, તે સાપને તેણીના ઓરડામાં લાવી મેલયો હતો. પોલીસ સતાવાલાઓએ એ બાબતમાં બનતી તલાસ કરી, પણ તેમનું કાંઇ વલયું નહી. શેવટે, મરનારના એક સગાએ એ બાબત મને સોંપી. ગમે એટલો ખરચ કરીને, એ ભેદનો પતો મેલવવાને તેણે મને અરજ કરી, પણ એ ભેદનો પતો પોલીસ સતાવાલાઓને આપવા અથવા કોઇ-

બી રીતે જાહેરમાં આણવાને તેણે મને સખત મના કરી હતી.

મરનાર મીસીસ ફીંડલેટરની દાસીને લાંચ આપવાથી, તેણીનાં કુટુંબની કેટલીક અગત જોગ તવારીખ મને મલી શકી.

કેપટન ફીંડલેટર, ભર જવાન વયનો અમલદાર હતો. એક પુરાણા પણ ગરીબીમાં આવી પડેલાં કુટુંબનો તે નબીરો હતો. કુટુંબ સંબંધી ચોકસ કારણોને લીધે, તેમજ પોતાની નાણાં સંબંધી સ્થીતી સુધારવાને અરથે, તે પોતાનાંજ કુટુંબની એક માતબર કનયા સાથ નાની વયે અદરાઈને ઈંગલંડથી હીંદુસતાન આવી રહ્યો હતો. તેને પોતાની ભવીષ્યની ધણીયાણી સાથે જાહુજી પ્રીતી ન હતી. પણ પરણવા પછી તે તેણીને ચાહવા શીખશે, એવા વીચારો કેપટન ફીંડલેટર મનમાં દીલાસો માની લેતે હતો. કેટલોક વખત નીકલી જવા છતાં કેપટન ફીંડલેટરે પરણવા માટે કાંઈ કાલજી ન દેખાડવાથી, તેની પ્રીયા અધીરી પડી, અને પોતેજ તેને પરણવા માટે હીંદુસતાન આવવા નીકલી પડી. તેણીને એસતેકબાલ લેવા માટે, કેપટન ફીંડલેટર સુએઝ સુધી ગયો હતો. એ મુસાફરીમાં એક એવો બનાવ બનયો, કે જેથી કેપતન ફીંડલેટરનાં ભવીષ્યમાં નહી ધારેલો ફેરફાર થઈ

ગયો. રાતા સમુદ્રમાં તેની સટીમર હતી, તેટલાં એક જવાન બાનુ સટીમર પરથી દરયામાં પડી ગઇ, જેણી પાછલ કેપટન ફીંડલેટરે ઝોંકાવી દઇને, તેણીને ડુબતી ઉગારી. હીંદુસતાનમાં નોકરી કરતાં એક લશકરી અમલદારની તે બેટી હતી અને ઇંગલંડમાં પોતાની કેલવણી પુરી કરી હીંદુસતાન ખાતે પોતાનાં માબાપ આગલ આવવા માટે તે નીકલી હતી. જે અકસમાતથી કેપટન ફીંડલેટર અને આ જવાન બાનુ, જેણીને મીસ ટીરાસનાં નામથી આપણે ઓલખીશું, તેણી વચે ઓલખાણ થઈ હતી, તે અકસમાત પછી બહુ સેજ વખતમાં બંને વચે અતીયંત મોહબત બાહુઝી. કેપટન ફીંડલેટર બહુજ ગુચવણમાં પડયો. તેની ભવીષ્યની ધણીઆણી જે તેજ સટીમરમાં તેની સાથે હાજર થઇ હતી, તેણીને તે ચાહતો નહી હતો; અને આ નવી છોકરી, જેણીને તે પોતાનો સઘલો પ્રેમ આપી ચુકો હતો, તેણી સાથ પરણીને સુખી જીંદગી ગુજારવાનો વીચાર વટીક કરવાને, તે અશતક થઇ પડયો હતો.

તેમની સટીમર હીંદુસતાન આવી પુગી. મીસ ટીરાસના બાપને પોતાની બેટીને થયલા અકસમાત તથા કેપટન ફીંડલેટરની તક સરની મદદ વીશે ખબર પડતાંજ, પોતાની બેટીના પ્રા-

ણ ઉગારનારનો તેણે બેહદ ઊપકાર માનયો, અને તેને પોતાને તયાં નોતરીને બહુ ઊમંગથી તેની પરોણાગત કરવા માંડી. એ અરસામાં, કેપટન ફીંડલેટરનો પ્રેમ મીસ ટીરાસ તરફ વધારેને વધારે ખેંચાતો ગયો, અને તેણે જોયું કે; તેણી પણ તેને ઓછો ચાહતી ન હતી પણ તેના લગ્નનો દીવશ હવે છેક પાસે આવી લાગો, અને જેણીને તે પોતાનો પુરો પ્રેમ આપી ચુકો હતો તે તેનાથી સદાની છુટી પડશે, એ વીચારથી ફીંડલેટર બાવરો બની ગયો. શેવટે, તેણે પોતાની થનાર ધણીયાણી, મીસ જુલીયા ફીંડલેટરની દયા માંગવાનો વીચાર કીધો. છેક ઇંગલંડ વેરથી તેણી તેને વરવા આવી હતી, એટલે તેની માંગણી હવે સ્વીકારે, એમ તેને લાગતું ન હતું. પણ એક અજમાયસ કરી જોવાને તેણે મન કીધું.

જુલીયા આગલ જઇ તે બીહતો બીહતો બોલ્યો, "જુલીયા, હું બહુજ કંગાલ હાલતમાં આવી પડયો છું. જે હું તને કહેવા માંગું છું, તે કહેવાને મારી જીભ ચાલતી નથી"

"પયારા જયારજ," તે બોલી, "હું ધારૂં છું કે, ઘોડાની સરતમાં તે કાંઇ ખોહયું હશે, પણ તેમાં શું મોટી વાત ? મારા જે પઇસા છે તે તારાજછે. તને જોઇયે એટલાં નાણાં મારી પાસથી કાં નહી લેતો ?"

તેણે જવાબ દીધો, "પઇસાની અડચણ હતે, તો હું દરકારખી કરતે નહી, પણ એ વાત તો એવી છે, કે જો જાહેર થતાંજ આપણું કારજ તું તોડી નાખશે."

"કારજ તોડું? કદી નહી. મારા વાહલા, તને ખબર નથી, કે હું તને કેટલો ચાહવા શીખી છું?" જુલીયા બોલી.

ફ્રીંડલેટર પર આ બોલોની કંઇ અસર થઇ નહી, પણ તેણે આગલ ચલાવયું, "તારો તરફ મેં જે બેવફાઇ કરી છે, તે કેહવાને મારૂં દીલ ચાલતું નથી."

"હવે હું સમજી. કોઇ સાથે તે કાંઈ નાદાની કરી હશે. પણ તેમાં શું? થોડા પઇસાથી તેણીનું મોહડું દાબ, એટલે થયું."

"તું ભુલેચ, જુલીયા. હું એક આબરૂદાર કનયાને ખરાં જીગરથી ચાહુંચ, અને તું મને છોડી દેશે તો, આપણે સરવે સુખી થઇ શું." ફ્રીંડલેટરે હવે સંધું ખુલું કરી દીધું.

"કદી નહી!" જુલીયાએ ભાર મેલીને કહયું "આપણે ત્રણ વરસ થયાં અદરાયાં છીયે, ઈંગલંડ વેરથી તારે ખાતર હું અંહી આવી, અને તે પછી આવી અપમાન ભરી માંગણી કરતાં તારે શરમાવું જોઇયે." લગાર નરમ પડી જઇ તેણીએ આગલ ચલાવયું.

"જયારજ, એવો ઘાતકી ના થા! જો હું તને ચાહતી નહી હતે, તો તારી વાત કબુલ રાખતે; પણ તેં મારૂં દીલ જીતયું છે."

જયારજ બોલયો, "પણ જુલીયા, તારો પયાર એકતરફી છે. હું તને ચાહતો નથી. એ દા ખાતર મારીપર દયા કર. અમો આખી જીંદગી સુધી તારાં આભારી થઇશું."

"તારૂં એવી રીતે મન ફેરવનારી કોણ છે?" તેણીએ પુછયું.

"મીસ ટીરાસ."

"ઓ હો! શું એટલી નાદાન પોટટી મારી હરીફ થવા નીકલી છે?"

"જુલીયા! તે મને જાન કરતાં વધારે વાહલી છે," ફીંડલેટર બોલયો.

"ઠીક છે. હું હાલ તરત જવાબ આપી શકતી નથી. એ વીશે વીચાર કરીને તને જવાબ દઇશ." એટલું બોલી તે ચાલી ગઈ.

એ મુલાકાત પછી બીજેજ દીને તે મીસ ટીરાસને મલવા ગઈ. બીજી સાધારણ વાતચીતો કરવા પછી તે બોલી, "તમે કેપટન ફીંડલેટરને કોઇવાર મલતાં હશો?"

"તેવણ મારા બાવાને વારંવાર મલવા આવે છે. મારો જાન બચાવીને તેવણે અમો સરવેપર મોટો ઉપકાર કરયો છે, તે અમે કદી ભુલી શકવાનાં નથી." મીસ ટીરાસે જવાબ વાલયો.

"કોઇ સાધારણ ખલાસીબી તમોને એવી મદદ કરતે. એમાં શું મોટી વાત છે?"

"એમ ના બોલો, મીસ ફીંડલેટર, કેપટન ફીંડલેટરના ઉપકારનો બદલો વાલવાને હું તદન અશક છું."

"તમે પુરતો બદલો વાલી ચુકાં છો, શીવાયે કે, મારી જગા લેઇને તેની સાથે પરણવાનો તમારો વીચાર હોય. કેપટન ફીંડલેટર તમોને લલચાવાને બનતું કરતો હશે?"

અતીશય લજવાતી, મીસ ટીરાસ બોલી, "કેપટન ફીંડલેટર સામે તમો ખોટો અપરાધ મેલો છો. તેના જેવા આબરૂદાર માણસો થોડા જ હશે."

"તેની તારીફ કરતાં જરા તમો ઓછી ઉલટ દેખાડો તો સારૂ. તમોબી તેની પર મોહી પડયાં છો, એમ મને દેખાઈ આવે છે." આટલું બોલી ફફડતી ચટકતી મીસ ફીંડલેટર ચાલી ગઈ.

ગરીબ બીચારી મીસ ટીરાસ. આ તાના જાનીના સુખનો સાંભલવા પછી, પોતાના ઓરડામાં જઇને નવધાર આસુંએ રડવા સીવાયે બીજું કાંઇ તે કરી શકી નહી.

કેપટન ફીંડલેટર અને તેની થનાર ધણીયાણી વચ્ચે, આગલ જણાવેલી વાતચીત પછી કારજ તોડવા વીશે બીજી કશી વાત થઇ નહી.

લગનની તઇયારીઓ મીસ ફીંડલેટરે ચાલુજ રાખી. જેમ જેમ લગનનો દીવસ પાસે આવતો ગયો, તેમ તેમ કેપટન ફીંડલેટર બાહુવરો સર-ખો બનતો ગયો.

અંતે તે તરાસદાયક દીવશ આવી લાગો. મીસ ફીંડલેટરની મતલબનો ભોગ બનવા માટે કેપટન ફીંડલેટર તઇયાર થયો.

દેવલમાં બહુ દમામદાર દેખાવની તઇયા-રીઓ થઇ રહી હતી. મીસ ફીંડલેટર તરફથી ઘણાક મેહમાનો ભેગા મલયા હતા. ઠરાવેલા વ-ખતે પરણતું જોડું આવી લાગયું. લગનની કીરયા શુરૂ કરતાં પાદરીએ મીસ ફીંડલેટરને શરેસતા પ્રમાણે પુછયું કે, "કેપટન ફીંડલેટરને તમો તમારા ભરથાર તરીકે કબુલ કરોછો ?" તે વામાં તેણી સરવેની અજાયબી વચ્ચે બોલી ઉઠી.

"બચીતજ નહી, મારો ભરથાર આ રહયો." એમ કહી તેણીએ લફટેનટ હેંડસ નામે એક અમલદાર તરફ હાથ બતાવયો, જે કેપટન ફીંડલેટરના શાહેદી તરીકે કીરયામાં ભા ગ લેવાને હાજર થયો હતો.

સરવે લોક અજબ થઇ ગયાં, અને કેપટન ફીંડલેટર તરફ દયાની નજરે જોવા લાગાં, પણ કેપટન ફીંનલેટર તો મોતનાં મોહડાંમાંથી છુટો હોય તેવી રીતે હરખાવા લાગો. પોતાને

મનગમતી પ્રીયા સાથે પરણવાને હવે છુટ મલી એટલે તેને લોકો એ બનાવ વીશે શું કહેશે તેની દરકાર ન હતી.

લેફ્ટેનંટ હેંડસ અને તેની કનયા, પરણીને હીંદુસતાનના એક દુરના ભાગમાં જઈ રહયાં. લેફ્ટેનંટ હેંડસ બહુ નબલાં મનને માણસ હતો, એટલે તે પોતાની ધણીયાણીના હાથમાં તદન પુતલાં જેવો થઇ પડયો હતો. મીસીસ હેંડસ માટે તેણીનાં એશીઓને જે ખબર મલતી, તે ઘણી નાપસંદ અને નાલેશી ભરી હતી.

બીજા હાથ પર કેપટન ફીંડલેટરે પોતાનાં છુટાપણાંનો કેવો ઉપયોગ કીધો તે આપણે જોઇયે. તેણે મીસ ટીરાસની મુલાકાત લેવામાં જરાબી ઢીલ કીધી નહી. સઘલી વાતથી તેણીને વાકેફ કરીને તેણીનો પયાર તેણે માંગયો અને તેઓ અદરાયાં.

પોતાની નાણાં સંબંધી હાલતમાં કાંઇ સુધારો થતાં સુધી કેપટન ફીંડલેટરે પોતાનાં લગન મુલતવી રાખયાં, પણ તેટલાં એક નહી ધારેલો લાભકારક બનાવ બનવાથી તે લગન પણ તેઓ ઊતાવલે કરી શકયાં. ડરબીની ઘોડાની સરતની સોરતીની એક ટીકીટ, જે કેપટન ફીંડલેટરે વેચતી લેઇને પોતાની પ્રીયાને ભેટ કરી

હતી, તે માટે તેઓને દસ હજાર પાઉંડ (એક લાખ રૂપયા) નું ઇનામ હાથ લાગ્યું. આથી તેઓ પુરતા દમામ સાથ ઊતાવલે પરણ્યાં.

એક વરસ તેઓએ પુરતા સુખમાં ગુજા૨યું, તેટલાં મીસીસ ફીંડલેટરના કવખતનાં મોતથી તેમાં ભંગ પડયો. વલી એ વખતે તેણી ગર્ભવંતી હોવાથી, બે જીવડાઓનો સામટો નાશ થયો હતો.

આટલો હેવાલ સાંભલવા પછી, મીસીસ હેંડસ, અથવા આપણી જુની મીત્ર મીસ ફીંડલેટર તરફ મારો શક ઉસકેરાયો. તપાસ કરતાં મને જણાયું કે, પોતાનાં લગન પછી પંદર માસે તે પાછી પોતાનાં જુનાં મીત્રો આગલ આવી હતી, અને કેપટન તથા મીસીસ ફીંડલેટર સાથે સલાહ કરી નાંખી હતી. અલબતાં તે સલાહ તો માત્ર દેખાદીતીજ હોવી જોઇયે. મીસીસ ફીંડલેટરને સાપે ડંખી, તયારે મીસીસ હેંડસ તેણીની પડોસનાં ઘરમાં હતી, તે બનાવથી મારો શક તેણી તરફ વધારે ઉસકેરાયો.

હીંદુસતાનના ગારોડીઓ ઝેરી સાંપોપર કેવો કાબુ રાખે છે, તે મને ખબર હતી. નામદાર પ્રીનસ આફ વેલસ આગલ ગારોડીઓએ સાંપોના કેટલાક ખેલ બતાવયા હતા, તે સર-

વેને ખબર હશે. મને લાગું કે, આ ગારોડી-ઓમાંના એકાદની મદદ મીસીસ હેંડસે લીધી હશે. મીસીસ ફીંડલેટરનાં મરણની બે ત્રણ દીવસ આગમજ તેઓની એક મોટી ટોલી અમારાં ગામમાં હતી, પણ તે પછી તેઓ અચ્ચુચ જતા રહયા હતા. મેં તેઓની પુઠ પકડી, અને કેટલેક ગામ રખડવા પછી તેઓના ઉતારાની જગાપર હું જઇ લાગો

ગારોડીઓના વડાને લાચ આપીને તે-નાથી કાંઇ બાતમી મેલવવાની મેં તજવીજ કીધી, પણ તેમાં હું નીશફલ થયો. પણ મને એટલું લાગું કે, ખરી વાત જાણવા છતાં તે મારેથી છુપાવતો હતો. મેં આથી તેના એક માણસને હાથમાં લીધો. તેણે મને જણાવયું કે, એક યુરોપયન બાઇ વારંવાર તેના વડા પાસે આવીને છુપી રીતે તેની સાથ કાંઈ ગોઠવણ કરતી હતી. થોડા દીવશ પછી તેણીએ એક સાંપ તેની પાસે ખરીદયો હતો.

આ માણસને મારી સાથે લેઇને હું પાછો ફરયો. તેને મેં મીસીસ હેંડસ બતાવી અને પોતાના વડાને મલવા આવનાર બાઈ તરીકે તેણે તેણીને પીછાણી.

મીસીસ હેંડસનાં કરપીણપણાં વીશે બીજા શું પુરાવાની હવે શી જરૂર હતી ? મારા

કુલને મેં આ સઘલી વાત કહી. તે સાંભલતાં, તેની અજાયબીનો પાર રહયો નહી. પણ મીસીસ હેંડસને, તેણીનાં કરતુક માટે કાયદાનો સજા કરવામાં આવી નહી; પણ આ ફાની દુનયાના ઈનસાફ કરતાં વધારે મોતેબર ઇનસાફના સપાટામાંથી તો તે છટકી શકશે નહી.

## વારતા ૬ ઠી.

## વેર લેવાની નવી રીત.

આગલ જણાવેલા અપરાધોની ખબર મેલવનારાં ખાનગી ખાતાંનો વડો, પોતાની બીજી એક વારતા આપતાં જણાવેછે કે, એક દીવસે એક જવાન સ્ત્રીએ મારી આગલ આવીને એક નવાઈ સરખી ફરમાસ કીધી હતી. તે પોતા સાથે બે વરસની વયનો એક ખુબસુરત છોકરો લાવી હતી. મારી આફીસમાં દાખલ થતાંજ તે છોકરો મારી સામે ધરીને તેણી બોલી, "મને આ છોકરાના બાપનો પતો મેલવવો છે."

મારી આ નવી ઘરાક, બાવીસ વરસની વયની એક ખુબસુરત, જવાન સ્ત્રી હતી. તેણી ચાલાક દેખાવની હતી, અને ઘણા સરસ પોશાકમાં તેણીનું સુંદર શરીર દીપતું હતું.

મેં તેણીને પુછયું, "બાઈ, જે ગ્રહસ્થને તમે શોધો છો, તે કેટલી મુદત થઇ ગુમ થયો છે?"

"બે વરસથીબી થોડીક વધારે મુદત થઇ હશે," તે બોલી.

"અજાયબ જેવું છે, કે તમે એટલો વખત સુધી બેશી રહી, હવે તેની તલાસ કરવા નીકલયાં છો?"

"હું નચીંત બેઠી ન હતી. પેહલાં મેં વરતમાન પત્રમાં જાહેર ખબરો છપાવી તેનો પતો મેલવવાને તજવીજ કરી હતી, તે પછી તેના ફરવા હરવાનાં ઠેકાણાં તથા કલબોમાં પુછપરછ કીધી હતી."

"મને તમારો સઘલો હેવાલ કહેશો તો મેહેરબાની થશે. ખાતરી રાખજો, કે તે વાત તમે ખાનગી રાખવા માંગશો, તો તે તેમ રાખવાને હું બનતું કરીશ," મેં કહ્યું.

તેણીએ બહુ શરમાઇ જઇને તથા બેદલુકત દેખાવે અચકી અચકીને મને પોતાનો હેવાલ કહયો. તે ઉપરથી મને માલમ પડયું કે, મોરટીમર નામના કોઈ શખસે તેણીના પયાર અને વીસવાસનો લાભ લેઈ, તેણીની આબરૂને દાઘ લગાડયો હતો. તે આબરૂદાર કુલનો અને સારી મંડલીમાં ફરતો હોવાથી, મારી ઘરાક

જેનું નામ મીસ નોરા હતું, તેણીએ તેના બો લ ઉપર વીસવાસ રાખ્યો હતો. થોડી મુદત માં તેણી સાથ પરણવાની કબુલાત આપીને, તે પાપી પુરૂશે તેણીની પાક દામનનો ભોગ લીધો હતો. તેણી હમેલદાર થવા પછી તે લનડનમાં થી સદનતર ગુમ થઇ ગયો હતો, અને તે પછી તેણીને એક ખુબસુરત બેટો અવતરયો હતો.

મેં પુછ્યું, "તમોને મોરટીમર સાથે પેહલે કેવી રીતે પીછાણ પડી, તે મેહરબાની કરી વીગતે કહો."

તે બોલી, "મારી એક જોડયણ બેન છે. મારાં માબાપને પેટે અમો બે બેન શીવાયે બીજાં કશાં ફરજંદ નથી. અમો બંને બેનો તદન એકસરખાં કદ તથા ચેહરાની છીયે. અમારાં માબાપ સાથે અમે હતાં, તે વેલા તદન એકસરખો પોશાક પેહરતાં હતાં, હમેશાં સાથે ફરતાં અને લગભગ દરેક બાબતમાં અમે એટલાં એક મલતાં હતાં, કે અમારાં ઓ-લખાણવાળાંઓ વટીક અમારી વચેનો તફાવત કદાચજ જોઇ શકતાં. પણ અમો અઢાર વરસ ની વયનાં થયાં તે વેલા એક ગ્રહસ્થ અમોને છુટાં પાડી શકયો, અને તે મારી બેન સાથ પરણયો. મારી બેનનાં લગન પછી થોડેક વ

અંતે મને તેણીએ પોતાની સાથે રેહવા તેડી. મારી બેન તથા બનેવો મારી સાથે બહુ પ્રીત થી વરતવા લાગાં, અને તેમને તયાં હું બહુ આનંદમાં રહેવા લાગી. મને ચીત્ર પાડવાનો શોખ હતો, અને તેથી હું વારંવાર નદી કીનારે જઇને ચીત્રો પાડતી હતી. એક દીવસે હું એ કામમાં રોકાયલી હતી, અને મારે હાથ નું એક ચીત્ર બગડી જવાથી તેને કેમ સુધારવું તે માટે ગુચવણમાં પડી વીચાર કરવા લાગી હતી, તેવામાં મારી પીઠ પછવાડેથી એક પુરૂષનો મને અવાજ સંભલાયો, જે બોલ્યો—

'મને તમારી પેનસીલ આપશો તો હું એ ચીત્ર સુધારી દેખાડીશ.'

" મેં તેને મુગે મોહડે પેનસીલ આપી, અને થોડીજ મીનીટમાં તેણે મારાં ચીત્રને એવી સરસ રીતે સુધાર્યું, કે તે એક કાબેલ ચીતારો હોવો જોઇયે, એમ મને લાગ્યું.

" તેનો ઊપકાર માની હું બોલી, હું ચીત્રકલામાં કેવી ઊતરતી શકતી ધરાવું છું તે મને હવેજ માલમ પડ્યું.

" ' તમે ભુલો છો', તે બોલયો, 'જો તમે થોડોજ વખત કોઈ કસાયલા માણસ પાસે શીખશો, તો તમે ચીત્રકલામાં ઘણા કુશલ નીવડી શકશો.' "

" આવી રીતે તે ચીતારા સાથે મને ઓ-ળખાણ પડી. તેનું નામ મોરટીમર હતું. તે ચા-લીસથી પીસતાલીસ વરસની વયનો હતો, અને જોકે ખુબસુરત નહી, તોપણ ઠીક દેખાવનો હતો. વાતચીતમાં તે ઘણોજ મનપસંદ હતો, અને દુનયાનો ઘણો સારો અનુભવ પામેલો તે દીસતો હતો. વીનચેસટર, જયાં અમે રેહ તાં હતાં, તયાંનો તે રેહવાશી ન હતો, પણ મી૦ હાસન નામે પોતાના કોઈ મીત્ર સાથે હવા ખાવા માટે અંહી ઉતરી પડયો હતો.

"પેહલી ઓળખાણ એ પ્રમાણે થવા પ છી થોડાજ વખતમાં મી૦ મોરટીમર સાથે હું તથા મારા બેન બનેવીને ઘણી મીત્રાચારી થઈ પડી. તે મને ચીત્રકળાની તાલીમ આપ-વા લાગો, અને તે કારણે ઘણી વખત અમે એકલાં પડી જતાં હતાં. એ વખતે તે મારી ખુબસુરતીની તથા ચાલાકીની બહુ વખાણ કરતો હતો, અને તે ખુશામદ, મારી નાદાન વયને લીધે મને બહુ મીઠી લાગતી. મા બાપ ના લાડમાં હું ઉછરી હતી, અને સુખ તથા મોજમજાહ શીવાયે બીજો કશો અનુભવ મને મળયો નહી હતો. મોરટીમરના દેખીતા ગુણો પર હું મોહી પડી હતી, અને તે અંદરખા-નેથી કેવો હશે, તેનો વીચાર મને આવયો ન

હતો. થોડાંક અઠવાડીયાં વીનચેસટરમાં રેહવા પછી, તે લંડન પાછો ફરયો. એ વેલા મને પોતા સાથે પત્ર વહેવાર રાખવાની તેણે બહુ-જ કરગરીને અરજ કીધી, અને આનાકાની સાથે મેં તે કબુલ રાખી.

"તેના જવા પછી મને ઘણી બેચેની લાગવા માંડી, અને તયારેજ મેં જાણયું કે, તેના વીશેની મોહબતે મારા દીલમાં ઘર કરયું છે. તે મારીપર થોડે થોડે વખતે કાગજ લખતો રહયો, અને તેથી મને બહુ આનંદ ઉપજતો હતો. એક દીવસે તેણે એક એવું કાગજ મારીપર મોકલયું, કે જેની મતલબ હું સમજી શકી નહી. તેણે તેમાં મને અરજ કરી હતી કે, થોડા વખતમાં તે વીનચેસટર ખાતે આવનાર છે, અને તે વેલા મારે તેને, નદી કીનારે છુપી રીતે મલવું. તેને હું ચાહતી હતી, પણ તે છતાં તેની સાથે છુપી મુલાકાત લેવાનું મેં દરૂસત ધારયું નહી. મેં તે કાગજ મારી બેનને બતાવયું. તેણીએ મને મુલાકાત લેવાને ભલામણ કીધી, અને જણાવયું કે, મારી સાથ પરણવાની માંગણી કરવાની કદાચ તેની મરજી હશે. મેં એ સલાહ માનય કરીને, તેની ભેટ લીધી.

" મને જોતાંજ તે હરખાઇને મારી આગલ દોડી આવયો, અને મને ઘણા હેતથી શેક

હાંડ કીધી. તે બોલ્યો, 'તમને મલવાને હું અતીઅંત ઇંતેજાર હતો.'

"મેં કહ્યું, 'લંડનની મોજ મજાહ વચ્ચે તમે મને ખચીત યાદ કરતા હતા ?'

"'તમારો ચેહરો સદા મારી નજર સામે હતો,'" તે બોલ્યો.

"'લંડનમાં તમે શું કોઇ ખુબસુરત સ્ત્રીઓ તરફ ખેંચાયા નહી ?'

"'તમારા જેવી ખુબસુરત મેં કોઇનેબી દીઠી નહી.'

"આ હેતભરી વાતચીતનું શેવટ એવું આવ્યું, કે મોટીમરે અંતે મને લગ્નની માંગણી કીધી, અને તે મેં એકદમ કબુલ રાખી. તેણે મને જણાવયું કે, તેના કુટુંબ સંબંધી ચોકસ અગવડોને લીધે તુરત વેલા અમારા અદરાવાની વાત તે જાહેર નહી કરી શકશે, માટે મારે તે ગુપત રાખવી.

"મારી બેનથી મને કોઇ વાત છુપી નથી, માટે તેણીને તો એ વાત જણાવવીજ જોઇયે" એમ મેં કહ્યું.

"'તમારી બેનપર મને પુરતો વીસવાસ છે. માટે બેલાશક કહેજો.'

"એ પછી મારી બેનને જઇને મેં સઘલી વાત કહી. તેણી મોટીમરની અમારૂં કારજ

છુપું રાખવાની માંગણીથી ઘણી નારાજ થઇ, પણ મેં તેણીને સમજાવી લીધી. એ વખત પછી કેટલાક દીવસ સુધી હું તેને તેનાં હોટલ-માં મલવા જતી હતી, અને અમે સાથે જમતાં તથા ઘણો વખત એકમેકની સંગતમાં ગુજા-રતાં હતાં. મારી બેન એ બનાવ પસંદ કરતી નહી, પણ મને મારટીમરપર પુરો વીશવાસ હતો, એટલે તેણીને હું પટાવી લેતી. થોડા દીવસ એવી રીતે ગુજારવા પછી, એક દીવસે તેણે મને પોતાના કોઇ સગાનાં મરણનો તાર વંચાવી, પોતાને બહુ ઊતાવલથી લંડન જવા-ની જરૂર જણાવી. જતી વેલા, પોતે જલદીથી આવીને જાહેર રીતે મારી સાથે લગ્ન કરશે, એમ મને કબુલાત આપતો ગયો. પણ તેણે તે કબુલાત પાલી નહી. ઘણા દીવસ એવી રીતે ગુજરયા. અને હું ધાસતીથી બીમાર પડી. મારી બીમારીનું વલી બીજુબી કારણ હતું. તે કારણ જાણતાંજ હું દીવાની સરખી બની ગઇ. મારી વાહલી બેનની મદદ અને સલાહ એ વેલા મલી ન હોત, તો મેં બચીત આપ-ઘાત કરયો હોત. તેણી શીવાયે કોઇને મારી નામોશીની ખબર નથી. બીમારીને બાહણે તે મને લંડન લઇ આવી, અને અહીં મેં આ બાલક છોકરાને જનમ આપયો. મેં હવે મોર-

ટીમરનો ખયાલ છોડી દીધો; અને ચીત્ર કલામાં થોડોક વધારે અભયાસ કરીને, એ ધંધામાં હું બહાર પડી. ઇશવરની મેહરબાનીથી મને એમાં ફતેહ મલી છે, અને હું કીરતી તથા પઇસો મેલવાને શકતીવાન થઇ છું. મોરટીમરની હું દરકાર કરતે નહી, પણ થોડા દીવસપર લંડનનાં એક દેવલમાંથી તરતના પરણીને બાહાર નીકલતા એક પુરૂષમાં મને મોરટીમરનીજ સુરત નજરે પડવાથી, તેનો નકી પતો મેલવવાને મને ઈંતેજારી થઇ છે.

આટલો હેવાલ કહી, તેણીએ મને મોરટીમરનો ફોટોગ્રાફ બતાવયો. તે જોતાંજ હું ચોંકયો. લારડ એ—નામે એક જાણીતા ઊમરાવનો તે આબાદ ચેહરો હતો.

મને ચોંકતા જોઇ તે બોલી, "તમે આ માણસને ઓલખતા જણાઓછો. મેહરબાની કરી મને એકદમ કહો, કે એ કેવો માણસ છે?"

મેં કહયું, "મારા એક ઓલખાણવાલાને એ ચેહરો મલતો લાગે છે, પણ કદાચ મારી ભુલ હશે. હું નકી તલાશ કરીને તમને જણાવીશ."

મોરટીમરનો ફોટોગ્રાફ મને સોંપીને, તથા તેને વીશે ઊતાવલે ખબર મેલવી આપવાની અરજ કરીને, મીસ નોરા જતી રહી. કુંવારી

છોકરીઓ માટે ખચીત ધડો લેવા લાયક, તેણી નો હેવાલ હતો. ખુશામતી જીભના અને મોટી મોટી વાતો કરનારા પુરૂશો પર એકદમ મોહી પડીને તેઓ વીશે કશી તલાસ કરવા વગર કેટલીક છોકરીઓ તેમની પર પુરો વીસવાસ મેલી દેય છે. પોતાના વડીલોની તેઓ સલાહ લેતી નથી, અને ઘણીવાર તેમને પોતાના આશકો વીશે ખબર વટીક આપતી નથી. તે નાદાનીનું આવું સેવટ આવે તેમાં નવાઈ શી?

મેં આગલ જણાવયું કે, લારડ એ—ને મલતો ચેહરો, પેલા ફોટોગ્રાફમાં મને લાગો. મોરટીમર અને લારડ એ—એકજ હુતા, એમ મને શક ઊપજયો. તે ઉમરાવે મને પોતાને લગતાં ઘણાંક ખાનગી કામકાજો સોંપયાં હતાં, અને તે પરથી તેની વરતનુકનો મને અનુભવ મલયો હતો. તેણે પોતાના વખતમાં કોઇ જાતની અનીતી બાકી મેલી નહી હતી, એમ હું જાણતો હતો. નોરા જેવી એકથી વધારે છોકરીઓને તેણે ફસાવી હતી.

બીજેજ દીને, તેને વીશે ખબર કાહાડવા માટે હું તેના મકાન તરફ ગયો. મને માલમ પડયું કે, મારો ઊમરાવ મીત્ર તરતનોજ પરણીને પોતાની ધણીયાણી સહીત બાહાર ગામ મ

બાડુ મારવા ઊતરી પડયો હતો. તેનો કારભારી ઘરમાં હતો અને તે મારો ઓળખીતો હોવાથી તેણે મને ઘરમાં તેડીને વાતે બેસાડયો. મેં તેને કહ્યું કે, તેના શેઠ માટે મેં ઘણાં કામો બજાવયાં છે, અને તેની એક ઇંધાણી દાખલ તે મને પોતાનો એક ફોટોગ્રાફ આપવાનો હતો, તે હું લેવા આવયો છું. કારભારીએ લાગલોજ મને પોતાના શેઠનો એક તરતનો પડાવેલો ફોટોગ્રાફ કહાડી આપયો, અને તે લઇ હું મારે ઘર આવયો. મેં તે ફોટોગ્રાફને મોરટીમરના ટોટોગ્રાફ સાથે સરખાવી જોતાંજ મારો શક મજબુત થયો. નોરા જેવી ચાલાક અને લાયકીવાલી છોકરી આવા કરપીણ માણસને હાથ ફશી હતી, એ વીચારથી મને બહુ દુખ થયું.

થોડા દીવસમાં લારડ બે—લંડન પાછો ફરયો. મેં એક ઠેકાણેથી છુપી રીતે નોરાને તેને દેખાડયો અને નોરાએ તેને પોતાના ફસાવનાર તરીકે ઓળખયો. તેણી તેની સામે શું પગલાં ભરવા માંગતી હતી, તે કાંઇ બોલી નહી. મને માત્ર તેની કલબની ઇંધાણી પુછી લીધી, અને મારી મેહેનત માટે ઉપકાર માની તે મારાથી છુટી પડી.

એ વખત પછી નોરા ફરીથી મને કદી મલી નહી, પણ લારડ બે—ઉપર તેણીએ કેવી

રીતે વેર લીધું હતું, તેનો હેવાલ મને ખુદ તે ઉમરાવની પોતાની પાસથી મલયો હતો. લારડ એ—કાંઇ કામસર એક દીને મારો પાસે આવયો તયારે નોરા વીશે પુછતાં મને જણાયું કે, તેણીએ લારડ એ—ઊપર તેની કલબમાં નીચે પ્રમાણેની એક ચીઠી મોકલી હતી :—

"લારડ એ—ની ઓલખાણવાલી એક જવાન ચીત્ર પાડનાર સ્ત્રી તેને અરજ કરે છે કે, તેણીને લારડ એ—નું એક ચીત્ર પાડવાની ખાહેશ છે, માટે ગોવર સ્ત્રીટમાં આવીને તેણીની ખાહેશ તે પુરી પાડશે તો મોટો ઊપકાર થશે."

સ્ત્રીઓપર ઊપકાર કરવાને લારડ એ—સદા તઇયાર હતો, એટલે લાગલોજ તે નોરા પાસે ગયો. નોરાએ તેને તેની બેવફાઇ માટે કશો ઠપકો દીધો નહી, પણ માત્ર બોલી, "વીનચેસટરમાં આપણે બંનેએ ઘણી નાદાણી કરી હતી, પણ તે વાત તમે ભુલી જશો."

નોરાની આવી વરતણુકથી લારડ એ—ઉપર ઘણી અસર થઇ. એકવાર તેણીની મીત્રાચારી પાછી કરવાને તે તઇયાર થયો, અને તેણીની ખાહેશ માફક પોતાનું ચીત્ર તેને ઉતારી લેવા દીધું.

એક દીવસે નોરાએ ચીઠી લખીને, લારડ એ—ને પોતાને ઘર આવીને તેનું રંગાઈ ને તઇયાર થયલું ચીત્ર જોઈ જવાની ફરમાસ કીધી. તે તેડાંને માન આપીને લાગલોજ તે ગયો. તેણીનાં ઘરમાં દાખલ થતાં તેણીએ તેને સારો આવકાર દીધો, અને પોતાનાં દીવાનખાનામાં તેને લઇ ગઇ. અંહી લારડ એ—ના ઘણાક મીત્રો તથા કેટલાક ચીતારાઓ ભેગા મળેલા હતા, જેઓ લારડ એ—નું ચીત્ર જોવા માટેજ હાજર થયા હતા. પોતાનાં ચીત્ર માટે આવી ધમાલ ચાલેલી જોઈ લારડ એ— મલકાવા લાગો.

સઘલા મેહમાનો ભેગા થઇ રેહવા પછી નોરાએ લારડ એ—ના ચીત્ર પરનો પરદો ઉઘાડયો, અને એક ગધેડાનાં શરીર ઊપર તે ઉમરાવનું માથું ચીતારેલું સરવેની નજરે પડયું.

સઘલાઓમાં હસાહસ થઇ રહી, અને લારડ એ—ને તયાં ઊભું રેહવું ભારી પડયું. વલી તેને ખીજવવા માટે નોરા બોલી—

"તમો નામદારને આ ચીત્ર પસંદ તો પડયુ હશેજ. એ ચીત્ર આવતા પ્રદરશનમાં મોકલવાનો મારો ઇરાદો છે."

આવી ફજેતી સાથે લારડ એ—નોરાને તયાંથી નાસી આવયો. તે જાણુતો હતો કે,

તેની ફજેતીની વાત આખાં લંડનમાં ચાલી રહેશે, અને તેથી તે વાત વીસરાય તયાં સુધી તે લંડન છોડીને કેટલાક મહીના બાહારગામ જઇ રહયો.

લંડનથી તે જવા નીકલયો તે વેલા સટેશન પર તે મને મલયો હતો. અંહી તેણે પોતેજ મને પોતાપર વીતેલા બનાવનો ઊપલો હેવાલ આપયો હતો. તે બહુ ખીજવાયલો દીસતો હતો. તે બોલયો—

" એ ગુનેહગાર સ્ત્રીએ મને જબરો દગો દીધો છે. મારી આટલીજ ફજેતી કરીને તે અટકી નથી, પણ વલી મારૂં ચીત્ર તે પ્રદરશનમાં મોકલવા માંગે છે. જાણે તેને ઘેર મારી ફજેતી થઈ તે થોડી છે. સઘલાં લોકોની વચે તયાં મારૂં મોત થઇ ગયું. તે વેલાનો દેખાવ તમે જોયો હતે, તો જાણતે. એ ફજેતી લોકો વીસરે નહી, તયાં સુધી લંડનમાં મારે પગ મેલવો નથી."

નોરાને પેટ ભરતી ગાલ દેઇને લારડ એ—લંનડથી વીદાય થયો, અને ઘણી મુદતં સુધી દેશાવરો ખાતે ભટકયા કીધો. નોરાની વેર લેવાની રીત ખચીત નવાઇ સરખી હતી.

## વારતા સાતમી.

## વાંધામાં પડેલો ભરથાર.

પોતાની એક બીજી વારતા આપતાં, આ પરાધોની ખબર કહાડનારાં ખાનગી ખાતાં વાલો પેલો અમલદાર કહે છે કે, એક નવીજ કીસમનો મુકદમો એક આબરૂદાર સ્ત્રીએ એક દહાડે મારી આગલ રજુ કીધો. તે બોલી "એક ગ્રહસ્થ મારો ભરથાર હોવાનો દાવો કરેછે, પણ મને તેની ઉપર શકછે; માટે હું તમારી મદદ લેવા આવીછું."

મેં ધારયું કે આ બાઇનો ભરથાર લાંબો વખત દુરદરાજ મુલકમાં રહયો હશે તેટલાં તે-ણીએ બીજા સાથે લગ્ન કરયાં હશે, અને હવે ખરો ભરથાર આવી લાગવાથી, તેને તે ઉડાવા માંગતી હશે; પણ આગલ ચાલતાં મારી તરક મેં ખોટી પડેલી જોઇ.

મારી ફરમાશથી પોતાનો હેવાલ જણાવ-તાં તે બોલી, મારા વરને હું પોતે ઓલખવાને અશકત છું, એમ જાણી તમે અજબ થશો; પણ તેનું કારણ છે. અમો પરણવા પછી માત્ર ત્રણ મહીના સાથે રહયાં હતાં, અને ત્યાર પછી આજ ચઉદ વરસ થયાં અમે એકમેકને મલયાં

નથી. અમે પરણ્યાં, તયારે મારી વય માત્ર સો
લ અને તેની અઢાર વરસની હતી. અમારા સ-
ગા વાહાલાંઓને અમારાં લગ્ન વીશે કશી ખ-
બર હતી નહી, કેમકે અમે તદન છુપી રીતે પર
ણ્યાં હતાં. મારાં માબાપ ન હોવાથી, હું મારી
માશી ભેગી રહેલી હતી, અને તેણી જેટલી અ
મારાં લગ્નથી અજાણી હતી, તેટલાંજ અજાણાં
મારા વરનાં સગાં પણ હતાં. અમારાં લગ્ન
માત્ર બચ્ચાંની રમત સરખાં હતાં. મારો વર
નાદાન અને નોકરી ધંધા વગરનો છોકરો હતો,
અને મારૂં ગુજરાણ કરવાને અશકત હોવાથી,
પરણ્યા પછી કાંઇ બનયુંજ નહોય તેવી રીતે
અમે પોત પોતાને ઘરેજ રહ્યાં હતાં. ત્રણ ચાર
મહીના અમે માત્ર દીવસના બે ત્રણ કલાક એ
કમેકની સંગતમાં રહેતાં, અને તે સીવાયે બીજો
વધુ વહેવાર અમારી વચ્ચે હતો નહી. મારૂં ગુજ
રાણ કરવાને શકતીવાન થવાની ધારણાથી મારા
વરે આસ્ત્રેલીયા જવાનો વીચાર કીધો; અને
તેની પરણેલી હાલતથી અજાણ હોવાને લીધે,
તેના કુટુંબીઓએ તેને મુસાફરીનો ખરચ આ
પીને, તેની ધારણા સ્વીકારી. એ પઇસામાંથી
થોડાક મને આપીને, તે આસ્ત્રેલીયા ખાતે
રવાના થયો; અને અમો નાદાન ધણી ધણી-
યાણી છુટાં પડયાં."

મેં પુછ્યું. "પણ તમોને એકમેક સાથે પીછાણ કેમ પડી, અને એ નાદાન વયમાં પરણવાનો વીચાર તમને કેમ આવ્યો ?"

તે બોલી, "એક વરતમાન પત્ર, જેનો થોડોક ભાગ કુંવારાં સ્ત્રી પુરૂશો માટે પત્ર વેહવાર ચલાવાને અરથે રોકવામાં આવેછે, તે પત્ર મારફતે અમને પીછાણ પડી."

મેં પુછ્યું, "શું વરતમાન પત્રવાલાઓ ખરેખર એવી નાદાની કરેછે ?"

"ખચીતજ," તે બોલી. "અને તમને દાખલો જોઇતો હોયતો, મારોજ લેવો. એ પત્ર હતે નહી, તો અમો કાચી વયનાં લગ્ન જેવી નાદાનીમાં ફસતે નહી."

હું બોલ્યો, "અજબ જેવું છે કે, માબાપો એવાં નુકસાનકારક પત્રો પોતાનાં બચ્ચાંના હાથમાં જવા દેય છે. કેટલાં જોડાંઓનાં ભવીષય ઉપર એ પત્રથી માઠી અસર થતી હશે? ખરેખર જોતાં તો, એ પત્રનો લખનાર એક અધીપતી નહી, પણ એક વેષધારી કારજ કરનાર હોવો જોઇયે. પણ પ્રજાની નીતી ઉપર દેખરેખ રાખવાનું કાંઇ મારૂં કામ નથી, અથવા હું કાંઇ ઉપદેશક ભાષણ કરતા નથી, એટલે એ બાબત ઉપર વધારે હું બોલીશ નહી. હવે મને કહો કે, તમે તમારા ભરથાર સાથે કાંઇ પત્ર વહેવાર રાખતાં હતાં?

તે બોલી, "ત્રણ વરસ સુધી અમે ૧૨ મેલ જાયુક કાગજ લખતાં હતાં. પણ એ મુદ્દત પછી અંચીતા તેનાં કાગજો બંધ થયાં, અને તેથી મેંખી તેની પર લખવાનું માંડી વાલયું. હું બહુ નાદાન અને હુલડ છોડી હતી, એટલે પેહેલાં મને મારી નાદાની સમજાઇ નહી, પણ મારા વરનાં કાગજ બંધ થઈ જવા પછી મારી સુધ ઉઘડી. વલી હવે મારી ઉપર સારે સારે ઠેકાણેના માંગાં આવવા લાગાં, અને મારી કઢંગી હાલત વચે, તે ના પાડવા વીના બીજો છુટકજ ન હતો. એવી રીતે પેલાં કારજ કરનાર પત્રે મારી જીંદગી ખરાબ કરી છે. હું જાણતી નથી કે હું સોવાસણ છું, યા વીધવા."

"પણ આ નવા ધણી વીશે તમને શક રાખવાને શું કારણ છે?" મેં પુછયું.

"હું એના વીશે તદનજ ગુચવણમાં પડી છું. તે ઘણી વાતે મારા ભરથારને મલતો લાગે છે; અને મને તે ઘણાક ભરોશાદાર પુરાવા આપે છે. દેખીતી રીતે મને તેની સામે કાંઈ કારણ નથી, પણ મને મારા મનમાં કંઈ નહી સમજ પડે એવી રીતે લાગે છે કે, એ મારો ભરથાર નથી."

"તમારી પાસે કાંઇ તેનો ફોટોગ્રાફ છે,

"ફોટોગ્રાફ છે તે કંઇ ઘણો બરાબર નથી, તે ફોટોગ્રાફને આ ધણીનો ચેહેરો

ધાણો મળતો આવે છે. પણ તેનીપર મને કેમ નહીં વીશવાસ આવતો, તે વીશે મને અજાયબી લાગે છે. તેને કાંઇ કાંઇ જવાબો આપીને હું દુરનો દુરજ રાખું છું. પણ હવે તો તે બહુજ અધીરો પડી ગયો છે, અને ઉતાવળે પોતાનો હક મેળવવાની વાત કરે છે."

આ વાત સાંભળી મને બહુજ નવાઈ લાગી; અને તે બાઈની હકીકતમાં જલદીથીજ તપાસ ચલાવાનો મેં વીચાર કીધો. મેં તેણીના ભરથારનો ફોટોગ્રાફ માંગી લીધો; તથા તેનાં સગાવાહલાં વગેરેની ઓળખ પુછીને, તેણીને થોડા દીવસ કાંઈબી ઉપાય લેવા વીના ગાળી કાહાડવાની મેં ભલામણ કીધી. બેશક એ એક નવીજ કીસમનો બનાવ હતો. દેખાઇતી રીતે તો, આ નવો ધણી મારા કુલનો ધણી હોવો જોઇયે, પણ ત્યારે તેણીને શક શા માટે પડયો હશે ? પુરતા પુરાવા મળે તો, તેણી તેને પોતાના ભરથાર તરીકે બાહાલ રાખવાને તદન રાજી હતી. તેની લાંબી મુદતની ગેરહાજરીનાં કારણે, તેણી સુખેથી તલાક મેળવી શકતે; પણ તેમ કરવાને તે આતુર ન હતી. તે તો માત્ર એટલીજ કાલજી રાખતી હતી, કે દાવાદાર માટે પુરતા પુરાવા મળે. જો દાવાદાર તેણીનો ખરો ભરથાર હોય તો ઠીકજ; નહી તો તેને તેમ કરવાનું કારણ શું હશે ? પ્રખ્યાત ટીકબોરનવાળા

દાવાદારે એક મોટી મીલકત અને ખેતાબ માટે દાવો કરયો હતો, પણ આ દાવાદાર તો એક સ્રીનો હાથ મેલવવા માંગતો હતો.

મારૂં કુલ જેણીનું નામ મીસીસ એલ્સવરથી હતું, તેણી મારી પાસેથી ગયા પછી બીજેજ દીને, મેં તેણીના હાથના દાવાદારને જોયો. જે હોટલમાં તે રેહતો હતો તયાં હું ગયો, અને થોડાજ વખતમાં અમે વાતચીતમાં ઉતરયા. તે ખુલા સ્વભાવનો માણસ હોવાથી તેની ઓલખાણ કરતાં વીલમ લાગો નહી. સારા દેખાવનો, કેલવાયલો, અને મનપસંદ સ્વભાવનો તે માણસ હતો. એમ મત બાંધતાં મને વીલમ લાગો નહી. મે ધારયું કે, મારી કુલને જો વરજ જોઇતો હોય, તો આ માણસ ખરેજ તેણીને લાયકનો છે. તે મારી સાથે દરેક બાબત ઉપર સારી રીતે વાત કરતો હતો. પણ આસ્રેલીયા વીશે વાત કરવાને તે નાખુશ હોય એમ જણાયું.

બીજે દીને આરનડેલ, જયાં મારી કુલનાં સાસરીયાં સગાંઓ વસતા હતાં, ત્યાં હું ગયો. ત્યાંના એક જુના રેહવાશી સાથે વાતચીત કરતાં મને સઘલો ભેદ મલી આવયો. તે એ હતો કે, મીસીસ એલ્સવરથીનો ભરથાર તથા તેનો ભાઇ, એઓ બંને જણ સાથે આસ્રેલીયા ગયા હતા. ત્રણ વરસ તેઓ ત્યાં રહયા, તેટલાં વડો મી૦ એલ્સવરથી મરણ પામ્યો.

તેનો ભાઈ નાનો એલ્સવરથી આસ્ટ્રેલીયામાં વઈદાંનો અભયાસ કરીને સારી હાલતમાં રહયો હતો. તે પુરતી કમાઇ કરીને હાલ ઇંગલંડ પાછો ફરયો હતો; અને પોતાના મરનાર ભાઇની ખુબસુરત ધણીયાણી મેલવવાની ઇછા થવાથી તેનુંજ નામ તેણે ધારણ કરયું હતું.

લંડન પાછો ફરીને, મીસીસ એલ્સવરથીને મેં આ સઘલી વાત કહી. મારી સલાહથી તેણીએ પોતાના દેરની સાથે પોતે વાતચીત નહી કરતાં, તેને પોતાના વકીલોની મુનસફી ઉપર સોંપ્યો. વકીલોએ તેને સઘલી વાત કહી, અને તેણે પોતાની ઠગાઇ કબુલ કરી. પોતાની હકીકત જાહેર થયલી જોઈ તે જરા પણ ગભરાયો નહી. થંડે દેખાવે તે બોલ્યો, "મીસીસ એલ્સવરથીને હવે હું કદાચ મલી શકીશ નહી, માટે તમે ગમે તો તેણીને કહેજો કે, મારા મરનાર ભાઇએ તેણીની બહુ વખાણ કરવાથી, હું તેણીને જોવા ગયો, અને તેણીને જોતાજ હું મોહી પડવાથી, મેં તેણીને મેલવાવ માટે આ હીકમત કરી હતી તેણી મારી સાથ પરણતે, તો તે માટે તેને કદી પસતાવાનું કારણ મલતે નહી. મેં અલબતાં ખોટું કીધું, પણ પ્યારે મને બેફામ બનાવયો હતો, એજ મારો બચાવ છે."

## વારતા આઠમી.

# જવાન સ્ત્રી પરણનાર એક ડોસાની કાહણી.

ખાનગી ડીટેક્ટીવ ખાતાંનો પેલો વડો, ઘરડપણમાં જવાન સ્ત્રી પરણીને ફસી ગયલા એક ગરહસથની કહાણી વરણવતાં કહે છે કે, મારી પાસે કોઈ કોઈવાર લોકો નવાઈ સરખાં કામો લઈ આવે છે. એક દીવસે એક અધેર વયના ગરહસથે મહને આવીને કહ્યું. "મારી બઈરીની પરણવા આગમજની હાલત તથા વરતણુક વીશે મને ખબર જોઈયે છે."

ખચીત, આ એક નવાઈ સરખી માગણી હતી. અતયાર સુધી હું એમ માનતો હતો, કે લોકો પરણવા આગમજ પોતાની બઈરી વીશે જોઈતી પુછપરછ કરે છે; પણ અહીં તો તેથી ઊલટીજ વાત જણાતી હતી, આ ડોસાજી તો કેથા ઊતાવલે પરણીને, હવે ફુરસદે તે માટે પસતાવો કરવા બેઠા હતા. મારા અનુભવપરથી હું કહી શકીશ, અને હું ધારૂં છું કે તે અનુભવ ખોટો નથી, કે અરસપરસના પુરતા વીશવાસ વીના, પરણેલી જીંદગી કદી સુખમાં ગુજરે નહી. જરાબી શક ઉભો થયો અને

બેમાંથી એકનો પરણવા આગમજની જીંદગી વેલાના કાંઈ નાપસંદ બનાવો જાહેરમાં આવયા, એટલે તે કુટુંબમાં કંગાલીયત પગપેશારો કરે છે. મને ઉપલી નવાઇ સરખી ફરમાસ કરનાર ગ્રહસ્થના ચેહરાપર કંગાલીયતનો છાપ પડેલો હું જોતો હતો. તે બેચેનીથી પોતાના હાથ માની છત્રી અહીંથી તહી ફેરવતો હતો. જાણે આજને આજ તે પોતાની બધારીથી હાથ ધોવા માંગતો હોય. પણ તે બાપડાને ખબર ન હતી કે, એક બધારી મેલવવી સેહલ છે, પણ તેનાથી છુટા પડવું તેટલું સેહલ નથી.

મેં માહરા કુલને કહયું, "શેઠ, પોતાની ધણીયાણીની આગલી વરતણુક વીશે પકી તલાસ કરવા વીના લોકો પરણે છે એમ હું જાણતો ન હતો. તમારી ફરમાસે મને અચરતીમાં નાખયો છે."

"ભાઈ, મેં બેવકુફી તો જબરીજ કીધી, અને આ હવે તેનાં ફલ ચાખવાં પડે છે," તે બોલયો.

"પણ તમને તમારાં ધણીઆણી સાથે ઓલખાણ કોણે કરાવી?" મેં પુછયું.

લગાર અચકાઇને તે બોલયો, "એક કારજ કરનારે અમોને મેલવી આપયાં હતાં."

આ જવાબ સાંભલી, હું બહુ મુશકેલી થી મારૂં હસવું થોભાવી શકયો. જાણે કોઇ

વેપારની જીણસ ખરીદતા હોઇયે, તેમ એક ખાસ ધંધાદારીની મારફતે ખબરી મેલવવી, એ વીચાર ખચીત રમુજી હતો. એવા કારજ કરનારાઓને હાથે સંધાયલાં કોઇ જોડાં કદાચ સુખી નીવડતાં હોય, પણ ઘણું કરીને તો, પરણેલી જીંદગી સુખમાં ગુજારવાની ઇછા રાખનારાઓ માટે એવા આડતયાઓ ખચીત કામના નથી.

મારા રમુજી ઘરાકને મેં પુછયું, "શું તમને કોઈ સારી સ્ત્રીઓ નહી મલી, કે કારજ કરનારનો આસરો તમને શોધવો પડયો ?"

"અરે યાર, મારા કમબખ્ત શરમાલ સવભાવને લીધે મને બહુ ખમવું પડે છે," તે બોલ્યો. "જો કે, સુંદર સ્ત્રીઓની સંગત મને અકારી નથી, તોપણ તેઓ સાથે વાતચીત કરતાં, હું પાણી પાણી થઈ જાઉછું. કોઇપણ સ્ત્રીને પરણવાની માંગણી કરવાની મારી હીમત ચાલી શકી નહી, તયારેજ બીજાઓની મદદ મને લેવી પડી-

"શેઠ મને તમારો સઘલો હેવાલ કહો," મેં કહયું.

તેણે ચલાવયું, "હું જાતે સ્કાચમેન છું. મારો એક માતબર કાકો, જે હીંદુસ્તાનમાં રેહતો હતો, તેણે મને નોતરૂં કરવાથી, મારી

કેલવણી પુરી કરવા પછી તરતજ હું મારાં વતનથી હીંદુસતાન ખાતે જઇ રહયો હતો. તે મુંબઇમાં વેપાર કરતો હતો, અને તેની સાથે તેજ ધંધામાં મેં વીસ વરસ વેર કામ કીધું. તેને બઇરી છોકરાં કાંઈ હતાં નહી, અને હું સઉથી અતલગનો સગો હતો, એટલે તેનાં મરણ પછી તેની સઘલી દોલતનો ધણી હુંજ થયો. સઘલી સ્થાવર મીલકત વેચી સાટીને, રોકડા દોલત લેઇ હું ઇંગિલંડમાં આવી રહયો. અહીં હું સુખી જીંદગી ગુજારવા માંગતો હતો, પણ કમનસીબે એક ડાકણ સાથે મને ગાંઠ પડી છે, જે મારાં સગલાં સુખની આડે આવે છે. તેને લીધે જીંદગી મને એક બોજા સરખી થઇ પડી છે, અને હું તેનાથી જલદી છુટો પડીશ નહી, તો મારો જીવ મારા શરીરથી છુટો પડશે."

"તે સ્ત્રી તમને કેવી રીતે હેરાન કરે છે?" મેં પુછયું.

"સેંકડો રીતે તે મને દુખ દેય છે. પોતાની સઘલી ચાલાકી અને હીકમતો, મને દુખ દેવાના નવા નવા રસ્તા શોધી કહાડવામાં તે વાપરે છે. તે દાહડાને રાત બનાવે છે, અને રાતનું કામ દીવસે કરે છે. કોઇ થાકથી કંટાલીને આરામ લેવાને વીચાર કરે, ત્યારે તે ઊંઘમાંથી ઊઠીને પોતાને કામે વલગે છે. નોક-

રોને એ રીત પસંદ નથી, અને તેથી દર અઠવાડીયે નવા નવા નોકરો રાખવા પડે છે. તે મનમાનતો દારૂ પીયે છે, અને છાકટી થઇને તરેહવાર ઢોંગથી પોતાનું મન રીજવે છે. એક રાત માત્ર ગમતને ખાતર તેણે મારાં ઘરને આગ લગાડી દીધી હતી. તેની એવી વરતણુકને લીધે મારા આબરૂદાર મીત્રો અને ઓલખાણ પીછાણવાલાંઓ ઘરમાં પગ નથી મેલતાં. હલકી વરતણુકનાં સ્ત્રી પુરૂશોને તે રોજ જમવા તેડે છે, અને તેમને અટકાવાને હું કાંઇ કરી શકતો નથી. એક લુચ્ચા મોસતરીની તેણે દોસ્તી માંડી છે, અને ખુલ્લી રીતે તેની સાથે મારી ગાડીમાં બેશીને ફરે છે.

"તમો તલાક કાં નહી મેલવતા?"

"તલાક માટે મને કારણ નહી મલે, તેની તે પુરતી સંભાલ રાખે છે."

"તમો શમજુતીથી છુટાં કાં નહી પડતાં?"

"મારા ભાઈ, મેં સતરસો વખત એવી રીતે છુટા રહેવાનાં લખતો તઇયાર કરી તે પર તેણીની સહી માગી, પણ તે લખતો, તે નજરે પડતાંજ ફાડી નાખે છે.

"તેણીનાં કોઇ સગાવાહલાં વચે નહી પડી શકશે?"

"તેણીનાં ઘણાં આબરૂદાર સગાંઓ છે, એમ તેણીએ તથા પેલા ગુનેહગાર કારજ કરનારે મને ખાતરી આપી હતી, પણ તેઓને મેં નજરે કદી જોયાં નથી. માત્ર એક બુઢી દદા તેણીને વારંવાર સગી તરીકે મલવા આવેછે."

"વારૂં, હવે મને તમારાં કારજનો હેવાલ કહો."

"હીંદુસ્તાનથી પાછો ફરયો, તે વેલા મને પરણવાનો ઝાઝો વીચાર નહતો. માત્ર સારૂં શોભાયમાન ઘર લઇને અને તેમાં એક નાદર બગીચો બનાવી નીરાતે મારો વખત કહાડવાની મારી નેમ હતી. મેં એક સુંદર જાગીર ખરીદી ઉંચામાં ઉંચા ફરનીચરથી મારૂં મકાન, અને કીમતીમાં કીમતી ઝાડોથી મારો બાગ. મેં સીનગારયાં. તેવાજ સરસ ગાડી ઘોડા, એક અનુભવી દલાલની મદદથી મેં ખરીદયા. મને નોકરો પણ સારા તાબેદાર મલયા. બેશક તેઓ ચોરી કરવાની એક તક ચુકતા ન હતા, પણ પોતાની નોકરી તેઓ ઉલટથી કરતા હતા. મારા પાડોશીઓ અને મીત્રોની અદેખાઈ ઉશકેરે, એવી સુખી હાલત હું ભોગવતો હતો. પણ તે સુખ ઝાઝો વખત ટકયું નહી. જોનસ નામના એક કમબખ્ત મીતરે, તે સુખમાં પેહલી હરકત કરી. અલબતાં તે કાંઈ મારૂં બુરૂં ઇછિતો ન હતો,

પણ મારૂં સારૂં કરવાની નેમથી તેણે જે સલાહ આપી, તે મારાં સુખનો નાશ કરનાર નીવડી. જોનસ એક દીવસે મારે ત્યાં જમવા આવ્યો હતો. જમતાં જમતાં તે બોલ્યો, 'એક સ્ત્રીની સુંદર હાજરી વીના તારૂં બધું સુખ નકામું છે, દોસ્ત. જો તને પરણવાની મરજી ન હોય, તો એક ખુબસુરત અને સારી કેલવણીવાલી સ્ત્રીને તારા ઘરમાં કારભારણ તરીકે રાખ. તેમાં તને કશો જોખમ નથી.'

"મને આ વીચાર ઠીક લાગો, પણ તે અમલમાં કેમ લાવવો, તે સુજયું નહી. આથી તે માટે મેં જોનસનું મત પુછયું. તેણે લનડન ટાઇમસમાં એક જાહેર ખબર છપાવાની ભલામણ કીધી; અને તે જાહેર ખબર ઘડી કહાડવાનુંબી તેણેજ માથે લીધું. અમે જમી ઉઠયા પછી, તરતજ તેણે તે લખી કહાડી, અને વાંચી જોતાં, તે મને બહુજ સંતોષકારક જણાઈ. તે નીચે પ્રમાણે હતી:—

'"**જોઇયે છે—એક આબરૂદાર કારભારણ**—અઢાર વયનો એક ગ્રહસથ, જે પરણેલો નથી, અને જે લનડનની નજદીકમા રહે છે, તેની મોટી મીલકતનો કારભાર ચલાવવા માટે એક આબરૂદાર અને કેલવણી પામેલી કારભારણ જોઇયે છે. ઘણો સારો પગાર આપ-

વામાં આવશે. આ પત્રની મારફતે એ. બી. ને સરનામે લખીને પુછાવવાથી, વધુ વીગતો મલશે."

"મારાં સુખમાં વલી એક ઊમેરો થશે, એમ મલકાઇને મેં ઊતાવલે તે ખબર છપાવા મોકલી. મેં જાણ્યું કે, પરણવાની ખટપટ વગર એક આબરૂદાર સ્ત્રી મારૂં ઘર સીનગારશે. મારી જાહેર ખબરના જવાબ વાલનારાંઓ સાથે ગોઠવણ કરવાને મેં મારા વકીલને સોંપયું હતું, અને તેનું કામ કેમ ચાલે છે, તે જાણવા માટે બીજે દીને હું તેની આફીસમાં ગયો.

"વકીલની આફીસમાં પગ મેલતાંજ, ત્યાંના ઓટલા, દાદર, અને સઘલા ઓરડાઓ, સ્ત્રીઓથી ભરાઇ ગયલા જોઇ, હું તો વીચારમાંજ પડી ગયો. વીશથી પચાસ સુધીની તરેહવાર ઉમરની સ્ત્રીઓ તેમાં હતી. કેટલીકો ઘણી સુંદર, તો કોઈ મધયમ અને કોઇ તદન બેડોલ હતી. તેઓ વચેથી માંડ મુશકેલીએ રસતો કાઢીને હું મારા વકીલના ઓરડામાં દાખલ થયો. વકીલ તો ગુસાથી લાલ અને પીલો થઇ ગયલો હતો. તે સમજયો કે, મેં માત્ર તેની ઠેકડી કરવા માટે આ જાહેર ખબર છપાવી હશે, પણ મેં તેને પટાવીને ખાતરી આપી કે, મારા બાપ જનમમાં મેં કોઇની મશકરી કીધી નથી. જરા થં

ડો પડવા પછી, તે બોલ્યો કે, મેહેરબાની કરી હવે તમને કારભારણની જરૂર પડે તો તે કામ કોઈ બીજાને સોંપજો."

"આ બધી પીડા કેમ પતાવવી, તેના વીચારમાં અમે બંને રોકાયા. પચાસથીબી વધુ સ્ત્રીઓ મારા વકીલની આફીસમાં ભેગી મલી હતી, અને ત્રણસો તરફથી કાગજોનો ચોડો આવી પડયો હતો. પેહલાં તો મને એવો શક પડયો, કે જોનસે જાણી જોઇને મને આ પંચાતીમાં નાખ્યો, પણ તે તેવો માણસ હતો નહી, એટલે તેની સામેનો શક મેં દુર કીધો."

"અંતે, મારા વકીલે એક નાનું સરખુ ભાષણ કરીને સઘલી બાઇઓને રવાના કીધી. તેણે તેઓને જણાવયું કે, તેઓએ પોતાની લાયકાત વીશે લખીને જણાવવું, જાતે હાજર થઇને તસ્દી લેવાની તેમને કશી જરૂર ન હતી. બધીઓ આ સાંભલીને જતીતો રહી, પણ તેઓમાંની ઘણીકો બહુ ચીરડાયલી દીસતી હતી. તેઓ માનતી હતી કે, તેમની મશકરી કરવામાં આવી છે, અને તેથી જતી વેલા તરેહવાર ધમકીઓ આપતી ગઈ હતી. એકે તો વકીલને કહયું કે, થોડાજ વખતમાં આ મશકરીનો સવાદ, તને મારો ભાઇ દેખાડશે. આ સ્ત્રીઓની ખટપટો કાહડી, પણ પેલા કાગજ લ-

અનારીઓના જવાબ વાળવાનું માથે લેવાને મારા વકીલે નાપાડી. તે કાગળોનું શું કરવું તે વીશે હું જોનસની સલાહ લેવા ગયો. મેં તેને કહ્યું કે, ભાઈ, મારે આવી ખટપટ ન જોઇયે; કારભારણ વીના મને ચાલશે. પણ જોનસે તે કામ પોતાને માથે લીધું. પેલાં ત્રણસો કાગળોમાંથી અરધોક ડજન અટકલે ઊપાડી લેઇને, તે તેણે વાંચી જોયાં, અને તે લખનારીઓને જાતે મલીને તેમાની એકને તેણે પસંદ કરી મારી ઉપર મોકલી આપી. તેણીને જોઇને હું બહુ ખુશી થઈ ગયો. ત્રેવીશ વરસની જવાન, ખુબસુરત અને કેલવણી પામેલી તે સ્ત્રી હતી. હું મારી લાઇબ્રેરીમાં બેઠેલો હતો, તેવામાં તે જોનસ તરફથી ભલામણ પત્ર લેઇને મારી સામે આવી ઊભી. તેણીએ પોતાનું નામ મીસીસ કોલીનસ કરીને જણાવ્યું."

"'તમારો ભરથાર હઇયાત છે?' મેં પુછ્યું."

"'તે હઈયાત છે, પણ જબરો છાકટ છે, તેથી હું તેની સાથે રહેવા માંગતી નથી.'"

"'આતો બહુ કઢંગું. કદાચ તે અંહી આવીને ગડબડ કરે તો?'"

"'તે મારી ઇધાણી જાણતો નથી, એટલે તેના તરફથી મને ઝાઝી ચીંતા નથી.'"

" 'ઠીક છે, હું ઇચ્છું છું કે, આપણને કંઈ ખટપટમાં એંચાવું નહી પડશે,' મેં કહયું. પણ મારી તરફ ખોટી પડી. બીજેજ દીને એક છોકરા અને તોફાની શખશે મારા ઘરમાં આવીને ગરબડ કરવા માંડી, અને મીસીસ કોલીનસ રવાના થયાં.

"હવે બીજી કારભારણ શોધવાનો વીચાર મેં માંડી વાલ્યો. પણ, એક સુંદર સ્ત્રીની હાજરીથી મારાં ઘરની શોભા વધારવાની જોનસની સલાહ બીજીરીતે પાર પાડવાની મને ઇછા થવા લાગી. તે કેમ પાર પાડવી તેનો વીચાર કરતો રસતામાં એક દીને ચાલું છું, તેવામાં લગનનાં કારજોને લગતું એક વરતમાન પત્ર, એક છોકરાએ મારી આંખ સામે લાવી ધરયું અને તરતજ મેં તે વેચતું લેઇ વાંચવા માંડયું. તેમાં એક લગ્નનું કારજ કરનારી કંપનીને લગતી જાહેર ખબર હતી, જે મને ઘણીજ પસંદ પડી. મેં જોયું કે, મારા જેવા એકમારગી સ્વભાવના માણસ માટે આવા કારજકરનારાઓ ઠીક પડશે. કોઇ જવાન સ્ત્રીને પસંદ કરૂં, તેણીના હાથ માટે માંગણી કરવા જાઊં, વલી નાપસંદ જવાબનો જોખમ માથે હોરૂં, એ સઘલી ખટપટ મને પરવડે નહી, એટલે આવા એક ભાડુતી મદદગારને માથે સઘલી ખટપટ નાખીને આઇતી

બઈરી ઘેર લાવવી, એ કરતાં બીજો સારો રસતો કીયો હોય ? મેં તરતજ તે કારજ કરનારી પેહડી સાથે પત્ર વેહવાર ચલાવ્યો, અને થોડાજ વખતમાં તેઓએ મને તયાં તેડયો. એ નોતરૂં મોકલતી વેલા તેઓએ મને ખાતરી આપી હતી કે, તમોને બંધબેસતી બઈરી થોડાજ વખતમાં મલી શકશે. જાણે એકાદ બુટની જોડી વેચતો લેવાની હોય, તેવી સગવડે આ કામ થતું હતું. મેં વીચારયું કે, જો બઈરી આવી સેહલાઈથી મલી શકે છે એમ હું આગલથી જાણતો હતે, તો આટલા દીવશ કુંવારાપણાંમાં કદી નહી કાહડતે. હવે, એક સુંદર સ્ત્રી અને ગોલાબી બાલકોથી મારૂં ઘર ગાજી રેહવાના સવપના મને આવવા લાગા. પણ લગ્નની સોરતીમાં ફતેહ મેલવવાનું મારી સરજતમા નહી હતું.

"મારા આડતીયાઓને હું જઈ મલયો. તેઓના વડા ભાગયાએ મને આવકાર દીધો. તેની વાત ચીતમાં જણાયું કે, મને ઠેકાણે પડેલો જોવાને મારા કરતાં તે પોતે વધારે ઊતાવલમાં હતો. પરણેલી જીંદગીનાં સુખ વીશે તેની પોતાની ખાતરી થઇ ચુકેલી હતી, એટલે તે પોતાનાં દરેક ઘરાકને પરણાવવાની બહુ ઊતાવલમાં હતો. અલબતાં વગર સ્વારથે તો નહીજ. તેની

સાથે વાત કરતાં મને લાગ્યું કે, જાણે પરણેલી જીંદગીનાં સુખો વીશે દુનયામાં વાએજ કરવાનું તેણે માથે લીધું હોય. ઈશવર અને ધરમ વીશે એક મીશનરી જેટલી ગંભીરાઈથી બોલે, તેટલી ગંભીરાઈથી તે લગન વીશે બોલતો હતો. વાત ચીતમાં તે ધરમગુરૂને છાજતોજ દેખાવ કરતો હતો.

"આ ગ્રહસ્થે, થોડો વખત વાતચીત કરવા પછી આશરે પચીશેક વરસની એક જવાન વીધવા મને દેખાડી. દુનયાંનાં સુખ દુખનો અનુભવ પામેલી એક જવાન વીધવા સાથેજ પરણવાનો મારો વીચાર હતો, અને તેવીજ સ્ત્રી મારે માટે શોધી કાહાડવામાં આવી હતી. તે ઊંચાં કદની અને ખુબસુરત દેખાવની હતી. તેણીને દેખાડવા આગમજ મારા આડતીયાએ તેણીનું વરણુન મને મોહડેથી આપયું હતું, અને તે પછી કબુલાત કીધી હતી, કે પરણવાનું નકી થાય તો મારે ચોકસ રકમ ઈનામ આપવી. તે શરત કબુલીને પછી હું તે જવાન બાનુ આગલ ગયો. સ્ત્રીઓ સાથે ઝાઝા વેહવારમાં આવેલો નહી, એટલે આ ખુબસુરત અને ચાલાક દેખાતી સ્ત્રીને જોઈને હું તો પસીને ગરકાવ થઈ ગયો. તેણી સાથે શું વાત કરવી તેનો મને વીચાર આવયો નહી; પણ તેટલાં

તેણીએજ વાતચીત શુરૂ કરીને, મને નચીંત થવાની તક આપી.

"તે બોલી, 'એક કારજ કરનારાં ખાતાંની મદદ મેં લીધી, તે માટે તમે કશો હલકો વીચાર મારે માટે રાખશો ના. મારા પેહલા ધણીના મરણ પછી હું મંડલીમાં બીલકુલ ભેલાતી નથી, અને મારા સગાંઓબી મારેથી દુર દુર પડેલાં હોવાને લીધે, મેં આવાં એક ખાતાની મદદ લેવા સીવાય બીજો છુટક જોયો નહી. પેહલાં ફરીથી પરણવાનો મારો વીચાર નહી હતો, પણ મેં જોયું કે, કોઇબી ઘર સુખી કરવાના મારામાં ગુણો છે તે નકામાં પડવા દેવામાં સાર નહી. મને જણાવવામાં આવયું છે કે તમોએ માંગેલી લાયકાત થોડી ઘણી મારામાં છે.

" 'ખચીતજ' મેં કહયું, પણ તમો મારા માંગવા કરતાં ઘણાં વધારે ખુબસુરત છો."

" 'શેઠજી, ખુબસુરતી માત્ર બાહેરની જોવાનીજ છે. તમોએ તમારાં સુખ દુખની ભાગયણ પસંદ કરતી વેલા તેણીના ઊંડા ગુણો વીશે ખાતરી કરવી જોઇયે. મારી લાયકાતની પુરાવા આપે એવા ઘણા દસતાવેજો આપણા આડતીયાના હાથમાં છે, અને મોડેથી તમો જે પુછપરછ કરવા માંગતા હશો તેના જવાબ

આપવાને હું હાજર છું. લોકો પરણવા આગમજ એકમેકની પુરતી ઓળખ કરી લે, તો પાછલથી કશી ખટપટ તેમને પડે નહી.'"

"તેણીની આવી ડહાપણ ભરી વાતચીતથી હું તો છકજ થઇ ગયો. તેણીને કંશા સવાલો પુછવાની મને જરૂર દીસીજ નહી. એટલીજ વાતચીતમાં અમારી મુલાકાતનો છેડો આવયો. તે ગયા પછી મારો આડતયો બોલયો કે, દસ હજાર સ્ત્રીઓમાં એવી એક ભાગ્યે મલે, અને તે વેલા મારૂંબી મત તેવુંજ હતું. તેણીની ઓળખને લગતાં કાગજ પત્રો મારા આડતયાએ મને બતાવયાં અને તે ઊપરથી જણાયું કે, વેપારમાં ઘણું હાણું ખમીને તેનાં દુખથી મરણ પામેલા એક મોટા વેપારીની તે સ્ત્રી હતી. આ ઊપરથી મેં ધારયું કે, દુનયાંનાં સુખ દુખનો પુરતો અનુભવ પામીને તે ઘડાઇ ચુકી છે, એટલે તેવી સ્ત્રી ખચીતજ સારી નીવડવી જોઇયે. બસ હવે વધારે ખાતરી કરવાની મેં જરૂર જોઇ નહી. તેણીને એક વાર ફરીથી મળવા બોલાવીને અમે લગ્ન નકી કીધાં. થોડાંજ અઠવાડયાંમાં અમે પરણયાં; અને અમારા એજંટે મારાં ઈનામ અને બંને તરફથી મેલવેલી ધારા સરની ફીથી પોતાનાં ગજવાં ભરયાં. મારી બઇરીનાં કોઈ સગાં લગ્ન

વેલા આવયાં નહી, અને તેઓની ગેરહાજરીના તરેહવાર કારણો મારી બઇરીએ મને સમજાવ્યા તે મેં ખરાંજ માની લીધાં.

"પરણવા પછી મજાહ મારવા માટે બશાંઇટન ખાતે અમે ઉતરી પડયાં. એ અરસામાંજ, મારી બઇરીએ પોતાની કેટલીક વરતણુકો જણાવવા માંડી. મને રાતે સુવાના ઓરડામાં બીલકુલ અજવાલું પસંદ નથી, પણ તેણીએ મારી મરજીની દરકાર ન કરતાં, પોતાને અંધારાંની બીક છે એમ જણાવી, બતી રાખવા માંડી. રાતનાં કામ દીવસે, અને દીવશના કામ તેણીએ રાતે કરવા માંડયાં. હું આગલ રોજ દાહડી તથા થેબીયા બોરતો હતો, પણ મારી બઇરીને અસતરો જોતાં બીક લાગી આવેછે, એટલે મને દાહડી રાખવાની ફરજ પડી છે. વલી મારી બઇરી અવાર નવાર છાકટી થઇ તોફાન કરે છે. લફ્ગાં લોકો તેણીને મલવા આવેછે, અને હું ઘરનો ધણી છતાં, તેઓને અટકાવવાને અશકત છું."

મેં પુછયું, "તમે એ સઘલાંનો શું નીવેડો લાવવા માંગો છો?"

"મને લાગે છે કે, મારી બઇરી વીશેની મને મલેલી હકીકતમાં કાંઇ ખોટારૂં છે, માટે તમે તે વીશે તલાસ કરો તો હું આગલ પગ-

બાં ભરૂં. જો વાજબી કારણ મલે, તો છુટા છે-ડા કરીને એ પીડામાંથી હું મોકલો થઇ જાંઉ."

પોતાની ધણીઆણીનો ફોટોગ્રાફ તથા તેણીની ઓલખને લગતાં પેલા કારજ કરનાર પાસેથી મલેલાં કાગજો મને સોંપીને, ઘરડે ઘરડપણ બેવકુફ બનેલો મારો ઘરાક વીદાય થયો. જે વખતની હું વાત કરૂં છું, તે વખતે લગ્નનાં કારજ કરનારાં ખાતાંઓમાં બહુ લુ-ચાઇ ચાલતી હતી. ભોલા લોકોને ફસાવવા માટે આબરૂદાર દેખાવના જવાન સ્ત્રી પુરૂશો ને, એ ખાતાંવાલાઓ પોતાની નોંકરીમાં રા-ખતા હતા, અને એકેક સ્ત્રીને ખોટાં નામો આપીને, થોડા વખતમાં પાંચ છ પુરૂશો સા થે પરણાવતા, જે દરેક સાથે લગન કરીને, થોડી મુદતમાં તે નાસી જતી.

મારાં કુલે મને ખબર આપી હતી કે, એક લુચ્ચા મીસતરી સાથે તેની ધણયાણી બહુ મીત્રાચારી રાખે છે, માટે તે મીસતરીની ઉપર નજર રાખવાનો મેં ઠરાવ કીધો. પેહલાં તો તેની ઓલ મને બરાબર મલી શકી નહી, પણ તેટલાં આસપાસનાં બીજાં માણસો વીશે હું સારી ખબર મેલવી શકયો. મને જણાયું કે, મારાં કુલની સ્ત્રી ઘણાક લુચ્ચા પુરૂશો સાથે વેહવાર રાખતી હતી, અને તેમાં પેલી ઘરડી

સ્ત્રી, જેને વીશે આપણે આગલ જાણી ગયા છીયે, તે તેણીને મદદ કરતી હતી. તેના પડોશીઓ અજબ થતાં હતાં કે, મારૂં કુલ, આ સઘલું કેમ તામોશ કરી શકે છે; પણ હું તે બાપડાનો એકમારગી અને રાંક સ્વભાવ જાણુતો હતો, એટલે મને અજાયબી લાગી નહી. મેં જોયું કે, તેના ભલા અને ભોલા સવભાવનો બહુ અઘટીત લાભ લેવાય છે, અને તેનું વેર લેવાનો મેં નકી ઠરાવ કોધો.

અંતે એક દીવસે પેલા મીસતરી સાથે પણ મને મેલાપ થયો. તે એક પીઠાંમાં જતો નજરે પડતાંજ હુંબી તેની પાછલ ગયો. તે લગાર ભારોભાર થવા આવયો, એટલે મેં તેની સાથે વાતો કરવા માંડી. તેને થોડો થોડો દારૂ પાતો ગયો, અને તેની આગલી પાછલી વાતો પુછતો ગયો. એ વાતચીતમાં મને જોઇતી સઘલી વીગતો મલી આવી. મને જણાયું કે, તે મીસતરી મારાં કુલની સ્ત્રીનો હકદાર ભરથાર હતો; પણ પઇસાની લાલચે તેણીને બીજા સાથ તેણે પરણવા દીધી હતી. તેણીએ આગલ એક ખુન કરયું હતું, અને સતાવાલાઓના હાથમાંથી છટકતી ફરતી હતી. પેલી ઘરડી ડોસી, જે તેણીનાં સઘલાં કામોમાં મદદ કરતી હતી, તે તેણીની સગી મા થતી હતી.

આ સઘલી વીગત મેં મારાં કુલને કહી અને તે સેહલાઈથી તલાક મેલવી શકયો. તેની ઠ-ગારી સ્ત્રી પોતાનાં સાથીઓ સહીત ઘટતે ફેંસલે પુગી. હું સમજયો કે, એક વાર પરણીને મારૂં કુલ પુરતો ધરાયો હશે, પણ તેમ નહી હતું. તલાક મેલવવા પછી થોડેજ દીવસે તે ફરીથી પરણયો. મારી સેવા તે ભુલયો ન હતો. મારી મેહનતનો પુરતો લવાજમ આપવા ઊપરાંત, એક કીમતી જહવેરથી મહડેલી તપકીરની દાબ-ડી તેણે મને ભેટ આપી હતી.

સમાપ્ત.